પાના ૮, કિંમત રૂ.૨, તા. ૨૧-૦૮-૨૦૨૬-શુક્રવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૨૧૫ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# જયપુરમાં CJP પ્રવક્તા આશુતોષને મારી મારીને ભગાડ્યો

## કોકરોચ જનતા પાર્ટીના પ્રવક્તા આશુતોષ રાંકા સ્કૂલનું નિરીક્ષણ કરવા પહોંચતા ગ્રામ્યજનો વિફર્યા

નવી દિલ્હી, તા. ૨૧

રાજસ્થાનમાં કોકરોચ જનતા પાર્ટી (CJP) દ્વારા સ્કૂલની મુલાકાત લેવાનો વિરોધ શરૂ થઈ ગયો છે. જયપુરમાં શુક્રવારે સવારે લગભગ ૧૦ વાગ્યે બગરુની સરકારી પ્રાથમિક સ્કૂલ રામપુરા કંવરપુરાનું નિરીક્ષણ કરવા પહોંચેલા CJPના પ્રવક્તા આશુતોષ રાંકા અને તેમના સાથીઓને ગ્રામજનોએ માર મારીને ભગાડી દીધા. તેમના પર પથ્થરમારો પણ કરવામાં આવ્યો હતો.

રાંકાએ ભાજપના કાર્યકરો પર મારપીટનો આરોપ લગાવ્યો છે. તેમણે કહ્યું કે હુમલામાં ગાડીઓના કાચ અને મોબાઈલ તોડવામાં આવ્યા, એક મહિલા સાથે મારપીટ થઈ અને તેનો શર્ટ ફાડી નાખવામાં આવ્યો. ટીમના એક સભ્યને હાથ ફ્રેક્ચર થયું છે.રાંકાએ કહ્યું, 'આ શિક્ષણ મંત્રી મદન દિલાવરના કહેવા પર થયું છે. ૪૮ કલાકનું અલ્ટીમેટમ આપી રહ્યા છીએ. હુમલાખોરોની ધરપકડ થાય અને સ્કૂલ નિરીક્ષણ રોકવાનો આદેશ પાછો ખેંચવામાં આવે. જો આવું નહી થાય તો સમગ્ર રાજસ્થાનમાં આંદોલન કરીશું અને દિલાવરના રાજીનામાની માંગ કરીશું.'CJPનો જયપુરમાં બે સરકારી સ્કૂલની મુલાકાત લેવાનો પ્લાન છે. આ ક્રમમાં CJPના કેટલાક કાર્યકરો સવારે ૮ વાગ્યે રામપુરા કંવરપુરા પહોંચ્યા. અહીની સ્કૂલને જર્જરિત ઈમારતને કારણે બંધ કરી દેવામાં આવી છે. બાળકોને નજીકના એક વાડામાં ભણાવવામાં આવી રહ્યા છે.માહિતી અનુસાર, લોકોએ પહેલા CJP કાર્યકરોને બહાર કાઢ્યા. પછી CJPના વિરોધમાં નારા લગાવતા સરકારી સ્કૂલની બહાર ધરણા પર બેસી ગયા. ગામના મુખ્ય રસ્તાને ટ્રેક્ટર ટ્રોલી આડી રાખીને રોકી દેવામાં આવ્યો.ગ્રામજનો અને ભાજપના કાર્યકરોનું કહેવું છે કે, 'અમે આ સ્કૂલને અમારા સ્તરે ઠીક કરાવી લઈશું. સરકારે ૧૨.૫૦ લાખ રૂપિયા મંજૂર પણ કરી દીધા છે. અમે કોઈ પણ બહારની વ્યક્તિને અહીં આવવા દઈશું નહી. કોકરોચ અહીં આવીને ગંદકી કરવા માંગે છે, જેને અમે કોઈ પણ સંજોગોમાં સહન નહી કરીએ.'ગ્રામીણ જુગલ કિશોર શર્માએ કહ્યું- અમે કંઈ કર્યું નથી. તેઓ સળિયા લઈને આવ્યા. ઓછામાં ઓછા ૨૦૦-૨૫૦ લોકો આવ્યા હતા. અમે તેમને કોઈ ઈજા પહોંચાડી નથી. અમે તેમની સાથે શાંતિપૂર્વક વાત કરી, પરંતુ તેઓએ પોતાની જ ગાડી તોડી નાખી.તેઓ સ્કૂલનું સમારકામ કરાવવા આવ્યા હતા. પરંતુ સ્કૂલના સમારકામનું કામ અમારા ધારાસભ્ય દ્વારા કરાવવામાં આવશે, જેના માટે ૧૨ લાખ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે.અમે અહી ભાજપ કે કોંગ્રેસ સિવાય અન્ય કોઈ પાર્ટીને આવવા દઈશું નહી.





# કુર્લામાં ક્રેન તૂટીને મકાનો પર પડતા ૪૦ લોકો ઈજાગ્રસ્ત

### કુરેશી નગરમાં ડિમોલિશન હાથ ધરાય તે પહેલાંજ સર્જાયો અકસ્માત

નવી દિલ્હી, તા. ૨૧

મુંબઈનાં કુર્લા સ્થિત કુરેશી નગરમાં આજે વહેલી સવારે એક મોટી ક્રેન ધરાશાયી થતાં ભારે અફરાતફરી મચી ગઈ છે. મહારાષ્ટ્ર હાઉસિંગ એન્ડ એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી (MHADA) દ્વારા આ વિસ્તારમાં દબાણ હટાવવા અને ડિમોલિશનની કામગીરી શરૂ કરવાની તૈયારી ચાલી રહી હતી. આ કામગીરી માટે જ્યારે પોકલેન મશીનની મદદથી ક્રેન ગોઠવવામાં આવી રહી હતી ત્યારે જ બેલેન્સ બગડતાં તે સીધી નીચે આવી પડી હતી.

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC)ના એલ-વોર્ડના અધિકારીઓનાં જણાવ્યાં મુજબ, ક્રેન તૂટી પડતાં જ બાજુમાં આવેલી કેટલીક ઝૂંપડીઓ અને મકાનો તેની ઝપેટમાં આવી ગયા હતા.



ક્રેનનો એક ભાગ કુર્લા અને ટ્રોમ્બે વચ્ચેની સિંગલ લોકલ/માલગાડી રેલવે લાઈનના ઓવરહેડ ઈલેક્ટ્રિક વાયર પર પડ્યો હતો. જોકે, આ ટ્રેક પર મુખ્યત્વે માલગાડીઓ જ ચાલતી હોવાથી સામાન્ય પેસેન્જર ટ્રેન વ્યવહાર પર કોઈ મોટી અસર પડી નથી.

સ્થાનિક પ્રશાસન અને રાહત ટુકડીઓએ તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરી હતી. આ દુર્ઘટનામાં કુલ ૬ ઈજાગ્રસ્તોને સાયન હોસ્પિટલમાં અને ૨ લોકોને કુર્લા ભાભા હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં છે. ડોક્ટરોના જણાવ્યાં અનુસાર

અનુસંધાન પાના ૭ પર

# લિવ-ઈન રિલેશનશિપ લગ્ન સમાન છે : દિલ્હી હાઈકોર્ટ

### પરસ્પર સંમતિથી સાથે રહેતાં પુખ્ત વયનાં કપલના નિર્ણયમાં કોઈ દાખલ ન કરી શકે : કોર્ટ

નવી દિલ્હી, તા. ૨૧

દિલ્હી હાઈકોર્ટે કહ્યું છે કે, પરસ્પર સંમતિથી લિવ-ઈન રિલેશનશિપમાં રહેતાં પુખ્ત વયનાં લોકોનો સંબંધ લગ્ન સમાન છે. તેમનાં નિર્ણયમાં માતા-પિતા, સગા-સંબંધીઓ કે મિત્રોને દખલ કરવાનો કે તેમનાં જીવને જોખમમાં મૂકવાનો અધિકાર નથી. કોર્ટે આ ટિપ્પણી કરતાં પરિવાર તરફથી ધમકીઓનો સામનો કરી રહેલાં એક લિવ-ઈન કપલને પોલીસ સુરક્ષા પૂરી પાડવાનો નિર્દેશ આપ્યો હતો.કોર્ટે કહ્યું કે, બંને પક્ષો સંમતિ આપવાની ઉંમર ધરાવતાં પુખ્ત વયનાં છે અને તેમને પોતાની પસંદગીનાં પાર્ટનર સાથે રહેવાનો અને જીવન વિતાવવાનો અધિકાર છે. કોઈને પણ તેમનાં નિર્ણયમાં અવરોધ ઊભો કરવાનો અથવા તેમનાં જાન-માલ અને સ્વતંત્રતાને જોખમમાં મૂકવાનો અધિકાર નથી.

સંમતિથી લગ્ન કરનારા પુખ્ત વયનાં લોકોનાં વિવાહને જ્ઞાતિ, પંથ, રંગ, ધર્મ કે આસ્થાના આધારે અલગ કરી શકાય નહીં. બંધારણ તરફથી મળેલાં મૂળભૂત અધિકારોને 'સામાજિક નૈતિકતા અને પૂર્વગ્રહો'ના નામે સીમિત કરવા એ વ્યક્તિને તેની સ્વતંત્ર ઓળખથી વંચિત કરવા સમાન છે.

# લાયસન્સની મુદત ૧૫ વર્ષ કરવા સરકારે તૈયારી દાખવી

### લાયસન્સ રાજ સમાપ્ત કરવા સરકારના પ્રયાસ

નવી દિલ્હી, તા. ૨૧

દેશમાં સામાન્ય લોકોથી માંડીને વેપાર-ઉદ્યોગમાં પીડાદાયક કાયદાકીય ઝંઝટ હળવી કરવાની દિશામાં સરકારે ચક્રો ગતિમાન કર્યા છે. લાયસન્સ રાજ ખતમ કરવાના ઈરાદે વિવિધ વિભાગોમાંથી મેળવાતા લાયસન્સની મુદત ૧૫ વર્ષ સુધીની કરવા વિચારણા શરૂ કરી છે.

કેન્દ્ર સરકારનાં માહિતગાર સુત્રોએ કહ્યું કે પર્યાવરણ, ડ્રગ્સ, એકસપ્લોઝીવ બીઆઈએસ (બ્યુરો ઓફ ઈન્ડીયન સ્ટાન્ડર્ડ) સહિતના વિભાગોના કાર્યક્ષેત્રમાં આવતા લાયસન્સ માટે સરળતા વિશે વિચારણા છે. હોસ્પીટાલીટી ક્ષેત્રનું ઉદાહરણ ટાંકવામાં આવે તો આ ક્ષેત્રનાં સાહસીકને કેન્દ્ર રાજય તથા સ્થાનીક તંત્ર પાસેથી કુલ મળીને ૬૦ લાયસન્સ લેવા પડે છે અને વખતોવખત રીન્યુ કરાવવા પડે છે.

બીઆઈએસ લાયસન્સ ૧ થી ૫ વર્ષ સુધીની મુદતના જ હોય છે. લાયસન્સ પ્રથા જ બંધ કરાવવાનું વિચારાયું હતું પરંતુ સમીક્ષામાં તે યોગ્ય જણાયુ ન હતું અને તેના વિકલ્પમાં જુદા જુદા લાયસન્સ આજીવન આપવા વિચારણા થઈ હતી તેમાં પણ વાંધા-સુચનો રજુ થયા હતા. તેને ધ્યાને રાખીને હવે ૧૦ કે ૧૫ વર્ષના લાંબા ગાળાના લાયસન્સ આપવાનો વિકલ્પ પસંદ કરાયો છે. તેમાં સંબંધીત ચર્ચાની સહમતી પણ બની છે.

નીતિ આયોગનાં સભ્ય અને પૂર્વ કેબીનેટ સચીવ રાજીવ ગૌબાના નેતૃત્વ હેઠળની ઉચ્ચ સ્તરીય કમીટી સમગ્ર કવાયત કરી રહી છે. ઓગસ્ટ ૨૦૨૫ માં તેનું ગઠન કરાયું હતું. કેન્દ્ર સરકારનાં નિયમનો-નિયંત્રણો-લાયસન્સ, મંજુરી વગેરે પ્રક્રિયાની સમીક્ષા કરવા કહેવાયું હતું.સુત્રોએ કહ્યું કે, મંત્રાલયો જ સમગ્ર કવાયતમાં સામેલ હતા એટલે નિયમો હળવા કરવાની ભલામણનો અમલ ચાલુ નાણાંકીય વર્ષમા જ થઈ જવાનું માનવામાં આવે છે. સુચિત સુધારા અંતર્ગત વેપાર-ઉદ્યોગોને દર વર્ષે નિયત ફી ભરવી પડશે પરંતુ

અનુસંધાન પાના ૭ પર

# પેરુમાં ૬.૫ની તિવ્રતાનો ભૂકંપ કોઈ જાનહાની થઈ નથી

### દક્ષીણ પેરુના અનેક પ્રાતમાં ભૂકંપના આંચકા અનુભવાયા

નવી દિલ્હી, તા. ૨૧

પેરુના દક્ષિણ ભાગમાં ગુરુવારે ૬.૭ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો. ભૂકંપથી નુકસાનના કોઈ સમાચાર મળ્યા નથી.ભૂકંપ સ્થાનિક સમય અનુસાર બપોરે ૧ વાગ્યે (ભારતીય સમય અનુસાર રાત્રે ૧૧:૩૦ વાગ્યે) આવ્યો હતો.તેનું કેન્દ્ર આયાકુચો ક્ષેત્રના પેરિનાકોચાસ પ્રાંતમાં ઉપાહુઆચો શહેરથી ૩૮ કિલોમીટર ઉત્તર-પશ્ચિમમાં હતું.ભૂકંપની ઊંડાઈ ૬૬.૭ કિલોમીટર હતી. દક્ષિણ પેરુના ઘણા વિસ્તારોમાં તેના આંચકા અનુભવાયા હતા, જેમાં ઈકા અને અરેક્વિપાનો પણ સમાવેશ થાય છે.પેરુ પ્રશાંત મહાસાગરના રિંગ ઓફ ફાયરનો ભાગ છે. આ વિસ્તાર ભૂકંપીય ગતિવિધિઓ માટે જાણીતો છે, તેથી અહી અવારનવાર ભૂકંપ આવે છે.વર્ષ ૨૦૦૭માં ઈકા ક્ષેત્રના એક પ્રાંતમાં ૭.૯ તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. તેમાં લગભગ ૬૦૦ લોકોના મોત થયા હતા.આ વર્ષે વેનેઝુએલામાં સૌથી મોટો ભૂકંપ આવ્યો. ૨૪ જૂને ૭.૨ની તીવ્રતાથી આવેલા ભૂકંપમાં ૬ હજારથી વધુ લોકોના મોત થયા હતા. આ ઉપરાંત કોલંબિયામાં ૧૦ ઓગસ્ટે આવેલા ભૂકંપમાં ૭૦થી વધુ લોકોના જીવ ગયા હતા.

# છત્તીસગઢમાં કૃષિ યુનિવર્સિટીનું પેપર લીક

### પરીક્ષા શરૂ થયાના બે કલાક પુર્વેજ વોટ્સએપ પર ફરવા લાગતા પરીક્ષા રદ

નવી દિલ્હી, તા. ૨૧

પાટનગર દિલ્હીના જંતરમંતરથી માંડીને ઝારખંડમાં પેપરલીક મુદ્દે ચાલેલા આંદોલન માંડ શાંત થયા છે ત્યાં હવે છતીસગઢની ઈન્દીરા ગાંધી કૃષિ યુનિવર્સિટીમાં પેપર લીક થતા પરીક્ષા રદ કરી દેવામાં આવી છે અને તપાસ માટે ચાર સભ્યોની કમીટીનુ ગઠન કરવામાં આવ્યુ છે.

રાયપુર સ્થિત ઈન્દિરા ગાંધી કૃષિ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં બીએસસીના બીજા વર્ષની પરિક્ષાનુ પેપર પરીક્ષા શરૂ થયાના બે કલાક પહેલા જ વોટસએપ-સોશ્યલ મીડીયા પર ફરવા લાગ્યુ હતું.આ




ફરિયાદ મળતા જ યુનિવર્સિટીનુ તંત્ર એકશનમાં આવી ગયુ હતું. પરિક્ષા રદ કરીને ચાર સભ્યોની તપાસ સમીતીની રચના કરવામાં આવી હતી. યુનિવર્સિટી સંલગ્ન ૩૩ કોલેજોમાં 'કૃષી કીટવિજ્ઞાન' વિષયની પરીક્ષા હતી તે રદ કરવામાં આવી હતી.યુનિવર્સિટીએ કરેલી જાહેરાત પ્રમાણે રદ કરાયેલી પરિક્ષા હવે સપ્ટેમ્બરના પ્રથમ સપ્તાહમાં લેવામાં આવશે. મુખ્યમંત્રી વિષ્ણુ દેવ સાયએ કહ્યું કે પેપરલીકના દોષિતો સામે આકરી કાર્યવાહી કરવામાં આવશે.

યુનિવર્સિટીના એક સીનીયર અધિકારીએ કહ્યું કે, ૧૦ વાગ્યે પરિક્ષા શરૂ થાય તે પુર્વે સવારે ૯ વાગ્યે જ પેપરલીક થયુ હોવાની ફરિયાદ કરતો ઈ-મેઈલ યુનિવર્સિટીના ડીનને મળ્યો હતો. જો કે, સાથે પ્રશ્નપત્ર ન હતુ.

આ દરમ્યાન વિદ્યાર્થીઓના વોટસએપ ગ્રુપમાં પ્રશ્નપત્ર ફરતુ હોવાનુ માલુમ પડયુ હતું. તપાસમાં એવુ જણાયુ હતુ કે વોટસએપમાં ફરતુ આખુ પ્રશ્નપત્ર વાસ્તવિક પેપર સાથે મેળ ખાતુ ન હતું છતાં ૭૦ ટકા પ્રશ્ન એક સરખા હતા. તેના આધારે પરિક્ષા રદ કરવા તથા તપાસ માટે કમીટી રચવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. કમીટીના તપાસ રિપોર્ટના આધારે યોગ્ય કાર્યવાહી કરાશે.

પેપર લીકની આ ઘટનાને પગલે રાજકારણ પર ગરમાયુ છે. કોંગ્રેસ દ્વારા ભાજપ સરકાર પર પ્રહાર કરીને ઘટનાને ચિંતાજનક ગણાવવામાં આવી છે. કોંગ્રેસ પ્રવકતા વંદના રાજપૂતે કહ્યું કે પેપરલીકની ઘટના પરિક્ષા સીસ્ટમની માત્ર નિષ્ફળતા જ નથી પરંતુ હજારો વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડા છે.

# પંજાબ બંધના એલાનમાં તમામ ખાનગી સ્કૂલો બંધ

### પઠાણકોટ, જલંધર, લુધિયાણામાં બંધની મિશ્ર અસર

નવી દિલ્હી, તા. ૨૧

કૌમી ઈન્સાફ મોરચા તરફથી આજે (૨૧ ઓગસ્ટ) સવારે ૭ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી પંજાબ બંધ છે. બસના પૈડા થંભી ગયા છે. તમામ પ્રાઈવેટ સ્કૂલોમાં રજા જાહેર કરવામાં આવી છે. જોકે, ટ્રેનો પર હજુ સુધી કોઈ અસર જોવા મળી નથી.ખરડ-ચંદીગઢ હાઈવે બંધ કરી દેવામાં આવ્યો છે. અહી ડ્યુટી પર જતા લોકોની મોરચાના સભ્યો સાથે દલીલ થઈ હતી. જલંધર, પઠાણકોટ અને લુધિયાણામાં બંધની મિશ્ર અસર જોવા મળી રહી છે. અહી કેટલીક જગ્યાએ બજારો સંપૂર્ણપણે બંધ છે તો ઘણી જગ્યાએ દુકાનો ખુલ્લી છે.

મોરચો સજા પૂરી થયા પછી પણ જેલમાં બંધ શીખોની મુક્તિ અને પૂર્વ CM બેઅંત સિંહની હત્યાના દોષિત જગતાર હાવરાના પેરોલની માંગ કરી રહ્યો છે.

સ્કૂલો-કોલેજ: ચંદીગઢ-મોહાલીની કેટલીક સ્કૂલો બંધ કરવામાં આવી છે. પ્રાઈવેટ સ્કૂલ એસોસિએશને પણ રજા રાખવા અપીલ કરી છે.

બજાર અને દુકાનો: મુખ્ય બજારો, શોપિંગ મોલ, જથ્થાબંધ બજારો અને અન્ય વ્યાપારી સંસ્થાઓ બંધ રાખવા અપીલ કરવામાં આવી છે. ચંદીગઢ-

અનુસંધાન પાના ૭ પર

# ટૂંકમાં હોર્મુઝ પર સંપૂર્ણ કબજો કરી લેશે અમેરિકા

### ઈરાનમાં નેતૃત્વના આભાવના કારણે કરાર સુધી પહોંચવું મુશ્કેલ છે : ટ્રમ્પ

વોશિંગ્ટન, તા. ૨૧

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું છે કે અમેરિકાએ ઈરાન સાથે જોડાયેલા વ્યૂહાત્મક જળમાર્ગો "વર્ચ્યુઅલી નિયંત્રિત" કર્યા છે અને ટૂંક સમયમાં તેમના પર સંપૂર્ણ નિયંત્રણ મેળવશે. તેમણે પુનરોચ્ચાર કર્યો કે ઈરાનને ક્યારેય પરમાણુ શસ્ત્રો મેળવવાની મંજૂરી આપવામાં આવશે નહીં. તેમના ભૂતપૂર્વ અંગત વકીલ, માઈકલ કોહેન સાથેની મુલાકાતમાં, ટ્રમ્પે ઈરાન સામેની તેમની લશ્કરી કાર્યવાહીનો બચાવ કર્યો. તેમણે સ્વીકાર્યું કે સંઘર્ષને કારણે અમેરિકનોને ગેસોલિન અને ઊર્જાના ભાવમાં વધારો થઈ શકે છે. ૭૭ WABC રેડિયો પર પ્રસારિત એક મુલાકાતમાં, ટ્રમ્પે કહ્યું, "હવે, ઈરાન સાથે, તેમની પાસે ક્યારેય પરમાણુ શસ્ત્રો રહેશે નહીં. અમે આ જળમાર્ગો પર વર્ચ્યુઅલ રીતે નિયંત્રણ મેળવી લીધું છે અને ટૂંક સમયમાં સંપૂર્ણ નિયંત્રણ મેળવીશું. અમે ઈરાન સાથે ખૂબ સારું કામ કરી રહ્યા છીએ."

ટ્રમ્પે ચાલુ મુલાકાતમાં કોઈ ચોક્કસ જળમાર્ગોનું નામ લીધું નથી. તેમણે કહ્યું કે ઈરાનની નૌકાદળ, વાયુસેના અને નેતૃત્વ નોંધપાત્ર રીતે નબળા પડી ગયા છે, જેના કારણે કરાર સુધી પહોંચવું મુશ્કેલ બન્યું છે.

ટ્રમ્પે કહ્યું, "સમસ્યાનો એક ભાગ એ છે કે તેમના ઘણા નેતાઓ હવે આસપાસ નથી. કોઈ કરાર પર પહોંચવું સરળ નથી. કોઈને ખાતરી નથી કે કોણ નેતૃત્વ કરી રહ્યું છે."

તેમણે દલીલ કરી હતી કે ઈરાનને પરમાણુ શસ્ત્રો પ્રાપ્ત કરતા અટકાવવાનું એટલું મહત્વપૂર્ણ છે કે અમેરિકન ગ્રાહકો માટે કેટલાક વધારાના ખર્ચ પણ વાજબી છે.

અનુસંધાન પાના ૭ પર

# જેલમાંથી ઈમરાન ખાનને હોસ્પિટલમાં દાખલ કરાયા

### શિફા ઈન્ટરનેશનલ હોસ્પિટલની આસપાસ કડક સુરક્ષા

ઈસ્લામાબાદ, તા. ૨૧

પાકિસ્તાનના ભૂતપૂર્વ વડા પ્રધાન ઈમરાન ખાનને ગુરુવારે મોડી રાત્રે રાવલપિંડીની અદિયાલા જેલથી ઈસ્લામાબાદની શિફા ઈન્ટરનેશનલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ, સંપૂર્ણ તબીબી તપાસ અને સારવાર સુનિશ્ચિત કરવા માટે આ પગલું લેવામાં આવ્યું હતું. ખાનના હોસ્પિટલમાં આગમન સમયે, સુરક્ષા કારણોસર સમગ્ર પરિસરમાં કડક પ્રતિબંધો લાદવામાં આવ્યા હતા. હોસ્પિટલની મુખ્ય લાઈટો બંધ કરવામાં આવી હતી, ફરજ પરના કર્મચારીઓના મોબાઈલ ફોન જપ્ત કરવામાં આવ્યા હતા, અને દરવાજાની બહાર મીડિયા કર્મચારીઓને સુરક્ષા ઘેરામાંથી દૂર કરવામાં આવ્યા હતા. કોર્ટ હસ્તક્ષેપ અને તબીબી અહેવાલકોર્ટમાં રજૂ કરાયેલા તબીબી અહેવાલમાં ભૂતપૂર્વ વડા પ્રધાનના બ્લડ પ્રેશરમાં વધઘટ, અસામાન્ય હૃદયના ધબકારા અને ભારે માનસિક તણાવનો ખુલાસો થયો હતો. ખાનગી ડોકટરો દ્વારા તપાસ કરવાની પરિવાર અને કાનૂની ટીમની માંગને પગલે, સુપ્રીમ કોર્ટે તેમને હોસ્પિટલમાં દાખલ કરવા અને ડોકટરોના એક ખાસ તબીબી બોર્ડની રચના કરવાનો આદેશ આપ્યો હતો.


અનુસંધાન પાના ૭ પર

# મોહન ભાગવત તા. ૨૫મીથી કેનેડા, અમેરિકા અને ઈંગલેન્ડની મુલાકાતે

### ત્રણ દેશોમાં આરએસએસ વડા વસુધૈવ કુટુંબકમનો સંદેશ આપશે

નવી દિલ્હી, તા. ૨૧

વોશિંગ્ટનઃ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) ના વડા મોહન ભાગવત ૨૫ ઓગસ્ટથી ત્રણ દેશો (યુનાઈટેડ સ્ટેટ્સ, કેનેડા અને યુનાઈટેડ કિંગડમ) ની મુલાકાત લેશે. આ મુલાકાત RSS તેની શતાબ્દી ઉજવી રહ્યું છે તે સમયે આવી રહી છે. RSS અનુસાર, ભાગવતને આ દેશોમાં ભારતીય ડાયસ્પોરા સાથે સંકળાયેલા સ્થાનિક સંગઠનો અને સંસ્થાઓ દ્વારા આમંત્રણ આપવામાં આવ્યું છે. આ કાર્યક્રમને રક્ષા બંધન સાથે પણ જોડવામાં આવી રહ્યો છે, અને આયોજકો તેને "વસુધૈવ કુટુંબકમ" ની ભારતીય ખ્યાલ સાથે જોડી રહ્યા છે, જેનો અર્થ થાય છે કે સમગ્ર વિશ્વ એક પરિવાર છે. અગાઉ, ૧૦૦ થી વધુ કેનેડિયન હિન્દુ અને નાગરિક સ્વતંત્રતા સંગઠનોએ વડા પ્રધાન માર્ક કાર્નેની સરકારને RSS વડા મોહન ભાગવતને કેનેડાની મુલાકાત લેવાની મંજૂરી આપવા વિનંતી કરી હતી, તેમને પ્રવેશ માટે ગેરલાયક ઠેરવવાના દાવાઓને નકારી કાઢ્યા હતા.



કાર્ને અને ત્રણ વરિષ્ઠ મંત્રીઓને લખેલા સંયુક્ત પત્રમાં, આ સંગઠનોએ જણાવ્યું હતું કે ભાગવત અંગેનો કોઈપણ ઈમિગ્રેશન અથવા જાહેર સુરક્ષાનો નિર્ણય વિશ્વસનીય પુરાવા અને

અનુસંધાન પાના ૭ પર





# હિન્દી પત્રકારત્વના દ્વિશતાબ્દી વર્ષ નિમિત્તે યુનિવર્સિટીમાં વિશેષ સંગોષ્ઠી

## વર્તમાન પડકારો તથા ભવિષ્ય વિષય પર પત્રકારો અને તજજ્ઞોએ કર્યું વિચારમંથન

સુરત, તા.૨૧

નગર રાજભાષા કાર્યાન્વયન સમિતિ (બેંક/વીમા), સુરત અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના પત્રકારત્વ વિભાગના સંયુક્ત ઉપક્રમે 'હિન્દી પત્રકારિતા દ્વિશતાબ્દી વર્ષ' નિમિત્તે 'હિન્દી પત્રકારિતા—ગૌરવશાળી યાત્રા : વર્તમાન પડકારો તથા ભવિષ્ય' વિષય પર વિશેષ સંગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંગોષ્ઠી ગુરુવાર, ૨૦ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ યુનિવર્સિટીના માનવ સંસાધન વિભાગના બીજા માળે આવેલા સેમિનાર હોલ ખાતે યોજાઈ હતી. સંગોષ્ઠીના ઉદ્ઘાટન સત્રનો પ્રારંભ સવારે ૧૦ વાગ્યે દીપપ્રાગટ્ય અને વિશ્વવિદ્યાલય ગાન સાથે થયો હતો. ભારતીય સ્ટેટ બેંકના મુખ્ય પ્રબંધક સંજીવ પાંડેએ સ્વાગત પ્રવચન આપ્યું હતું. ત્યારબાદ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલસચિવ ડૉ. રમેશદાન ગઢવી, ભારત સરકારના રાજભાષા વિભાગના સહાયક નિર્દેશક પ્રમોદ સાંગોલે, 'સંદેશ'ના મુખ્ય સંપાદક કૃષ્ણકાંત ઉનડકટ, નરાકાસ (બેંક/વીમા), સુરતના અધ્યક્ષ તથા ભારતીય સ્ટેટ બેંકના ઉપ મહાપ્રબંધક રાજેશ કુમાર તેમજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડાએ સંબોધન કર્યું હતું. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત ગણમાન્ય પત્રકારોનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. સંગોષ્ઠીનું દ્વિતીય સત્ર બપોરે ૧૨ વાગ્યે યોજાયું હતું. સત્રનો પરિચય ભારતીય સ્ટેટ બેંકના મુખ્ય પ્રબંધક સંજીવ પાંડેએ આપ્યો હતો. આ સત્રમાં 'ગુજરાત ગાર્ડિયન'ના તંત્રી મનોજ મિસ્ત્રી, 'લોકતેજ'ના તંત્રી કુલદીપ સનાઢ્ય, 'ધબકાર'ના સમાચાર તંત્રી નરેશ વારિયા અને 'ગુજરાત મિત્ર'ના ધર્મેશભાઈ કુકડિયાએ હિન્દી પત્રકારત્વની ગૌરવશાળી યાત્રા, તેના વર્તમાન પડકારો અને ભાવિ સંભાવનાઓ અંગે પોતાના વિચારો રજૂ કર્યા હતા. સત્રના અધ્યક્ષ તરીકે એમ.ટી.બી. કોલેજ, સુરતના પ્રાધ્યાપક ભાવેશ જાધવે જવાબદારી સંભાળી હતી. હિન્દી પત્રકારત્વના દ્વિશતાબ્દી વર્ષના પરિપ્રેક્ષ્યમાં યોજાયેલી આ વિશેષ સંગોષ્ઠીમાં પત્રકારત્વની ઐતિહાસિક વિકાસયાત્રા, બદલાતા મીડિયા પરિદશ્ય, વર્તમાન પડકારો તથા ભાવિ સંભાવનાઓ જેવા વિવિધ પાસાઓ પર વિચારવિમર્શ કરવામાં આવ્યો હતો. સંગોષ્ઠીએ પત્રકારો, શિક્ષણવિદો અને મીડિયા ક્ષેત્ર સાથે સંકળાયેલા તજજ્ઞોને હિન્દી પત્રકારત્વના ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય અંગે ચર્ચા કરવા માટે એક મહત્વપૂર્ણ મંચ પૂરું પાડ્યું હતું.

# વીર સ્વસ્તિક હાઈટ્સ સોસા.ના ગણપતિ મંડળનું સન્માન કરાયું

## સુરત ગણપતિ ઉત્સવ સમિતિ દ્વારા ઓપરેશન સિંદૂરની થીમના ગણપતિને પ્રમાણપત્ર અપાયું




સુરત, તા.૨૧

વીર સ્વસ્તિક હાઈટ્સ કો-ઓપરેટિવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લિમિટેડ દ્વારા વર્ષ ૨૦૨૫ના ગણેશ ઉત્સવ નિમિત્તે અનોખું અને દેશભક્તિપૂર્ણ આયોજન કરવામાં આવ્યું હતું. ગત વર્ષે અમારી સોસાયટી દ્વારા ગણેશ ઉત્સવની સજાવટ અને આયોજન માટે "મિશન ઓપરેશન સિંદૂર"ને મુખ્ય થીમ બનાવવામાં આવી હતી. આ થીમના માધ્યમથી દેશની સુરક્ષા માટે શૌર્ય, સાહસ અને બલિદાન આપનાર આપણા ભારતીય સશસ્ત્ર દળોના પરાક્રમને સલામ કરવાની સાથે દેશભક્તિની ભાવનાને ઉજાગર કરવાનો સુંદર પ્રયાસ કરવામાં આવ્યો હતો. ગણેશજીની ભક્તિ સાથે રાષ્ટ્રભાવનાનો સુંદર સમન્વય આ આયોજનમાં જોવા મળ્યો હતો.અમારી સોસાયટીના આ આયોજનને તેની વિશિષ્ટ થીમ, સુંદર રજૂઆત, શ્રેષ્ઠ આયોજન તથા આચારસંહિતાના નિયમોનું સંપૂર્ણપણે પાલન કરવા બદલ "સર્વશ્રેષ્ઠ આયોજક – વર્ષ ૨૦૨૫" તરીકે સુરત શહેર શ્રી ગણેશ ઉત્સવ સમિતિ તરફથી પુરસ્કાર તથા પ્રમાણપત્ર પ્રાપ્ત થયું છે. આ અમારા સમગ્ર સોસાયટી પરિવાર માટે ગૌરવની વાત છે. આ પ્રસંગે અમે વીર સ્વસ્તિક હાઈટ્સ સોસાયટી વતી સુરત શહેર શ્રી ગણેશ ઉત્સવ સમિતિનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ. સાથે સાથે આ આયોજનને સફળ બનાવવા માટે સહયોગ, માર્ગદર્શનઅને ઉત્સાહ આપનાર સોસાયટીના તમામ સભ્યોનો પણ હાર્દિક આભાર માનીએ છીએ.

# ખેરગામમાં વિકલાંગો માટે નિઃશુલ્ક સહાયક સાધનો માટે એસેસમેન્ટ કેમ્પ





## ૨૩૨ લાભાર્થીને ૧૯.૪૬ લાખના ખર્ચે ૧,૨૫૩ સહાયક ઉપકરણો આપવાનું રજીસ્ટ્રેશન

ખેરગામ, તા.૨૧

દિવ્યાંગજનો અને વરિષ્ઠ નાગરિકોને નિઃશુલ્ક સહાયક સાધનો ઉપલબ્ધ કરાવવા માટે એસેસમેન્ટ કેમ્પનું આયોજન ખેરગામ ખાતે મામલતદાર વિજયભાઈ પટેલના અધ્યક્ષસ્થાને કરવામાં આવ્યું હતું. કેમ્પમાં ADIP યોજના હેઠળ દિવ્યાંગજનોને વ્હીલચેર, ટ્રાઈસાઈકલ, બગલખોડી, શ્રવણયંત્ર, કૃત્રિમ અંગ, કેલિપર, સ્માર્ટ કેન સહિતના વિવિધ સહાયક સાધનો માટે લાભાર્થીઓનું એસેસમેન્ટ અને રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું. જ્યારે રાષ્ટ્રીય વયોશ્રી યોજના હેઠળ પાત્ર વરિષ્ઠ નાગરિકોને વોકર, કોમોડ ચેર, સ્ટિક, ની-સપોર્ટ, બેક સપોર્ટ સહિતના જરૂરી સહાયક સાધનો આપવા માટે રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં વરિષ્ઠ નાગરિકો માટે કુલ ૭૨૩ ઓફલાઈન રજીસ્ટ્રેશન કરવામાં આવ્યા હતા, જેમાંથી યોજનાની જોગવાઈ મુજબ લાયક ૨૩૨ લાભાર્થીઓનું ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું છે. આ ૨૩૨ લાભાર્થીઓને કુલ રૂ.૧૯,૪૬,૯૫૦ના ખર્ચે ૧,૨૫૩ સહાયક ઉપકરણો આપવાનું રજીસ્ટ્રેશન થયું છે.તે જ રીતે દિવ્યાંગજનો માટે કુલ ૧૬૨ ઓફલાઈન રજીસ્ટ્રેશન થયા હતા, જેમાંથી લાયક ૭૫ દિવ્યાંગ લાભાર્થીઓનું ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું છે. આ ૭૫ લાભાર્થીઓને કુલ રૂ.૯,૨૭,૪૪૧ના ખર્ચે ૧૨૮ સહાયક ઉપકરણો આપવામાં આવનાર છે. કેમ્પના માધ્યમથી જરૂરિયાતમંદ દિવ્યાંગજનો અને વરિષ્ઠ નાગરિકોને તેમની દૈનિક જીવનશૈલીમાં ઉપયોગી સહાયક સાધનો નિઃશુલ્ક મળી રહે તે માટે સરકારની કલ્યાણકારી યોજનાનો લાભ આપવામાં આવ્યો છે

# વાપીની યુમેડીકા કંપનીમાં પડી જવાથી કામદારનું મોત

## કામદારના મોત અંગે પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કર્યો

વાપી, તા.૨૧

વાપી જીઆઈડીસી ના સેંકન્ડ ફેઝ માં આવેલ યુમેડીકા કંપની દવા નું ઉત્પાદન કરે છે. જ્યાં કામદાર નું મોત થતા ચકચાર મચી જવા પામી. અત્રે ઉલ્લેખનીય વાત એમ છે કે? કંપની સંચાલકો દ્વારા કામદાર ના મોત ને આકસ્મિક મોત થયાં જાણકારી આપી રહ્યા છે. નજીક ના પોલીસ સ્ટેશન માં કમ્પની સંચાલકો દ્વારા જાણ કરતા ઘટના સ્થળે પોલીસ અધિકારી આવી મૃતક ની લાશ નો કબ્જો લઈ નજીક ના સરકારી દવાખાને પી એમ માટે લઈ જવાય,પી એમ રિપોર્ટ




બાદ જ સાચી હકીકત સામે આવશે.હાલ ચાલી રહેલી ચર્ચા મુજબ કામદાર નું પરિસર માં પડી જવાથી મોત થયું હોય?જેને લઈ કામદાર નું મોત રહસ્યમય બની જવા પામ્યું . ૪૨વર્ષ નો કામદાર ગૌત્તમ રમેશ ગવઈ ના મોત ઉપર અલગ અલગ અટકળો લગાવવા માં આવી રહી છે. પોલીસ દ્વારા બી એન એસ એસ ની ધારા ૧૯૪મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો. છે.મૃતક મૂળ મહારાષ્ટ્ર બુલધાણા નો રહેવાસી હાલ સુરત રેહતો હોવાની જાણકારી મળી છે.



# સ્વ.રાજીવ ગાંધીની જન્મ જયંતિ નિમિત્તે કોંગ્રેસ દ્વારા વૃક્ષારોપણ

## પર્યાવરણ સંરક્ષણ અને સ્વસ્થ જીવનનો સંદેશ ફેલાવ્યો

સુરત, તા.૨૧

પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની જન્મજયંતિ નિમિત્તે, સુરત શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ચોક બજારમાં ગાંધી બાગ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. શહેર કોંગ્રેસના પદાધિકારીઓ અને કાર્યકરોએ વૃક્ષારોપણ કરીને રાજીવ ગાંધીને શ્રદ્ધાંજલિ આપી અને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ ફેલાવ્યો.

શહેર કોંગ્રેસ પ્રમુખ વિપુલ ઉધનાવાલા અને શહેર કોંગ્રેસ ઉપપ્રમુખ હરીશ સૂર્યવંશીની અધ્યક્ષતામાં આયોજિત કાર્યક્રમમાં કોંગ્રેસ કાર્યકરોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. આ પ્રસંગે, કોંગ્રેસના પદાધિકારીઓએ જણાવ્યું હતું કે કોવિડ-૧૯ મહામારી દરમિયાન ઓક્સિજનની અછતને કારણે માનવજાતને વૃક્ષો અને પર્યાવરણનું મહત્વ સમજાયું હતું. આ સંદેશને આગળ વધારવા માટે, રાજીવ ગાંધીની જન્મજયંતિ નિમિત્તે વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવ્યું હતું. તેઓએ કહ્યું કે સ્વસ્થ સમાજ અને સારા પર્યાવરણ માટે શક્ય તેટલા વધુ વૃક્ષો વાવો અને તેનું રક્ષણ કરવું જરૂરી છે. શહેર કોંગ્રેસ મહિલા મોરચાના પ્રમુખ મમતાબેન સવાણી, સેવાદળના સંતોષ પાટીલ, વોર્ડ નં.૫ના હસમુખ વઘાસીયા, વોર્ડ નં.૨૪ના જતીન જરીવાલા, વોર્ડ નં.૨૨ના ગુલાબ પટેલ, વોર્ડ નં.૨૯ના રાજકુમાર મોર્યા,આમિર ટમેટાવાલા, ઈકબાલ પટેલ, લક્ષ્મી પાગારે, અર્ચના મોર્યા, ધનસુખ પટેલ, વિનોદ પારડીવાલા, ઈનાયત શેખ, શૈલેષ રાજપૂત, ધર્મેશ મિસ્ત્રી, અરવિંદ યાદવ અને પ્રિન્સ પાંડે સહિત મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરો હાજર રહ્યા હતા.



# મહિલા ઉદ્યોગસાહસિકો માટે નવી દિલ્હીનો વિશેષ પ્રવાસ

## ચેમ્બરના વિમેન આંત્રપ્રિન્યોર્સ સેલ દ્વારા પ્રવાસનું આયોજન કરાયું

સુરત, તા.૨૧

સુરત, ૨૦ ઓગસ્ટ ૨૦૨૬: ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા મહિલા ઉદ્યોગસાહસિકોને પ્રોત્સાહન આપવા, તેમના વ્યાવસાયિક નેટવર્કને વિસ્તૃત કરવા તથા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે વેપારની નવી તકો ઉપલબ્ધ કરાવવાના હેતુથી દેશની રાજધાની નવી દિલ્હી ખાતે વિશેષ પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. ચેમ્બરના પ્રમુખ શ્રી અશોક જીરાવાલા તથા ગ્રૃપ ચેરપર્સન ડો. બંદના ભટ્ટાચાર્ય અને WEC ચેરપર્સન એડવોકેટ બીના ભગતના માર્ગદર્શન હેઠળ સુરતનાં મહિલા ઉદ્યોગકારોને સશક્ત બનાવવાના ભાગરૂપે આ પહેલ હાથ ધરાઈ હતી. ભારત મંડપ ખાતે 'ભારતીય વ્યાપાર મહોત્સવ'માં સહભાગિતા: ચેમ્બર ઓફ કોમર્સના વિમેન આંત્રપ્રિન્યોર્સ સેલના ૧૪ સભ્યોના પ્રતિનિધિમંડળે તા. ૧૧થી ૧૪ ઓગસ્ટ ૨૦૨૬ દરમિયાન નવી દિલ્હીની મુલાકાત લીધી હતી. આ પ્રવાસ દરમિયાન

અનુસંધાન પાના ૭ પર

# ક્રૂડ ઓઇલ ૯૫ ડોલરે પહોંચતા પોલિએસ્ટર યાર્નના ભાવ ભડકે બળ્યા

## ચેમ્બરે કેન્દ્રીય ટેક્સટાઇલ મંત્રી ગિરિરાજ સિંહને કરી રજૂઆત

સુરત, તા.૨૧

આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવોમાં થયેલા અસામાન્ય વધારા અને તેના કારણે પોલિએસ્ટર યાર્નના સતત વધી રહેલા ભાવોથી સુરત સહિત દેશભરના ટેક્સટાઈલ ઉદ્યોગને રક્ષણ આપવા ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા ગુરુવાર, તા. ૨૦ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ કેન્દ્રીય ટેક્સટાઈલ મંત્રી શ્રી ગિરિરાજ સિંહ સમક્ષ રજૂઆત કરવામાં આવી છે.

ચેમ્બરના પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ કેન્દ્રીય મંત્રીને પત્ર પાઠવી ટેક્સટાઈલ ઉદ્યોગના મુખ્ય કાચા માલ એવા PTA (પ્યુરિફાઈડ ટેરેફ્થેલિક એસિડ) અને સ્ઈ્ઈ (મોનો ઈથિલિન ગ્લાયકોલ) પરની બેઝિક કસ્ટમ્સ ડ્યુટી (BCD)માંથી તાત્કાલિક મુક્તિ આપવા ભારપૂર્વક અનુરોધ કર્યો છે. ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ પત્રમાં વિગતો આપતાં જણાવ્યું હતું કે, પશ્ચિમ એશિયાની કટોકટીને પગલે કેન્દ્ર સરકારે ૨ એપ્રિલ ૨૦૨૬થી ૩૦ જૂન ૨૦૨૬ સુધી અને ત્યારબાદ ૧૫ જુલાઈ ૨૦૨૬ સુધી MEG અને PTA પર કસ્ટમ્સ ડ્યુટી મુક્તિ આપી હતી. જુલાઈ બાદ શાંતિ સ્થપાશે અને ક્રૂડના ભાવ ઘટશે તેવી ધારણાથી આ મુક્તિ લંબાવાઈ નહોતી. પરંતુ, પશ્ચિમ એશિયામાં સ્થિતિ થાળે ન પડતાં ક્રૂડના ભાવમાં ફરી મોટો ઉછાળો આવ્યો છે. જ્યારે સરકારે અગાઉ ડ્યુટી મુક્તિ આપી

અનુસંધાન પાના ૭ પર



# યુનિવર્સિટીમાં પ્રાકૃતિક ખેતી આધારિત ગ્રામીણ નવાચાર વિશે સેમિનાર યોજાયો

## બૌધિક સંપદા અધિકારો સહિતના વિવિધ મુદ્દે જ્ઞાનપ્રદ ચર્ચા

સુરત, તા.૨૧

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના મહાત્મા ગાંધી ગ્રામવિદ્યા વિભાગ દ્વારા "પ્રાકૃતિક ખેતી આધારિત Rural Innovation (ગ્રામ્ય નવાચાર) અને Rural Entrepreneurship (ગ્રામ્ય ઉદ્યોગસાહસિકતા)" વિષય પર એક દિવસીય મહત્વપૂર્ણ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આયોજિત કાર્યક્રમના ઉદ્ઘાટન સત્રના મુખ્ય ઉદ્ઘાટક તરીકે વિશ્વવિદ્યાલયના માનનીય કુલગુરુશ્રી ડો. કિશોરસિંહ ચાવડા સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને ગ્રામીણ વિસ્તારમાં રહેલી ખેતી અને તેને આનુસાંગિક નવીન તકોનો લાભ લેવા પ્રોત્સાહિત કરી સજીવ ખેતી થકી રોગમુક્ત રાષ્ટ્ર માટે વિદ્યાર્થિઓને આહવાન કર્યુ હતુ. કાર્યક્રમ પ્રસંગે વિશેષ ઉપસ્થિતિ તરીકે માનનીય કુલસચિવ ડો. રમેશદાન ગઢવી સાહેબ પણ હાજર રહી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી પ્રોત્સાહીત કરી કાર્યક્રમની શોભા વધારી હતી. કાર્યક્રમની શરૂઆતમાં મહાત્માગાંધી ગ્રામ અભ્યાસ વિભાગના વિભાગના અધ્યક્ષ ડો. દીપક ભોયે દ્વારા તમામ મહેમાનોનું શાબ્દિક સ્વાગત અને સેમિનારની અગત્યતા અને ભાવિ કાર્ય માટેની વિભાવના વ્યક્ત કરી હતી.

સેમિનારમાં અમદાવાદની પ્રતિષ્ઠિત સંસ્થાઓના નિષ્ણાતોએ મુખ્ય વક્તા તરીકે હાજરી આપી વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું જેમા શ્રી રમેશ પટેલ (પ્રમુખ, સૃષ્ટિ ઈનોવેશન, અમદાવાદ),શ્રી ચેતન પટેલ (સેક્રેટરી, સૃષ્ટિ સંસ્થા, અમદાવાદ),વંશિતા બેન , ગ્રામ શિલ્પી (ડૉ. કે આર શ્રોફ ફાઉન્ડેશન, અમદાવાદ અને પ્રગતિશીલ ખેડૂતો દ્વારા ખેતી અને સ્વરોજગારી સાથે આર્થિક વિકાસ કેવી રીતે સાધી શકાય તે અંગેના અનુભવો રજૂ કર્યા હતા.

સેમિનાર દરમિયાન "ગ્રામ્ય નવાચાર, મૂલ્યવર્ધન અને બજાર સાથે જોડાણ" વિષય અંતર્ગત સ્થાનિક ખેડૂતો અને ગ્રામ શિલ્પીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. જેમાં મુખ્યત્વે ગ્રામ્ય નવાચાર અને સ્થાનિક નવસર્જન, ખેતી પેદાશોમાં મૂલ્યવર્ધન, બ્રાન્ડિંગ અને સીધું

અનુસંધાન પાના ૭ પર

# નવી સિવિલમાં ૯૯મુ સફળ અંગદાનથી ચારને નવજીવન

## મૂળ મધ્યપ્રદેશના ૨૯ વર્ષીય પવનકુમાર સેનના લીવર અને બે કિડની અને હાર્ટનું દાન

સુરત, તા.૨૧

સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં ૯૯મુ સફળ અંગદાન નોંધાયું હતું. મૂળ મધ્યપ્રદેશનના વતની અને સુરતના કડોદરા વરેલી ખાતે રહેતા ૨૯ વર્ષીય પવનકુમાર સેનના લીવર, ૨ કિડની અને હાર્ટના દાનથી ૪ વ્યક્તિઓને નવજીવન મળશે.

પ્રાપ્ત વિગતો અનુસાર તા.૧૫મી ઓગસ્ટેના રોજ સાંજે ૬.૦૦ વાગ્યે પરિવાર સાથે રિક્ષામાં જઈ રહ્યા હતા ત્યારે જોલવા પંચાયત પાસે રિક્ષાને ટક્કર મારતા પવનકુમાર રિક્ષામાંથી નીચે પડી ગયા હતા. શરૂઆતમાં તેઓ પ્રાઈવેટ હોસ્પિટલ ગયા હતા જ્યાં પ્રાથમિક સારવાર અપાઈ હતી, પરંતુ માથાનો દુખાવો ન મટતા રાત્રે ૯.૦૦ વાગ્યે તેમને સ્મીમેર મેડીકલ કોલેજ લઈ જવામાં આવ્યા અને બાદમાં ફેમિલી ડોક્ટરની સલાહથી અન્ય પ્રાઈવેટ હોસ્પિટલમાં રિપોર્ટસ કરાવ્યા હતા. ત્યારબાદ



તારીખ ૧૬મી ઓગસ્ટના રોજ બપોરે ૦૩.૨૮ વાગ્યે ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેમને સુરત સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા, જ્યાં તેમની ગંભીર હાલતને જોતા ઈમરજન્સીમાંથી આઈસીયુ (ICU) માં શિફ્ટ કરીને તેમની સારવાર ચાલી રહી છે. ડૉ.નિલેશ કાછડીયા, કાઉન્સેલર નિર્મલા કાથુડેએ પવનકુમારના પત્ની સહિત પરિવારજનોને અંગદાનનું મહત્વ સમજાવતાં તેઓએ ભારે હૈયે સહમતિ આપી હતી. અંગદાન માટે ઓપરેશન થિયેટરમાં જતા પહેલા ઈ.તબીબી અધિક્ષક ડૉ.પારૂલ વડગામા, અંગદાન ચેરિટેબલ ટ્રસ્ટના કાર્યકર્તા ઈકબાલ કડીવાલા, કાઉન્સેલર, નર્સિંગ સ્ટાફ અંગદાતાની પ્રાર્થનામાં જોડાયા હતા. તા.૧૮મી ઓગસ્ટ-૨૦૨૬ના બપોરન ૦૪.૪૫ વાગ્યે આર.એમ.ઓ ડૉ.કેતન નાયક, ડૉ. નિલેશ કાછડીયા, ન્યુરોલોજિસ્ટ

અનુસંધાન પાના ૭ પર



# તાપીના ઉચ્છલમાં GIDC પ્રોજેક્ટ સામે જનપ્રતિરોધનો જોરદાર વિસ્ફોટ

## ૧૫ ગામોના ૧૨૦૦ લોકોએ રેલી કાઢી કલેક્ટરને આવેદન આપ્યું, ઉગ્ર આંદોલનની ચીમકી


વ્યારા:તાપી જિલ્લાના ઉચ્છલ તાલુકાના નારણપુર સહિત આસપાસના ૧૫ ગામોના ૧૨૦૦થી વધુ આક્રોશિત ગ્રામજનો અને ખેડૂતોએ પ્રસ્તાવિત GIDC પ્રોજેક્ટ સામે વિરોધનું બ્યુગલ ફૂંક્યું છે. પોતાની આજીવિકા સમાન ફળદ્રુપ જમીન, પર્યાવરણ અને બંધારણીય અધિકારોને બચાવવા માટે સ્થાનિકો રસ્તા પર ઉતરી આવ્યા હતા અને તંત્ર સામે ઉગ્ર રોષ વ્યક્ત કર્યો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગ્રામજનોએ સરકાર અને તંત્રની નીતિઓ સામે અસંતોષ વ્યક્ત કરતા વ્યારાના જનક નાકાથી જિલ્લા સેવાસદન સુધી વિશાળ રેલી કાઢી હતી. આ રેલી દરમિયાન આક્રોશિત લોકોએ "GIDC રદ કરો" ના નારા લગાવી સમગ્ર વાતાવરણ ગજવી મૂક્યું હતું. ભવ્ય રેલી બાદ ગ્રામીણ અગ્રણીઓએ તાપી જિલ્લા કલેક્ટરને રૂબરૂ મળીને આવેદનપત્ર સુપરત કર્યું હતું અને પોતાની ઉગ્ર રજૂઆત નોંધાવી હતી.

આ વિરોધ પ્રદર્શન પાછળ જમીન સંપાદન અને કાયદાકીય ભંગના ગંભીર મુદ્દાઓ રહેલા છે. ગ્રામજનોએ સ્પષ્ટ અને કડક શબ્દોમાં જણાવ્યું છે કે તેઓ પોતાની આજીવિકા સમાન ફળદ્રુપ જમીન કોઈપણ સંજોગોમાં GIDCના બાંધકામ માટે આપવા તૈયાર નથી. પ્રસ્તાવિત ઔદ્યોગિક ક્ષેત્રની ખૂબ જ નજીક શાળાઓ, સેન્ટ્રલ કિચન અને રહેણાંક વિસ્તારો આવેલા છે. જો અહીં ઉદ્યોગો સ્થપાશે તો ભારે પ્રદૂષણ ફેલાશે, જેનાથી માસૂમ બાળકોના સ્વાસ્થ્ય અને શાંત ગ્રામીણ જીવન પર વિપરીત અસરો પડશે તેવી ઘેરી ભીતિ ગ્રામજનોએ વ્યક્ત કરી છે.

આવેદનપત્રમાં ખાસ ઉલ્લેખ કરાયો છે કે આ પ્રોજેક્ટ માટે ગ્રામસભાઓની પૂર્વ મંજૂરી કે જાણ વગર પડતર/ગોચર તથા કોતર જમીન એકતરફી રીતે ફાળવી દેવામાં આવી છે, જે સેન્ટ્રલ PESA એક્ટ ૧૯૯૬ અને પંચાયત અધિનિયમની જોગવાઈઓનો સીધો ભંગ છે. સુપ્રીમ કોર્ટના નિયમગિરી કેસના ચુકાદાઓ મુજબ આદિવાસી વિસ્તારોમાં ગ્રામસભાઓની મંજૂરી વિના જમીન પર કોઈ હક્ક નમાવી શકાય નહીં.જિલ્લા કલેક્ટરને લેખિત રજૂઆત કર્યા બાદ ગ્રામજનોએ સ્પષ્ટ અને કડક ચીમકી ઉચ્ચારી છે કે, જો વહેલી તકે આ માંગણીઓ સંતોષવામાં નહીં આવે અને પ્રોજેક્ટ રદ નહીં થાય, તો આગામી દિવસોમાં આ વિરોધ પ્રદર્શનને વધુ ઉગ્ર અને આક્રમક આંદોલનમાં ફેરવવામાં આવશે, તેમજ જરૂર પડ્યે પીએસએફ એક્ટ હેઠળ આદેશો ફગાવીને હાઈકોર્ટમાં પીઆઈએલ (PIL) દાખલ કરવામાં આવશે, જેની સંપૂર્ણ જવાબદારી તંત્રની રહેશે.

# તમારી માતા ને તમારાં સંતાનોની માતામાં તમે ભેદ રાખો છો?



થોડા દિવસો પહેલાં જાવેદ અખ્તરે એક ઈન્ટરવ્યૂમાં બહુ વિચારણીય વાત કહી. એમણે સમાજના બેવડા માપદંડોને લઈને એક મજાનું ઉદાહરણ આપ્યું હતું. એ કહે કે સમાજ પોતાની માતાને લઈને અત્યંત સંવેદનશીલ છે. પોતાની મા એટલે મા તે ઈશ્વર સમાન! પરંતુ જ્યારે વાત પોતાનાં સંતાનોની માતાની આવે છે ત્યારે સમાજના માપદંડો બદલાઈ જાય છે. આવું કહીને જાવેદસાબે જાણે સમાજના ગાલ પર તમાચો મારી દીધો!

એમની વાત શતપ્રતિશત સાચી છે. જોકે આપણે જાવેદસાબની વાતનું કંઈ પિતૃસત્તાક માનસિકતાના દૃષ્ટિકોણથી કે નારીવાદના દૃષ્ટિકોણથી પીંજણ નથી કરવું, પરંતુ જાવેદસાબની એ વાતને પારિવારિક કે લગ્નજીવનના સંદર્ભમાં સમજવી અને જરૂર પડ્યે આપણા જીવનમાં ઉતારવી રહી.

એ વળી કઈ રીતે? તો કે પુરુષે પોતાની જાતને એ રીતે કેળવવી જોઈએ કે એને પોતાની માતાના જેટલા સંઘર્ષો દેખાય છે એટલા જ સંઘર્ષો એની પત્નીમાં પણ દેખાવા જોઈએ. અથવા તો એને પોતાની માતાનું જેટલું યોગદાન દેખાય છે એટલું જ પત્નીનું યોગદાન પણ દેખાવું જોઈએ!

અહીં કંઈ દરેક વાતે આંધળી કે તર્ક વિનાની સરખામણી કરવાની વાત નથી.આખરે મા મા હોય છે અને પત્ની પત્ની! બંનેની ભૂમિકા જુદી છે. બંનેના સમય જુદા છે. એટલે

બંનેના યોગદાન કે એમના સંઘર્ષોમાં પણ અંતર હોવાનું. પરંતુ એક વાત નક્કી કે બંનેનું આપણા જીવનમાં યોગદાન તો હોવાનું જ!

જોકે, મોટાભાગના પુરુષ પત્નીએ જીવનમાં કે પોતાના કુટુંબમાં આપેલા યોગદાનને નજરઅંદાજ કરતા હોય છે. નજરઅંદાજ તો ઠીક, પત્નીનું યોગદાન મોટાભાગના પુરુષના ધ્યાનમાં હોવા છતાં એ પત્નીની વાત આવે એમાં થેંકલેસ બની જાય છે! પતિ એવું માનતા હોય છે કે 'એ તો કરવું જ પડેને, એમાં નવાઈ શું છે?' કેટલાક પુરુષ તો એમ પણ કહે કે એ તો બધાના જ બૈરા કરે હું ય કરું જ છુંને એને માટે ફલાણું.

ફલાણું'

જોકે પુરુષે એ યાદ રાખવું પડશે કે ઘરેણાં, ગાડી, ઘર કે પ્રવાસો એ કંઈ પત્નીએ ઘરમાં આપેલા યોગદાનની સામે અપાતું વળતર નથી. એ પણ ત્યારે જ્યારે તમારી પત્ની તમારા માતા-પિતાની સેવા કરતી હોય. અથવા તો તમારા ભાઈભાંડુઓને ભૂતકાળમાં સાચવી ચૂકી હોય! કે પછી તમારી નોકરી માટે થઈને દર બે-ત્રણ વર્ષે પોટલાં બાંધીને શહેરે શહેરે રખડી હોય. અથવા તો પછી તમારો બિઝનેસ સેટ થાય એ માટે તેણે પણ પેટે પાટા બાંધીને, તમારી ગેરહાજરીમાં તમારો સંસાર નિભાવી લીધો હોય. આ અને આવા અનેક યોગદાન બીજા ઘરની દીકરી હોવા છતાં એ કરે છે અને એ કંઈ ખાવાના ખેલ નથી. આ માટે માનસિક, શારીરિક અને સંસ્કારિક રીતે અનેક ભોગ આપવો પડતો હોય છે. તેમજ આ તમામ સ્તરે અત્યંત ધીરજ પણ હોવી ઘટે.

આમ છતાં, પુરુષને મન આ તમામ બાબત માત્ર જવાબદારીનો એક ભાગ છે. જિંદગી આખી એમ જ પુરુષ માનતા હોય છે કે આવું તો કરવું જ પડેને? પત્ની નહીં કરે તો બીજું કોણ કરવાનું? પણ પુરુષે આને લઈને ગ્રેટિટ્યુડ-કૃતજ્ઞતાનો ભાવ આણવાનો છે. એણે સહેજ થંભીને વિચાર કરવાનો થાય છે કે જો એની પત્નીએ અમુક જવાબદારીઓ ઉઠાવવા માટે ધરાર ના કહી દીધી હોત તો આજે એનું જે જીવન છે એવું જીવન તે જીવી શક્યો હોત ખરો? અને આ વિચારથી જ પેલા જાવેદસાબના ઉદાહરણનું અવળું થવા માંડે, કારણ કે જો પુરુષ આવો વિચાર કરતો થાય તો એને પોતાની પત્નીના સંઘર્ષો પણ દેખાવા માંડે અને અહીંથી જ એને એ અહેસાસ થવા માંડે કે માતાએ એને મોટો કરવામાં જે યોગદાન આપ્યું છે એટલું જ યોગદાન એની પત્નીએ એને સામાજિક અને આર્થિક રીતે મોટો કરવામાં આપ્યું છે.પુરુષને જો આ અહેસાસ થાય તો બીજું કશું બને કે નહીં બને, પરંતુ એટલું જરૂર બને કે જ્યારે પણ એ પોતાનાં સંતાનો સામે પોતાની માના યોગદાનની બિરદાવલી ગાય ત્યારે સાથે એની પત્નીનો પણ ઉલ્લેખ કરે ને સંતાનોને પણ સમજાવે કે જીવનની આ શાંતિ અને સમૃદ્ધિમાં પોતાની માતા અને સંતાનોની માતા જ કેન્દ્રસ્થાને છે. જો એ બન્ને ન હોય તો આખો સંસાર વીખાઈ ગયો હોત. વળી, આ અહેસાસથી ઘરેલું હિંસાના કે મનદુ:ખના કેટલાય કિસ્સા શમી ગયા હોય એ છોગામાં!

# જિમખાનામાં જતા યુવાનો બની રહ્યા છેબોડી ઈમેજ ડિસઓર્ડરનો શિકાર

મસલ ડિસ્મૉર્ફિયાથી પીડિત વ્યક્તિ કલાકો વ્યાયામ કરે છે, ડાયટિંગ કરે છે અને વારંવાર કેલેરી ગણે છે, ડિપ્રેશન અને હતાશાનો પણ અનુભવ કરે છે.

મસલ ડિસ્મૉર્ફિયા એક મેંટલ ડિસઑર્ડર છે જેમાં વ્યક્તિને એમ લાગે છે કે તેની માંસપેશીઓ યોગ્ય રીતે વિકસી નથી. એક અભ્યાસ મુજબ જિમમાં જતા ૧૨ ટકા યુવાનો પોતાની બૉડીથી ખુશ નથી હોતા.મસલ ડિસ્મૉર્ફિયા (બીડીડી) એક એવો મસલ ડિસઑર્ડર છે જેમાં ફિટ બૉડી ધરાવતી વ્યક્તિને પણ એમ થાય છે કે તે ફિટ નથી.પોતાની ફિટનેસથી રહે છે નાખુશ:બીડીડીથી પ્રભાવિત વ્યક્તિ પોતાની ફિટનેસને મામલે અસંતુષ્ટ રહે છે. સિક્સ પૅકથી લઈને ઍઈટ પૅક ઍબ્સ બનાવી લે છે છતાં તેને લાગે છે કે તેનાં મસલ્સ અન્ય કરતાં ઓછાં ડેવલપ છે.દિલ્હીસ્થિત સી. કે. બિરલા હૉસ્પિટલમાં ઈન્ટરનલ મૅડિસિન ડૉક્ટર મનિષા અરોરાનું કહેવું છે કે આ ડિસઑર્ડરથી પીડિત વ્યક્તિ એ શારિરીક ઉણપોથી ચિંતિત રહે છે જે ખરેખર તેમનામાં હોતી નથી. ફિટનેસ સંબંધિત પોતાનું લક્ષ્ય પ્રાપ્ત કરી લીધું હોવા છતાં એ લોકો એ વાતથી પરેશાન રહેતા હોય છે કે તેમની માંસપેશીઓ પરફેક્ટ નથી. પોતાની કલ્પના મુજબની કાયા પામવા એ લોકો જરૂરત કરતા વધુ સપ્લિમેન્ટસ લે છે અને હેવી વૅઈટ ઍક્સરસાઈઝ કરે છે. વારંવાર પોતાની બૉડીનો આકાર તપાસતા રહે છે અને અરીસાની સામે જતા ખચકાય છે. એટલે સુધી કે આ લોકો સામાજિક મેળવડાઓથી પણ દૂર રહે છે.ગુરગ્રામસ્થિત મૅરિંગો એશિયા હૉસ્પિટલમાં વરિષ્ઠ સલાહકાર-મનોવૈજ્ઞાનિક ડૉ. મુનિયા ભટ્ટાચાર્યનું કહેવું છે કે આ લોકો એટલા તણાવમાં રહે છે.

# પેશાબ જરા પણ રોકતા નહી, ભાઈસાબ !

**જો તમે એ દેખાડવાની કોશિશ કરતા હોવ કે તમારામાં પેશાબ રોકી રાખવાની ક્ષમતા છે તો એવી તાકાત ન દેખાડો. આનાથી તો લેવાના દેવા પડી શકે છે. લાંબા સમય સુધી પેશાબ રોકી રાખવાથી મૂત્રાશય પર ભાર વધી શકે છે. ઘણી વાર તો એ બંધ પણ પડી શકે છે. આનાથી શરીરની પૂરી વ્યવસ્થા પર ખરાબ અસર પડી શકે છે. પેશાબ રોકવો એટલે એક રીતે આપણીકિડનીઓ સાથે ખરાબ રમત રમવી. કારણ કે એમ કરવાથી કિડની સંબંધિત અનેક બીમારીઓ થઇ શકે છે.ક્યારેક કોઇ એવી મુશ્કેલ ઘડી આવે કે પેશાબ રોકવો મજબૂરી બની જાય તો એકાદ વાર આવું કરી શકો છે, પરંતુ નિયમિતરૂપે આવું કરવું બિલકુલ યોગ્ય નથી. આનાથી પેશાબથી ચેપ વધવાની આશંકા બની રહે છે. મૂત્રમાર્ગમાં બળતરા થઇ શકે છે. પેશાબમાં બદબૂ વધી શકે છે.**



વધુ વરસાદ અને વધુ ઠંડીમાં રહી રહીને પેશાબ આવતો હોય છે. આવા સંજોગોમાં ઘણા લોકો ખાસ કરીને મહિલાઓ પેશાબ કરવા જવામાં આળસ કરતી હોય છે અને લાંબા સમય સુધી રોકી રાખે છે. કેટલાક યુવાનો પણ આવું કરતા હોય છે, પરંતુ ડૉક્ટરો કહે છે કે ન તો ક્યારેય પેશાબના વેગને રોકવો જોઇએ કે ન તો ક્યારે પેશાબ લાગે તો કરવામાં મોડું કરવું જોઇએ, નહીંતર ઘણી બધી સ્વાસ્થ્ય સંબંધી તકલીફો ઊભી થઇ શકે છે, જેમ કે,

-આના કારણે મૂત્રાશય પર દબાણ વધે છે કિડનીમાં પથરી બનવા લાગે છે મૂત્રમાર્ગમાં ચેપ અર્થાત્ યૂટીઆઇ થઇ શકે છેશરીરમાં બૅક્ટેરિયા વધી જવાની આશંકા વધે છે. વરસાદના દિવસોમાં આવું સૌથી વધુ થાય છે કારણ કે આ દિવસોમાં બૅક્ટેરિયાનું સંક્રમણ ઘણું ઝડપથી થાય છે. જો વરસાદના દિવસોમાં પેશાબ રોકવામાં આવે તો પેશાબ જોડે લોહી આવવાની સમસ્યા પણ થઇ શકે છે.

જો તમે એ દેખાડવાની કોશિશ કરતા હોવ કે તમારામાં પેશાબ રોકી રાખવાની ક્ષમતા છે તો એવી તાકાત ન દેખાડો. આનાથી તો લેવાના દેવા પડી શકે છે. લાંબા સમય સુધી પેશાબ રોકી રાખવાથી મૂત્રાશય પર ભાર વધી શકે છે. ઘણી વાર તો એ બંધ પણ પડી શકે છે. આનાથી શરીરની પૂરી વ્યવસ્થા પર ખરાબ અસર પડી શકે છે. પેશાબ રોકવો એટલે એક રીતે આપણીકિડનીઓ સાથે ખરાબ રમત રમવી. કારણ કે એમ કરવાથી કિડની સંબંધિત અનેક બીમારીઓ થઇ શકે છે.ક્યારેક કોઇ એવી મુશ્કેલ ઘડી આવે કે પેશાબ રોકવો મજબૂરી બની જાય તો એકાદ વાર આવું કરી શકો છે, પરંતુ નિયમિતરૂપે આવું કરવું બિલકુલ યોગ્ય નથી. આનાથી પેશાબથી ચેપ વધવાની આશંકા બની રહે છે. મૂત્રમાર્ગમાં બળતરા થઇ શકે છે. પેશાબમાં બદબૂ વધી શકે છે. વાસ્તવમાં તો મૂત્ર એ શરીરમાંથી ફિલ્ટર કરી દીધેલું ખરાબ પાણી જ છે, જેને બની શકે એટલું જલદી શરીરની બહાર કરી દેવું જોઇએ. વધુ સમય મૂત્રને શરીરમાં રોકી રાખવાથી આ ફિલ્ટર પ્રોસેસ ખરાબ થઇ જાય છે.કેટલાક લોકો કોઇ પણ કારણ વિના આદતવશ પેશાબ રોકી રાખે છે. આવું કરવાથી પેટ અને પીઠના નીચલા ભાગો અને પાંસળીઓમાં દર્દ થઇ શકે છે. વધુ વાર પેશાબ રોકી રાખવાથી મૂત્રાશયની દીવાલો પણ નબળી પડી જાય છે. જેનાથી બ્લેડર ખરાબ થવાની શક્યતાઓ પણ વધી જાય છે. પેશાબમાં યૂરિક ઍસિડ અને કૅલ્શિયમ ઓક્ઝલેટ નામક મિનરલ્સ હોવાથી જો પેશાબ વધુ વાર રોકી દેવાય તો પથરીમાં પરિણમી શકે એમ છે.કેટલીક વાર ઘણા લોકોને જલદી જલદી પેશાબ કરવાની તલબ લાગે છે. જો આવું સામાન્ય દિવસો કરતાં વધુ થાય તો આપણે સચેત થઇ જવું

જોઇએ અને કોઇ મૂત્રરોગ વિશેષજ્ઞને મળી લેવું જોઇએ.

એક ઉંમર પછી ચાહે મહિલા હોય કે પુરુષ, તેમને જલદી જલદી પેશાબ આવવા લાગે છે. આ ફક્ત તેમની શારીરિક સમસ્યાને કારણે જ નથી થતું, પણ ક્યારેક આનું કારણ બગડતું જતું પર્યાવરણ પણ હોઇ શકે છે. વારંવાર પેશાબ આવવાનાં અનેક કારણો છે અને દરેક કારણોનો સંબંધ કયાંકને કયાંક શરીરના આરોગ્ય સાથે છે. એટલે આ બાબતે લાપરવાહ ન રહેતાં તુરંત નિષ્ણાત ડૉક્ટરને મળવું જોઇએ. મોટે ભાગે પેશાબની સમસ્યા શરૂઆતમાં તો નાની અમથી હોય છે, પણ લગાતાર એની ઉપેક્ષા કરવાથી તે સમસ્યા વકરી શકે છે. જે સિનિયર સિટીઝનોને વરસાદ કે ઠંડીના દિવસોમાં દિવસ દરમ્યાન ૧૦થી ૧૫ વાર પેશાબ કરવા જવું પડે છે તો એ તેમની અંદર ઝડપથી વિકસી રહેલી કોઇ બીમારીનું લક્ષણ હોઇ શકે. એટલે જ્યારે પણ આવી હાલત થાય એને હળવાશથી ન લેતાં અને ખુદ ડૉક્ટર ન બનતાં કોઇ સારા ડૉક્ટરને દેખાડવું જરૂરી છે.

# એડજસ્ટમેન્ટ ડિસઓર્ડર:આ તે વળી કઇ બલાનું નામ છે?

અશોક (નામ બદલ્યું છે) હમણાં હમણાંનો ઘણો જ બદલાયેલો લાગતો હતો. તેના દિવસની શરૂઆત જ ચીડિયાપણાથી થતી હતી. પૂરો દિવસ જાણે સાવ નિરાશામાં પસાર થતો હતો. ઓફિસમાંથી ઘરે આવીને મોબાઇલ સ્વિચ ઑફ કરી પડ્યો રહેતો હતો. તેના મા-બાપે પણ ઘણી વાર આ બાબતે પૂછ્યું હતું. પરંતુ ખાસ કંઇ નથી એમ કહીને તે તેમની પૃચ્છાને ટાળતો હતો. તેના માબાપને હવે ખરેખર ચિંતા થવા લાગી હતી.ઘરની જેમ ઑફિસમાં પણ એ સાવ અબોલ-શાંત બની રહેતો. તેને જાણે દરેક વાતે કંટાળો આવતો હતો. તે એના સહયોગી કર્મચારીઓને પણ ટાળતો હતો. ડૅસ્ક પર જ ડબ્બો ખાઇ લેવાનો અને પાછું કામમાં ખૂંપી જવાનું. કામમાંય જોઇએ એવું ધ્યાન નહોતો આપી શકતો. સમય પસાર કરવા અને બિઝી રહેવા એ લૅપટોપમાં માથું ઘાલીને બેસી રહેતો.

અશોકની બાબતે હજી એક ઘટના બનતી રહેતી હતી. તેને મોબાઇલથી ખૂબ ડર લાગવા લાગ્યો હતો. એક વાર તો એણે તણાવમાં આવી જઇને મોબાઇલને જમીન પર પટક્યો પણ હતો, પરંતુ બાદમાં પસ્તાવો થતાં રિપેર કરાવી લીધો હતો. આવી તાણભરી પરિસ્થિતિ વધતી જતી હતી એટલે તેણે છેવટે કોઇ કાઉન્સેલરને મળવાનું નક્કી કર્યું.પહેલા સેશનમાં રોહને પોતાના વિશે માહિતી આપી. ત્યારબાદ પોતાની તાણ વિશે, મોબાઇલના ડર વિશે બોલવાની શરૂઆત કરી.'તને મોબાઇલનો આટલો ડર કેમ લાગવા લાગ્યો છે?' એવું પૂછતાં જ તેણે તરત જ જવાબ આપ્યો. 'ડર કરતાંય મને એક પ્રકારની બેચેનીનો અનુભવ થતો હતો. મોબાઇલનો મેસેજ કે વૉટ્સઅપ ટૉન વાગે તો મને ટેન્શન આવે. એક જાતની ચીડ ચઢે. મોબાઇલ સામે જોવાનું પણ મન ન થાય.

' તને બધા જ મેસેજ જોવાનું નથી ગમતું? ''ના, એવું નથી.' આવું બોલીને અશોક થોડી વાર શાંત બેઠો. ' મને મારી ભાવિ પત્નીના મેસેજ કે કૉલ્સ આવે તો તાણ વધવા લાગે છે.' આટલું બોલીને તેણે તાણનું કારણ કહેવાની શરૂઆત કરી.હકીકતમાં અશોકની સગાઇ થઇ હતી અને ત્રણ મહિનામાં તો એ લગ્ન કરવાનો હતો, પણ લગ્ન નક્કી થયા બાદ એ ખૂબ તણાવ ભરી સ્થિતિમાં અને બેચેન રહેવા લાગ્યો, કારણ કે તેની ભાવિ પત્નીને લગ્ન બાદ અલગ રહેવાની ઇચ્છા હતી. જોકે, અશોકને પોતાના માબાપ જોડે રહેવાની ઇચ્છા હતી.' તો તેં એને સ્પષ્ટ કેમ ન કહ્યું કે તારે તારા વડીલ જોડે રહેવું છે.' કાઉન્સેલરે કહ્યું.'મેડમ, તેણે અલગ રહેવા માટે હઠ ન હોતી કરી. ફક્ત તેણે તેની અપેક્ષા જણાવી હતી અને મેં ઑકે કહી દીધું. આને લઇને જ હવે હું ખૂબ તાણ અનુભવું છું. કારણ કે એકનો એક હોવાથી મારે મારાં માબાપ જોડે જ રહેવું છે. જે તેને હું સ્પષ્ટપણે કહી શકતો નથી.' આટલું કહેતા તેનો ચહેરો રડવા જેવો થઇ ગયો.' મેં તેની સાથે આ બાબત કબૂલ કરી લીધી છે, પણ હવે વિચાર કર્યા બાદ લાગે છે કે આ કબૂલાત કરવામાં મેં ઉતાવળ કરી. તે સ્વભાવની ખૂબ સારી છે. તેના સ્વભાવમાં ખૂલ્લાપણું છે. મને મળતી વખતે અને ફોન પર ખૂબ મોકળાશથી વાત કરતી હોય છે. અમારા ભાવિ સંસાર વિશે તેની કોઇ મોટી અપેક્ષાઓ કે મહત્ત્વાકાંક્ષાઓ નથી, પણ જે કંઇ છે તેનાથી મન બેચેન રહે છે.' અશોકે મન મૂકીને વાત કરી.

**' તને બધા જ મેસેજ જોવાનું નથી ગમતું? ''ના, એવું નથી.' આવું બોલીને અશોક થોડી વાર શાંત બેઠો. ' મને મારી ભાવિ પત્નીના મેસેજ કે કોલ્સ આવે તો તાણ વધવા લાગે છે.'**

## કેવી બેચેની?

'એ જ કે તેને જિંદગીમાં સુખી રાખી શકીશ કે નહીં?'

અશોકની આ મૂંઝવણ મોબાઇલને કારણે ન હોતી, પણ ભાવિ ઘટનાઓ આકાર લેવાની હતી તેને લીધે હતી જેના માટે તે માનસિક રીતે તૈયાર નહોતો. લગ્ન નક્કી થયા પછી તેને દૃષ્ટિકોણ જાણે નકારાત્મક થવા લાગ્યો હતો.હવે આવી જ સ્થિતિ લાંબો સમય રહે તો તબીબી ભાષામાં 'એડજસ્ટમેન્ટ ડિસઑર્ડર' નામની બીમારીમાં પરિવર્તિત થઈ શકે છે.આ અવસ્થાનું મૂળ લક્ષણ જ તણાવ અથવા નિરાશા છે. આ પરિસ્થિતિમાં માણસ નેગેટિવ વિચારો ધરાવતો અને અસ્વસ્થ બની જાય છે. તે સ્વભાવે ચીડિયો બની જાય છે. આ સ્થિતિમાં માણસ કોઇ અઘટિત

**પગલું પણ ભરી શકે છે.**

અશોકનો ઉછેર તો અતિશય શિસ્તપ્રિય ઘરમાં થયો હતો. તેનાં માબાપ બન્ને શિક્ષક હતાં. તેની આસપાસના સગાસંબંધીઓ પણ કર્મઠ વૃત્તિના હતા. જેને લઇને તે પણ ધાકમાં અને શિસ્તમાં રહ્યો.આથી ઊલટું તેની ભાવિ પત્ની મોકળા વાતાવરણમાં ઉછરી હતી. એટલે તેનામાં વધુ ખુલ્લાપણું હતું. બન્નેના સ્વભાવમાં ભિન્નતા હોવા છતાં બન્ને એકમેકના પૂરક હોવાથી લગ્ન કરવાનો નિર્ણય લીધો હતો.કાઉન્સેલરે અશોકને થોડા સમય માટે લગ્નના કોઇ પણ જાતના વિચાર ન કરવાનું કહ્યું. આ સમયમાં એ અત્યંત મુશ્કેલ એવા સ્વપરિવર્તનના દોરમાં જઇ રહ્યો હતો. અશોકની આ સારવાર બે મહિના ચાલી. જેમાં તેણે સંપૂર્ણ આત્મવિશ્વાસ સાથે કામ કર્યા. પોતાના વિચારોને સ્પષ્ટતાપૂર્વક રજૂ કરવાનું શીખ્યો. પોતાના વિચાર વધુને વધુ સકારાત્મક અને તર્કશુદ્ધ કેમ કરવા એ પ્રત્યે જ ધ્યાન કેન્દ્રિત કર્યું. કારણ કે તેને જીવનમાં મહત્ત્વના પરિવર્તનને ઉત્સાહ અને આનંદથી સ્વીકારવું હતું. અંતે તેને આ બાબતમાં સફળતા મળીને જ રહી.

# ડાયાબિટીસમાં પગની સારવાર

ડાયાબિટીસમાં પગમાં દુખાવો થવો એ મોટી વાત નથી, પરંતુ આવા કિસ્સાઓમાં પગની સંભાળ ખૂબ જ જરૂરી છે. તેમાં પણ ચોમાસાની મોસમમાં ડાયાબિટીસના દર્દીઓએ વિશેષ કાળજી રાખવી પડે છે, કારણ કે આ સિઝનમાં બૅક્ટેરિયલ ઈન્ફેક્શનનો ખતરો ઘણો વધી જાય છે. ડાયાબિટીસના દર્દીઓની રોગપ્રતિકારક શક્તિ નબળી હોવાથી તેમને આ સિઝનમાં સુરક્ષિત રહેવાની સલાહ આપવામાં આવે છે. બીજું, આ ઋતુમાં શરીરમાં શુગરનું પ્રમાણ વધવા લાગે છે, પછી શરીરનાં અંગોમાં નાના-મોટા ઘા કે ફંગસ થવા લાગે છે, જે ઘણીવાર ગંભીર સ્વરૂપ લઈ લે છે.

ડાયબિટીસને કારણે ઘણા લોકોના પગમાં રક્ત પરિભ્રમણ યોગ્ય રીતે થઈ શકતું નથી, જેના કારણે તેમનું શરીર ઈન્ફેક્શન સામે યોગ્ય રીતે લડી શકતું નથી.

ઘણીવાર નાની ઈજાને પણ સાજા થવામાં ઘણો સમય લાગે છે. આ પગના રજ્જુને પણ નુકસાન પહોંચાડે છે, જેના કારણે દર્દીને કળતર, બળતરા, હાથ-પગમાં સુન્નતા, પગમાંથી ચપ્પલ દૂર થઈ ગયા છે તે ખ્યાલ ન આવે વગેરે જેવી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. આને ડાયાબિટીક ન્યુરોપથી કહેવામાં આવે છે. જો ઈન્ફેક્શન વધી જાય તો પગમાં ગેંગરીન થવાનું જોખમ રહે છે, જેમાં ઘણીવાર શરીરનો એક અંગ કાપવો પણ પડી શકે છે. ડાયાબિટીસની યોગ્ય સારવાર ઉપરાંત, ડાયાબિટીસ ધરાવતા લોકોએ સ્વાસ્થ્ય વીમા યોજના પણ ખરીદવી જોઈએ. તે તમને આર્થિક રીતે મજબૂત રાખે છે.

તંત્રી લેખ...

શુક્રવાર, તા. ૨૧ ઓગષ્ટ ૨૦૨૬

# કાશ્મીર મુદ્દે અમેરિકા ભૂલ સુધારે છે?

પાકિસ્તાની અંકુશ હેઠળના કાશ્મીરી પ્રદેશમાં લોકો ઉપર ગુજારાતા જુલમ સામે અવાજ ઊઠયો છે, હકીકતમાં પાકિસ્તાની શાસકો સામે બળવો શરૂ થયો છે, ત્યારે ભારતમાં નીમાયેલા અમેરિકી એલચીએ ભારતીય કાશ્મીરની મુલાકાત લઈને ભારત સરકારે કરેલી સુરક્ષા - સલામતીની વ્યવસ્થાની પ્રશંસા કરી છે. ભારત સરકારે ઉત્તમ પગલાં ભરીને શ્રેષ્ઠ વ્યવસ્થા કરી છે એમ પણ કહ્યું છે. કાશ્મીર ભારતનું અભિન્ન અંગ છે એમ કહીને પાકિસ્તાની શાસકોને મોટો ઝટકો આપ્યો છે. કાશ્મીર ભારતનો જ એક ભાગ છે, ભારતનાં અન્ય રાજ્યોની જેમ એક ભારતીય રાજ્ય છે એમ સાબિત કરવા માટે અમેરિકા અથવા અન્ય કોઈ પણ દેશનાં સર્ટિફિકેટની જરૂર નથી અને અમેરિકી રાજદૂત સર્જિયો ગોરનાં વિધાનથી રાજીના રેડ થવાની પણ જરૂર નથી.

આટલા દાયકાઓ પછી અમેરિકાને પાકિસ્તાનની બરબાદી અને ભારતની આઝાદીનું ભાન થાય અને જાહેરમાં સ્વીકાર થાય તેનું મહત્ત્વ છે. ભારતના વિદેશ મંત્રાલયે પણ આ બાબત બહુ ઉમળકો બતાવ્યો નથી તે યોગ્ય છે. પાકિસ્તાને કાશ્મીરીઓને ગુલામ બનાવ્યા છે, ત્રાસ ગુજારે છે, ત્યારે ભારતના વતની કાશ્મીરીઓને જરૂર સુખ-સંતોષ અને સલામતીનો અનુભવ થતો હશે - થવો જ જોઈએ. વીતેલા દાયકાઓમાં પાકિસ્તાન પ્રેરિત અલગતાવાદીઓએ આતંકવાદને આવકાર આપ્યો, પનાહ આપી અને અશાંતિ - હિંસાચાર શરૂ થયો, પણ હવે છેલ્લાં ૧૦ વર્ષ દરમિયાન મુક્ત ચૂંટણી, વ્યવસ્થિત મતદાન અને સાર્વત્રિક વિકાસ થયો છે, થઈ રહ્યો છે અને પરિણામે પાકિસ્તાની આતંકવાદીઓ જહન્નમમાં લાઈન લગાવીને ઊભા છે, પડયા છે. આ દરમિયાન ભારતીય સંવિધાનની કલમ ૩૭૦નું કલંક ભૂંસીને રદબાતલ થયા પછી કેટલાક સ્વદેશી અને વિદેશી ભારતના હિતશત્રુઓ નિરાશ-હતાશ થયા છે. અલબત્ત, થોડો છટપટાહટ છે - તે આતંકવાદના અંતિમશ્વાસ જેવો છે! ભારતમાં પણ હજી કેટલાક લોકોને આશા છે, કે કાશ્મીરને સ્વાયત્તતા પાછી મળશે. જો કે, આમાં કોંગ્રેસીઓ અને કાશ્મીરના અલગતાવાદી નેતાઓ તથા અર્બન નકસલીઓનું પ્રમાણ વધુ છે. ભારત - હિન્દુસ્તાનના ભાગલા પછી પાકિસ્તાનની નજર આપણા કાશ્મીર પ્રદેશ ઉપર હતી અને વિશ્વમાં સત્તાનાં સમીકરણ માટે અમેરિકાએ પાકિસ્તાનનું સમર્થન - નકશામાં અને યુનાઈટેડ નેશન્સમાં પણ કર્યું હતું, હવે અમેરિકાના શાસકોને પોતાની ભૂલ સમજાઈ હોય એમ લાગે છે. આ સ્વીકારને આપણે આવકારીએ છીએ, પણ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની સ્વભાવગત નીતિ રીતિ જોતાં - 'નીવડે વખાણ'માં ડહાપણ બતાવવાની આપણી નીતિ યોગ્ય છે. આ દરમિયાન પ્રમુખ ટ્રમ્પ પણ ભારતની નિષ્પક્ષ સફળ ચૂંટણી પ્રક્રિયા ઉપર વારી ગયા છે, વરસ્યા છે! અમેરિકાની ચૂંટણી પ્રક્રિયા સામે એમને આક્રોશ છે, તેનું પ્રદર્શન ભૂતકાળમાં ટ્રમ્પ હાર્યા ત્યારનાં દૃશ્યોમાં થયું હતું, પણ હવે તેઓ સુધારા કરવા માગે છે, અમેરિકાના મતદારોના મતાધિકાર અને મતદાતાઓની ઓળખ - 'અમેરિકા બચાવો'ની કાયદેસર વ્યવસ્થા - રક્ષા કરવા માગે છે અને આ માટે એમની નજરમાં અને મનમાં ભારતની ચૂંટણી પ્રક્રિયા વસી ગઈ છે! મતદાર ઓળખપત્ર દ્વારા થતાં મતદાન અને તેના માટેની નોંધણી પ્રક્રિયા પર ટ્રમ્પ ઓવારી ગયા છે. એમાં ટ્રમ્પનો પોતાની નીતિઓ આગળ વધારવાનો સ્વાર્થ પણ ખરો જ. તાજેતરમાં ભારતમાં અમેરિકી એલચી સર્જિયા ગોર નવી દિલ્હીનાં નિર્વાચન સદનમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારને મળ્યા, બંને દેશ વચ્ચે લોકતંત્ર માટે સહકાર તથા ચૂંટણી વ્યવસ્થા અને ચૂંટણી કર્મચારીઓને તાલીમ આપવા અંગે સહમતી થઈ છે. સર્જિયા ગોરે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને આ નવી દિલ્હી મુલાકાતની ફળશ્રુતિ જણાવી, ત્યારે ટ્રમ્પ સાહેબ - આભા, આશ્ચર્યચકિત થઈ ગયા - ભારતના લગભગ ૬૫ કરોડ મતદાર પાસે ફોટો - ઓળખપત્રો છે અને મતદાન કરે છે...! માત્ર એક ટકો ટપાલથી મત આપે છે!

# સુધારાની દિશામાં પહેલ

નેશનલ ટેસ્ટિંગ એજન્સી (એનટીએ) દ્વારા લેવાતી પરીક્ષાઓમાં સતત થતી ગરબડ અને પેપરમાં થતાં ગોટાળા-છબરડા તથા દેશવ્યાપી જેન ઝી આંદોલનો પછી હવે અનેક મોટા ફેરફાર હાથ ધરાઈ રહ્યા છે. ગયા મહિને ૫૦થી વધુ કર્મચારીને દૂર કરાયા પછી હવે પેપર સેટ કરનારા ૬૦૦ એક્સપર્ટ્સને દૂર કરાયા હોવાના સમાચાર આવ્યા છે. હજી થોડા દિવસ પહેલાં જ એનટીએએ કબૂલાત કરી હતી કે, યુજીસી-નેટની ગત જૂન મહિનામાં લેવાયેલી પરીક્ષાના ઈંગ્લિશ, કોમર્સ અને સોશિયોલોજીના પ્રશ્નપત્રોમાં અનેક ભૂલો હતી અને કેટલાક પ્રશ્નો રિપીટ થયા હતા. આવી ભૂલો અક્ષમ્ય ગણાય, કેમ કે આ પરીક્ષાઓ દેશભરમાંથી લાખો લોકો આપતા હોય છે અને તેમનાં ભવિષ્ય તેનાં પરિણામ સાથે સંકળાયેલા હોય છે. આવી મહત્ત્વની પરીક્ષાઓ બાબતે એનટીએની ખામીઓ વારંવાર સામે આવી છે અને આના માટે આ એજન્સીના માળખાંમાં કેટલીક મૂળભૂત કમીઓ જવાબદાર છે. વારંવાર પેપર લીક થવા ઉપરાંત તથ્યાત્મક ભૂલો, ટાઈપિંગ અને અનુવાદની ખામી તથા પ્રશ્નો રિપીટ થવાને પગલે માળખાંમાં સુધારા આવશ્યક હતા. આવામાં, સીટીઓ અને સીએફઓ જેવાં પદો પર નિષ્ણાતોની નિમણૂક આવકારદાયક બાબત છે, તો સાયબર સિક્યોરિટી, સાયકોમેટ્રિક્સ અને પેપર ડિઝાઈન કરવામાં ખાનગી ક્ષેત્રમાંના નિષ્ણાતોની મદદ લેવાશે. તેમનો અનુભવ છીંડાં દૂર કરવામાં મદદરૂપ થશે એવી આશા છે. જૂના લોકોને હટાવી, નવાને લવાયા એ સારી વાત છે, પણ જવાબદારી સ્પષ્ટ હોવી જોઈએ, કેમ કે નીટ પેપર લીક મામલામાં સીબીઆઈની ચાર્જશીટમાં નોંધવામાં આવ્યું છે કે, પેપર સેટ કરનારાઓ તથા અન્ય લોકો જેમની પહોંચ પેપર સુધી હતી, તેઓ જ લીક સાથે સંકળાયેલા હતા. આથી, ઉત્તરદાયિત્વ નક્કી કરવું સૌથી જરૂરી છે. સાથે જ પારદર્શિતા પર પણ ભાર અપાય એ આવશ્યક છે. શિક્ષણ મંત્રાલયે એનટીએની પરીક્ષા પ્રક્રિયાનું ઓડિટ કરાવવા તથા સુધારા બાબતે લેવાયેલાં પગલાંનો અહેવાલ માગ્યો છે. નિષ્પક્ષ, પારદર્શી અને સલામત પરીક્ષા વ્યવસ્થા આપવી એ સરકારની જવાબદારી છે અને પરીક્ષા સંબંધી કાયદાને ધારદાર બનાવી સરકારે આ દિશામાં પહેલું પગલું લઈ લીધું છે. પેપર ફોડવાના ધંધા-ઉદ્યોગ પર આ કાયદાને કારણે અંકુશ આવશે, એવી તેની ધાક છે, કેમ કે સજા અને દંડની જોગવાઈમાં નોંધપાત્ર વધારો કરાયો છે. નિષ્ણાતોની સમિતિની રચના આ મોરચે બીજું મહત્ત્વનું પગલું હતું. જો કે, પરીક્ષાઓ બાબતે સુધારાત્મક પગલાં મુદ્દે કે. રાધાક્રિષ્નન સમિતિના અહેવાલ પર મોડેથી જ કેમ ન હોય, અમલ શરૂ થયો છે. ભૂલોમાંથી શીખી, તેનું પુનરાવર્તન ટાળવામાં આવે, તો પણ આ મોરચે અડધો જંગ જીત્યા જેવું ગણાશે.

આપણે ત્યાં હજુય દારૂ પીને કોઈ મરી જાય તેની સમાજમાં બહુ નથી

# ભાવનગરનો લઠ્ઠાકાંડઃ તંત્રને મલાઈમાં રસ, લોકો તો મર્યા કરે

## ભાવનગરનો લઠ્ઠાકાંડ ગુજરાત સરકારની દારૂબંધીનો કડક અમલ કરાવવામાં નિષ્ફળતાનો વધુ એક પુરાવો છે.

જરાતમાં વધુ એક લઠ્ઠાકાંડ થઈ ગયો. સૌરાષ્ટ્રના ભાવનગર જિલ્લામાં થયેલા લઠ્ઠાકાંડમાં અત્યાર લગીમાં સત્તાવાર રીતે સાત લોકોનાં મોત થઈ ગયાં છે ને ૨૧ લોકો જીવનમરણ વચ્ચે ઝોલાં ખાતા હોસ્પિટલમાં ભરતી છે એ જોતાં મોત ડબલ ફિગરમાં પહોંચી જાય એવી પૂરી શક્યતા છે. આ મોતનો આંકડો પણ પોલીસ તપાસમાં અપાયેલો છે, બાકી ઘરે લઠ્ઠો ઢીંચીને ઘરે જ ધબી ગયા હોય એવા પણ કેસ હશે. પોલીસે જ પોતે કહ્યું છે કે, ૫૧ પેટી દારૂ બનાવવામાં આવ્યો હતો અને સ્થાનિક બુટલેગરો મારફતે ગામડાંમાં સપ્લાય કરવામાં આવ્યો હતો. એક પેટીમાં ૨૦ બોટલો ગણીએ તો પણ હજારથી વધારે બોટલો થઈ એ જોતાં પોલીસ દ્વારા અપાયેલો મોતનો આંકડો ભરોસાપાત્ર નથી.

આપણે ત્યાં હજુય દારૂ પીને કોઈ મરી જાય તેની સમાજમાં બહુ નથી તેથી પરિવારે આવી વાતો જાહેરમાં લાવવાનું પસંદ કરતો નથી. આ કારણે ઘરમાં જ ટેં થઈ ગયેલા પિયક્કડોનાં નામ બહાર ના આવ્યાં હોય એ પણ શક્ય છે. ટૂંકમાં મોતનો આંકડો પોલીસ દ્વારા અપાય છે તેના કરતાં ઘણો વધારે હોવાની પૂરી શક્યતા છે. માનો કે, આંકડો મોટો ના હોય તો પણ દારૂબંધી ધરાવતાં રાજ્યમાં ઝેરી દારૂ પીને સાત લોકો મરી જાય એ ઘટના મોટી છે જ.

આ લઠ્ઠાકાંડમાં કોમિક વાત પાછી એ છે કે, જે પોલીસની જવાબદારી દારૂબંધીનો કડક અમલ કરાવીને લોકોને દારૂ પીતાં રોકવાની છે એ પોલીસે આ દારૂ ખરીદ્યો તેમાં ઝેરી દારૂ વેચાતો હોવાનું બહાર આવ્યું. ભાવનગર જિલ્લા ખરકડી ગામનો વિજયરાજસિંહ ગોહિલ પોલીસ ભરતીમાં સિલેક્ટ થતાં તેણે પોતાના મિત્રો ઉપેન્દ્રસિંહ ગંભીરસિંહ ગોહિલ, હરપાલસિંહ પ્રદીપસિંહ ગોહિલ અને જયદીપસિંહ રાજેન્દ્રસિંહ ગોહિલને પાર્ટી આપી હતી. તેમાંથી જયદીપસિંહ સિવાયના ત્રણ મિત્રોએ બહારથી લાવેલો આ ઝેરી દારૂ પીધો હતો.

દારૂ પીવાથી ૧૮ ઓગસ્ટે ઉપેન્દ્રસિંહ ઉપર પહોંચી ગયો તેમાં ભડકેલા વિજયરાજસિંહે પોલીસને જાણ કરી એટલે પોલીસ લઠ્ઠાની શોધમાં નિકળી પડી. તેમાં ખબર પડી કે, ઉપેન્દ્રસિંહની જેમ બીજા પણ ઘણા ધબી ગયા છે. પોલીસવાળાનો મિત્ર

ના ગુજરી ગયો હોત તો કદાચ લઠ્ઠાના કારણે મરી ગયેલાં લોકો વિશે કોઈને ખબર પણ ના પડી હોત ને અંદરોઅંદર બધું પતી ગયું હોત.

ભાવનગરનો લઠ્ઠાકાંડ ગુજરાત સરકારની દારૂબંધીનો કડક અમલ કરાવવામાં નિષ્ફળતાનો વધુ એક પુરાવો છે. દારૂબંધીનો કડક અમલ થતો નથી કેમ કે આખું તંત્ર સડેલું છે. પોલીસથી માંડીને પોલિટિશિયવ સુધીનાં બધાંને દારૂબંધીના કારણે ગેરકાયદેસર રીતે વેચાતા માલમાંથી મળતી મલાઈ ખાવામાં રસ છે. દારૂ પીને યુવાઓ તબાહ થાય, સમયાંતરે આ પ્રકારના લઠ્ઠાકાંડ થાય તેના કારણે લોકો મરે તેનાથી તેમને કોઈ ફરક પડતો નથી. તેનું કારણ એ કે, લોકોને કોઈ ફરક પડતો નથી. બીજાની વાત છોડો પણ જેમનાં સ્વજનો ઝેરી દારૂ પીને કૂતરાના મોતે મર્યાં હોય છે એ લોકો પણ કશું બોલતાં નથી કેમ કે તેમનામાં પણ પોતાનો સગલો દારૂ પીતો હતો તેનો અપરાધભાવ હોય છે.

સરકાર પણ આ વાત સમજે છે એટલે એક ચોક્કસ પેટર્નથી જ વર્તે છે. ભાવનગર જેવો લઠ્ઠાકાંડ થાય એટલે મીડિયામાં બે-ચાર દિવસ હોહા થાય, વિપક્ષો આંદોલનની ચીમકી ઉચ્ચારે પછી સરકાર સાવ પાંગળી નથી ને હાથ પર હાથ મૂકીને બેસી રહી નથી એવું સાબિત કરવા માટે બે-ચાર ટૂણિયાટ પોલીસોની બદલી કરી દેવાય. સરકારના મંત્રીઓ દ્વારા કોઈને નહીં છોડાય એ પ્રકારનાં નિવેદનો ફટકારી દેવાય એટલે પત્યું. લોકો પણ ખુશ ને મીડિયા પણ ખુશ. નવો લઠ્ઠાકાંડ થાય ત્યાં લગી કોઈ કશું બોલવાનું નથી એ સરકારને ખબર છે તેથી ગેરકાયદેસર રીતે દારૂ વેચાતો રોકવા માટે પણ કશું કરવાની જરૂર ક્યાં છે? ગુજરાતમાં છેલ્લા દોઢ-બે દાયકામાં બનેલા લઠ્ઠાકાંડ પર નજર નાખશો તો આ વાત સમજાશે. ૨૦૦૯માં અમદાવાદના ઓઢવ, બાપુનગર અને કાગડાપીઠ વિસ્તારમાં ઝેરી દારૂ પીવાથી ૧૪૦થી વધુનાં મોત થયાં હતાં અને ૨૦૦થી વધુ લોકોએ આંખો ગુમાવી હતી. હવે આટલી મોટી સંખ્યામાં લોકો મરે કે અંધાપો આવે પછી તો તંત્રે પૂરી તાકાતથી તૂટી પડીને આખા નેટવર્કને છિન્નભિન્ન કરી નાખવાનું હોય પણ એવું થયું નથી. એ વખતે થોડી હોહા થઈ પણ નેટવર્ક તો રહ્યું જ તેથી સમયાંતરે લઠ્ઠાકાંડ થયા જ કરે છે. સુરતમાં સપ્ટેમ્બર ૨૦૧૬માં ઝેરી દારૂ પીવાથી ૧૬નાં મોત થયાં હતાં. એ પછી ૨૦૨૨માં બોટાદના બરવાળા અને રાણપુર તાલુકાના રોજિદ ગામે થયેલા લઠ્ઠાકાંડમાં ૪૦થી વધુ લોકોનાં મોત નીપજ્યાં હતાં. છેલ્લાં છ વર્ષથી તો ક્યાંક ને ક્યાંક લઠ્ઠાકાંડ થાય જ છે. ૨૦૨૪ના જાન્યુઆરીમાં દહેગામના લીહોડા ગામમાં લઠ્ઠાકાંડ થયેલો જ્યારે ૨૦૨૫ના ફેબ્રુઆરીમાં નડિયાદના જવાહર નગરમાં ઝેરી દારૂથી લોકો મરેલા. હવે ભાવનગરમાં લઠ્ઠાકાંડ થઈ ગયા. સરકાર તૂટી પડે તો સમયાંતરે આવા કાંડ થાય ખરા?

ભાવનગરના લઠ્ઠાંકાંડે ગુજરાતમાં ગેરકાયદેસર દારૂ બનાવવાનો ધંધો કુટિર ઉદ્યોગ ના રહેતાં એક વેલ ઓર્ગેનાઈઝ્ડ ઈન્ડસ્ટ્રી બની ગઈ છે એ પણ સાબિત કર્યું છે. પોલીસ તપાસમાં બહાર આવેલી વિગતો પ્રમાણે ભાવનગરમાં બુટલેગરોએ બ્રાન્ડેડ રોયલ સ્ટેગ દારૂની ખાલી બોટલો, ઢાંકણા અને સ્ટીકરો મેળવીને તેમાં મિથેનોલ મિશ્રિત ઝેરી પ્રવાહી ભર્યું હતું. એફએસએલ અને મેડિકલ રિપોર્ટ પ્રમાણે, ઝેરી દારૂની અસર થઈ હોય એવા ૧૦ દર્દીઓના લોહી અને યુરિન સેમ્પલમાં ૩૮.૫૯ ટકા જેટલું મિથેનોલ મળી આવ્યું છે. આટલા મોટા પ્રમાણમાં મિથેનોલ ભાવનગર આવી ગયું કઈ રીતે? મજબૂત નેટવર્ક વિના એ શક્ય નથી.

અમદાવાદના સરખેજથી સફેદ લિક્વિડ, ખાલી બોટલ, ઢાંકણા, સ્ટીકર અને મિથેનોલ વગેરે ભાવનગર પહોંચી ગયાં ને રસ્તામાં કોઈએ રોક્યાં નહીં તેનો મતલબ એ જ થયો કે, પોલીસ ને પોલિટિશિયનની રહેમનજર હેઠળ બધું ચાલતું હશે. કેમિકલનું મિશ્રણ તૈયાર કરવા માટે ઉજ્જૈનથી કીક વાગે એવો દારૂ બનાવવાના એક્સપર્ટ નરેન્દ્રસિંહ ઉર્ફે ડોક્ટર નામના વ્યક્તિને બોલાવાયો હતો. આ માણસે ખિચડી તો બનાવવાની હતી નહીં કે અડધા કલાકમાં બધું તૈયાર થઈ જાય. કેમિકલ મિક્સ કરીને દારૂ બનાવાય પછી બોટલમાં ભરાય, ઢાંકણાં લગાવાય, સ્ટીકર લગાવાય એ બધાં કામમાં માણસો પણ જોતરવા પડે ને સમય પણ લાગે. પોલીસની મહેરબાની વિના આ બધું ચાલતું હોય એ શક્ય જ નથી.

ગુજરાતમાં દારૂબંધી માટે કડક કાયદા છે પણ તેનો અમલ થતો નથી એ સ્પષ્ટ છે. આ અમલ નથી થતો કેમ કે ગેરકાયદેસર દારૂના ધંધામાં અબજોની કમાણી છે. આ કમાણીમાં બધાંની ભાગબટાઈ છે તેથી દારૂબંધી કાગળ પર જ રહી ગઈ છે. શરમ સાથે સ્વીકારવું પડે છે કે, આ સ્થિતિ કોઈ બદલી શકે તેમ નથી.

## સ્પર્શની લિપિ ને હસ્તાક્ષરનું વિજ્ઞાન

# કાગળ પર સચવાયેલા અસ્તિત્વની વિદાય

- હસ્તાક્ષરનું પોતાનું એક ઊંડું મનોવિજ્ઞાન છે. કાગળ પર પેન ઘસતી વખતે પડતું દબાણ, અક્ષારોનો ઢાળ અને બે શબ્દો વચ્ચે છૂટતી જગ્યા આ બધું જ લખનારની માનસિક અવસ્થાનો અરીસો છે.

કી-બોર્ડના આગમને માત્ર આપણી કલમ નથી છીનવી, તેણે માણસના અસ્તિત્વનો એક જીવંત હિસ્સો હડપી લીધો છે. કમ્પ્યુટર કે સ્માર્ટફોનના પડદા પર ટાઈપ થયેલા અક્ષરો એકદમ સપ્રમાણ, સુંદર અને ભૂલરહિત હોય છે, પરંતુ તે સદંતર ભાવશૂન્ય હોય છે. ડિજિટલ પડદા પર ચમકતા અક્ષરો કોઈ લાગણી નથી ધરાવતા, તે માત્ર યાંત્રિક બીબાં છે. એક જ કી-બોર્ડ પરથી ટાઈપ થયેલો પ્રેમપત્ર અને રાજીનામાનો પત્ર દેખાવમાં એકસરખા જ લાગે છે, કારણ કે યંત્ર પાસે માણસાઈનો ધબકારો નથી. આનાથી તદ્દન વિપરીત, હસ્તાક્ષર એ માત્ર અક્ષરોની ગોઠવણી નથી, તે માણસના શ્વાસ, તેની મનોવૃત્તિ અને તેના આત્માનો કાગળ પર ઊતરેલો કાર્ડિયોગ્રામ છે. હસ્તાક્ષરમાં કંપન છે, ઉતાવળ છે, ઠહેરાવ છે અને સ્પર્શની એક જીવંત લિપિ છે.

હસ્તાક્ષરનું પોતાનું એક ઊંડું મનોવિજ્ઞાન છે. કાગળ પર પેન ઘસતી વખતે પડતું દબાણ, અક્ષરોનો ઢાળ અને બે શબ્દો વચ્ચે છૂટતી જગ્યા આ બધું જ લખનારની માનસિક અવસ્થાનો અરીસો છે. ગુસ્સામાં લખાયેલા અક્ષરો કાગળની છાતી ચીરી નાખે તેવા ભારપૂર્વકના હોય છે, જ્યારે પ્રેમમાં લખાયેલા અક્ષરોમાં એક વળાંક અને સુંવાળપ હોય છે. વૃદ્ધાવસ્થામાં ધ્રૂજતા હાથે લખાયેલા અક્ષરોમાં માત્ર ઉંમરનો થાક નથી હોતો, પણ જિંદગીનો આખો નિચોડ વહેતો હોય છે. જૂના સમયમાં જ્યારે ટપાલી કવર આપી જતો ત્યારે પરબીડિયા પર સરનામાના અક્ષરો જોઈને જ ઘરના સભ્યો ઓળખી જતા કે કાગળ કોણે લખ્યો છે. હસ્તાક્ષર એ માણસનો ચહેરો જોયા વિના તેનો અવાજ સાંભળવાની કળા હતી. ડિજિટલ યુગના મેસેજમાં આપણે આ ઓળખ ગુમાવી બેઠા છીએ. ત્યાં બધું જ એકસરખું, અનામી અને શીતળ છે.

કોઈ જૂની સંદૂકમાંથી વર્ષો પહેલાં લખાયેલો પત્ર મળે અને તેમાં શાહી ફેલાઈ ગયેલો કોઈ ડાઘ દેખાય તો સમજાય કે આ કાગળ લખતી વખતે કોઈની આંખમાંથી આંસુ ટપક્યું હશે. કોઈ અક્ષર પર પેન થંભી ગઈ હોય તો સમજાય કે અહીં લખનાર કોઈ ઊંડી વિચારમગ્ન અવસ્થામાં સરી ગયો હશે. છેકછાક કરેલા શબ્દો બતાવે છે કે મનમાં ચાલી રહેલા સંઘર્ષ અને કાગળ પર ઊતરતા વિચારો

વચ્ચે કેવું દ્વંદ્વ ચાલતું હશે. ટાઈપિંગમાં તો એક બટન દબાવીને ભૂતકાળ ભૂંસી શકાય છે, પણ હસ્તાક્ષરમાં થયેલી છેકછાક એ મનુષ્યની અપૂર્ણતાનો અને તેની નિખાલસતાનો સૌથી મોટો પુરાવો છે. પેનની શાહી સાથે માણસની સંવેદનાઓ ઘૂંટાઈને કાગળ પર કાયમી દસ્તાવેજ બની જતી. આપણે માત્ર કાગળ અને પેન નથી ત્યજ્યાં, આપણે એકબીજા સાથે જોડાવાની ધીરજ અને અંગત સ્પર્શની ઉષ્મા ગુમાવી દીધી છે.

ઈતિહાસના પાને નોંધાયેલું કવિવર રવીન્દ્રનાથ ટાગોરનું ઉદાહરણ આ વાતની જીવંત સાક્ષી પૂરે છે. નોબેલ પારિતોષિક વિજેતા ટાગોરની મૂળ હસ્તપ્રતો જોવી એ એક લહાવો છે. (આવો જ લહાવો સિદ્ધહસ્ત સર્જક ચન્દ્રકાન્ત બક્ષીના હસ્તાક્ષરવાળી કૃતિઓ જોવા-વાંચવાનો છે) કવિતા લખતી વખતે જ્યારે કોઈ શબ્દ ખોટો પડતો કે વિચાર બદલાતો, ત્યારે ટાગોર તેને માત્ર એક સીધી લીટી મારીને છેકી નાખવાને બદલે એ છેકછાક પર પોતાની પેન ફેરવીને તેમાંથી કોઈ પક્ષી, વેલ કે કોઈ રહસ્યમય આકાર કંડારી દેતા! ભૂલને ઢાંકવાની કે ભૂંસવાની આ કેવી કલાત્મક રીત! તેમની હસ્તપ્રતોમાં રહેલી આ છેકછાક આજે વિશ્વભરમાં ચિત્રકળાના એક અદ્ભુત નમૂના તરીકે સચવાયેલી છે. જો ટાગોર એ સમયે કૉમ્પ્યુટર પર લખતા હોત અને તેમણે બેકસ્પેસ બટનનો ઉપયોગ કર્યો હોત તો કવિના મનમાં ચાલતા એ સર્જનાત્મક દ્વંદ્વ અને એમાંથી જન્મેલાં અદ્ભુત ચિત્રોને દુનિયાએ કાયમ માટે ગુમાવી દીધાં હોત. ડિજિટલ સ્ક્રીન તમારી ભૂલોને કોઈ નામ-નિશાન વિના ભૂંસી નાખે છે, તેનો કોઈ ઈતિહાસ નથી હોતો; જ્યારે કાગળ પર થયેલી ભૂલો અને હસ્તાક્ષરની મથામણ પણ ક્યારેક મહાન કળાનું સ્વરૂપ ધારણ કરી લે છે.

મૃત્યુ પછી માણસ જ્યારે ભૌતિક સ્વરૂપે વિદાય લે છે ત્યારે તેની પાછળ રહી ગયેલી તેની ડિજિટલ ફાઈલો ક્યારેય એવો ખાલીપો નથી ભરી શકતી જેવી કોઈ જૂની ડાયરીમાં તેના હાથે લખાયેલી નોંધ ભરી શકે છે. પિતાના હસ્તાક્ષરવાળી કોઈ જૂની ચોપડી કે દાદાના ધ્રૂજતા હાથે લખાયેલો કોઈ હિસાબનો કાગળ અચાનક હાથમાં આવે ત્યારે એવું લાગે છે જાણે તેઓ હજુ પણ આપણી આસપાસ શ્વાસ લઈ રહ્યા છે. હસ્તાક્ષર એ માણસના અસ્તિત્વના અવશેષ છે, જે કાળના પ્રવાહ સામે અડીખમ ઊભો રહે છે. ભવિષ્યની પેઢી કદાચ એવી આવશે જેણે ક્યારેય પોતાના પ્રિયજનના હસ્તાક્ષર જોયા જ નહીં હોય. તે કાચની લીસ્સી સ્ક્રીન પર ટાઈપ કરતા રહેશે, પણ કોઈના અક્ષરોમાં છુપાયેલા વહાલને આંગળીઓના ટેરવે સ્પર્શવાની જે દિવ્ય અનુભૂતિ હતી તેનાથી તે બધા કાયમ માટે વંચિત રહી જશે. મશીને આપણા શબ્દોને ઝડપ ચોક્કસ આપી છે, પણ અક્ષરોમાંથી આપણો આત્મા છીનવી લીધો છે.

## સંતાન પિતાની છાયામાંથી ત્યારે જ બહાર આવે છે જ્યારે તેને સમજાય છે

# પિતાની વિરાસતનો ભાર નહીં, પોતાની ઓળખનો પ્રકાશ...

## મનોવિજ્ઞાનની ભાષામાં કહીએ તો બાળકની ઓળખનો એક મોટો ભાગ માતા-પિતાની સાથેની સરખામણીમાંથી બને છે.

કેટલાક પિતા સંતાન માટે કેવળ વારસો જ છોડીને જતા નથી, તે તેમની સિદ્ધિની એક વિશાળ છાયા છોડીને જાય છે. તેમની સફળતા એટલી અસાધારણ હોય છે કે તેમનું સંતાન જ્યારે મોટું થઈને પોતાની સ્વતંત્ર ઓળખ બનાવવાની શરૂઆત કરે ત્યારે તેની સામે પહેલો પ્રશ્ન એ નથી હોતો કે 'હું શું કરી શકું તેમ છું?' તેનો પ્રશ્ન એ હોય છે કે 'હું તેમનાથી અલગ શું કરી શકું?' કારણ કે સમાજ હંમેશાં સંતાનના કદને તેના પિતાના પડછાયાથી માપે છે. અને કદાચ આ જ કારણ છે કે શૂન્યમાંથી શરૂ કરીને પોતાના ક્ષેત્રમાં અસાધારણ સિદ્ધિ મેળવનારા પિતાનાં સંતાનો માટે પોતાની આગવી ઓળખ બનાવવી ઘણી વાર વધુ મુશ્કેલ બની જાય છે. (જાણીતું ઉદાહરણ : અભિષેક બચ્ચન) પિતાની નિષ્ફળતા સંતાન માટે એક ખાલી જગ્યા છોડે છે, જેને તે પોતાની રીતે ભરી શકે, પરંતુ પિતાની મહાનતા એક રેડી-મેડ માપદંડ ઊભો કરી દે છે. પછી સંતાન જે કંઈ કરે છે તેની સરખામણી એક એવી વ્યક્તિ સાથે થવા લાગે છે જેની સાથે સ્પર્ધા કરવી જ મૂળભૂતરીતે અશક્ય છે.આનું શ્રેષ્ઠ અપવાદરૂપ ઉદાહરણ ભારતની અવ્વલ દરજ્જાની ફોટોગ્રાફર અવની રાય છે. કદાચ તમે તેનું નામ ન સાંભળ્યું હોય તેમ બને, પણ તમને એવું કહેવામાં આવે કે તે ભારતના એક શ્રેષ્ઠતમ ફોટોગ્રાફર રઘુ રાયની દીકરી છે તો તમને પરિચિતતાનો અહેસાસ થશે.ગયા એપ્રિલ મહિનામાં જ ૮૪ વર્ષની વયે અવસાન પામેલા (અને જેમના વિશે આપણે અહીં જ વાત કરી હતી) રઘુ રાયે ભારતની સામૂહિક સ્મૃતિનો એક મોટો હિસ્સો કૅમેરામાં કેદ કર્યો હતો. ભોપાલ ગૅસ દુર્ઘટનાથી માંડીને મધર ટેરેસા સુધીની તેમની તસવીરો માત્ર તસવીરો નહોતી, ભારતને જોવાની એક આગવી રીત હતી.આવા પિતાની પુત્રી જો ફોટોગ્રાફર બને તો તેની સૌથી મોટી મુશ્કેલી કૅમેરા ચલાવવાની નહીં, 'પોતાની નજર શોધવાની' હોય. અવનીએ આ મુશ્કેલીમાંથી પસાર થવું પડ્યું હતું. શરૂઆતમાં તે પિતાને કહેતી કે 'હું તમારા જેવી નથી.' પછી તેને સમજાયું કે પિતાની જેમ જોવું અને પિતાની નકલ કરવી, તે બે તદ્દન જુદી વાત છે.

મનોવિજ્ઞાનની ભાષામાં કહીએ તો બાળકની ઓળખનો એક મોટો ભાગ માતા-પિતાની સાથેની સરખામણીમાંથી બને છે. બાળક માટે પિતા શરૂઆતમાં માત્ર પિતા નથી હોતા. તે સફળતા, સત્તા, જ્ઞાન અને સ્વીકારનો પ્રથમ માપદંડ હોય છે. એટલે પિતા જો અસાધારણ હોય તો બાળકના મનમાં એક અદૃશ્ય છાપ ઊભી થાય છે; 'મારે પણ એમના જેવું જ બનવું છે.'બસ, અહીંથી સમસ્યા શરૂ થાય છે, કારણ કે 'પિતા જેવું બનવું' અને 'પોતે બનવું' એક જ વાત નથી. એકમાં અનુકરણ છે, બીજામાં આત્મશોધ. એકમાં સ્વીકૃતિ મેળવવાની ઈચ્છા છે, બીજામાં પોતાની અંદરની નોખી સંભાવનાને ઓળખવાની પ્રક્રિયા.અવની રાયની યાત્રા અહીં રસપ્રદ બને છે. એક સમયે પિતા અને પુત્રી વચ્ચે ફોટોગ્રાફીને લઈને ઘર્ષણ થતું. રઘુ રાય પોતાની પાંચ દાયકાથી ઘડેલી દૃષ્ટિ પુત્રીને ઝડપથી આપી દેવા માગતા હતા, પણ અવનીને લાગતું હતું કે તેણે પોતાનો રસ્તો તેને જાતે શોધવા દેવો જોઈએ. તે કહેતી કે પિતા તેને કેવી રીતે ફોટોગ્રાફ લેવો તે કહેતા ત્યારે તેનો અંદરનો અવાજ બળવો કરતો. જોકે સમય જતાં તેને સમજાયું કે પિતાની પાસેથી મળેલો સૌથી મોટો વારસો તેમની તસવીરો નહોતી, 'જોવાની રીત' હતી.સ્વસ્થ વિરાસત તે નથી જેમાં સંતાન માતા-પિતાનું કામ આગળ વધારે - સ્વસ્થ વિરાસત તે છે જેમાં સંતાન માતા- પિતાનાં મૂળ મૂલ્યોને પોતાની ભાષામાં જીવતાં કરે. રઘુ રાયે પુત્રી અવનીને કોઈ તૈયાર 'ફોટોગ્રાફિક સ્ટાઈલ' આપી નહોતી.તેમણે તેને જિજ્ઞાસા, ધીરજ અને દુનિયાને ધ્યાનથી જોવાની ટેવ આપી. એટલે અવનીએ પિતાની તસવીરોનું પુનરાવર્તન કર્યું નહીં- તેણે પિતાની 'દૃષ્ટિની પાછળ રહેલી માનસિકતા' પોતાના કામમાં રૂપાંતરિત કરી. અહીં ભોપાલની વાર્તા એટલી પ્રતીકાત્મક છે. ૧૯૮૪માં રઘુ રાયે ભોપાલ ગેસ દુર્ઘટનાની ભયાનક માનવીય અસરને તસવીરોમાં કેદ કરી હતી. ત્રણ દાયકા પછી અવની એ જ ઘટનાની ત્રીજી અને ચોથી પેઢીના ભોગ બનનારાઓ સુધી પહોંચી. ઘા એ જ હતો, પરંતુ નજર અલગ હતી. પિતાએ ઈતિહાસની એક ક્ષણ જોઈ હતી; પુત્રીએ સમય પછી પણ ન મટેલો તેમનો ઘા જોયો. આ નકલ નહોતી, સંવાદ હતો.

રઘુ રાયની અધૂરી રહેલી Pirelli Calendar સફરને અવનીએ આગળ વધારી ત્યારે પણ તેણે પિતાની તસવીરોનું માત્ર પુનરાવર્તન કર્યું નહોતું. તેણે જૂની તસવીરોને નવી જગ્યાઓ, નવા લોકો અને પોતાના વર્તમાન સાથે વાત કરાવી. ભૂતકાળ અને વર્તમાન એક જ ફ્રેમમાં આવી ગયા.

સંતાન પિતાની છાયામાંથી ત્યારે જ બહાર આવે છે જ્યારે તેને સમજાય છે કે છાયા સાથે લડવાની જરૂર નથી. છાયા તો પ્રકાશ હોવાનો પુરાવો છે. સમસ્યા ત્યારે છે જ્યારે આપણે છાયાને પોતાનું આકાશ માની લઈએ. મહાન પિતાની સામે સંતાનનું કામ પિતાને પાછળ છોડવાનું નથી. પિતાથી એટલું દૂર જવાનું છે કે પોતાની દિશા દેખાય અને એટલું નજીક રહેવાનું છે કે મૂળિયાં ભૂલાય નહીં.

અવની માટે આ પરિવર્તન કદાચ પિતાના મૃત્યુ પછી વધુ સ્પષ્ટ થયું. તેણે એક જગ્યાએ કહ્યું હતું કે પહેલાં તે પિતાની દીકરી તરીકે પોતાને સાબિત કરવા માટે ફોટોગ્રાફ લેતી હતી; હવે જ્યારે કેમેરાના વ્યૂફાઈન્ડરમાંથી જુએ છે ત્યારે તેને પિતા પોતાની બાજુમાં ઊભેલા દેખાય છે. આ વાક્ય માત્ર શોકનું નથી, ઓળખ પરિપક્વ થવાનું પણ છે. જ્યાં સુધી આપણે કંઈક સાબિત કરવા માટે જીવીએ છીએ ત્યાં સુધી આપણું જીવન ખરેખર આપણું નથી. જે દિવસે સાબિત કરવાની જરૂરિયાત ખતમ થાય છે, તે દિવસે સર્જન શરૂ થાય છે.મહાન પિતાનો સૌથી મોટો આશીર્વાદ ક્યારેક તેમની સફળતા નથી હોતો- પોતાની સફળતાની સામે સંતાનને નાનું ન અનુભવવા દેવાની તેમની ક્ષમતા હોય છે અને સંતાનની સૌથી મોટી સફળતા પિતાથી મોટા બનવામાં નથી- પિતાની મહાનતાને પોતાના વ્યક્તિત્વનો બોજ બનવા ન દેવામાં છે. રઘુ રાયે અવનીને એક કેમેરો આપ્યો હતો, પરંતુ અંતે તેને પોતાનો 'વ્યૂફાઈન્ડર' શોધવું પડ્યું. કેમેરો વારસામાં મળી શકે, દૃષ્ટિ નહીં. પિતા પાસેથી જોવાની કળા શીખી શકાય, પરંતુ દુનિયાને પોતાની રીતે જોવાની નજર જાતે જ કેળવવી પડે. કદાચ એટલે અવની રાયની વાર્તા માત્ર એક દીકરીની સફળતાની વાર્તા નથી. તે દરેક એવા સંતાનની વાર્તા છે .

# નિરૂપા રોય- મનહર દેસાઈની ફાઇવ સ્ટાર પૌરાણિક જોડી



ભારતીય ચિત્રપટની કેટલીક એવી ખાસિયત છે જે તમને અન્ય દેશોની ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ભાગ્યે જ જોવા મળે. જેમ કે ગીત-સંગીત, નૃત્ય, ચમત્કાર... લિસ્ટ લાંબું છે જેમાં એક ખાસિયત છે હીરો-હીરોઈનની જોડીનો. ૯૦ વર્ષ પહેલાં બૉમ્બે ટોકીઝના બૅનર હેઠળ બનેલી 'અછૂત કન્યા'માં અશોક કુમાર-દેવિકા રાનીથી હિન્દી ફિલ્મોમાં રૂપેરી પડદા પર જોડી જામવાની પરંપરા શરૂ થઈ હોવાનું માનવામાં આવે છે. હિન્દી સિવાય સાઉથની ભાષાઓમાં એમજીઆર-સરોજાદેવી સહિત અનેક જોડી જોવા મળી છે. બંગાળી ફિલ્મોમાં ઉત્તમ કુમાર-સુચિત્રા સેન, મરાઠીમાં અરુણ સરનાઈક-જયશ્રી ગડકર અને ગુજરાતી ચિત્રપટમાં તો ઉપેન્દ્ર ત્રિવેદી-સ્નેહલતાની બોલબાલા હતી.

ત્રીજી ઑગસ્ટના દિવસે જેમની જન્મજયંતી હતી એ ગુજરાતી અને હિન્દી ફિલ્મોના અભિનેતા મનહર દેસાઈની પણ ગુજરાતી ફિલ્મોથી ચમકી હિન્દી ફિલ્મોમાં પ્રસિદ્ધિ મેળવનારાં નિરૂપા રૉય સાથે ફિલ્મોમાં જોડી જામી હતી. ૧૯૪૮માં રિલીઝ થયેલી ગુજરાતી ફિલ્મ 'ગુણસુંદરી'માં પહેલી વાર નાયક-નાયિકા તરીકે ઝળક્યા પછી ગુજરાતી અને હિન્દીમાં કુલ બે ડઝન ફિલ્મોમાં આ જોડી જામી હતી, બોલો! હિન્દી સિનેમામાં લીડ પેર તરીકે સૌથી વધુ ફિલ્મ (૩૦થી વધારે) કરવાનો વિક્રમ ધર્મેન્દ્ર-હેમા માલિનીના નામ પર છે.

ઉત્તમ કુમાર-સુચિત્રા સેન પણ ૩૦ ફિલ્મમાં હીરો-હીરોઈન તરીકે જોવા મળ્યાં છે. ગુજરાતી ફિલ્મોના નિર્માણમાં મોટી ભરતી આવી હતી એ ૧૯૭૦ના દાયકામાં ઉપેન્દ્ર ત્રિવેદી-સ્નેહલતાની જોડી પણ હિટ સાબિત થઈ હતી. ૧૭ વર્ષમાં (૧૯૪૮થી ૧૯૬૫) નિરૂપા રૉય-મનહર દેસાઈ ૨૪ ફિલ્મમાં સાથે જોવા મળ્યાં જેમાં ચાર ગુજરાતી હતી અને અન્ય ૨૦ હિન્દી ફિલ્મો હતી.

નિરૂપા રૉય અને મનહર દેસાઈ વચ્ચે ઉંમરમાં ૧૪ વર્ષનો તફાવત હતો. જોકે બંનેની ફિલ્મ કરિયરની શરૂઆત લગભગ સાથે થઈ. નિરૂપાજીની પહેલી ફિલ્મ હતી 'રાણકદેવી' (૧૯૪૬). ૧૯૪૬માં રિલીઝ થયેલું આ એકમાત્ર ગુજરાતી ચિત્રપટ હતું. સૌરાષ્ટ્રનાં રાણીની કથા ધરાવતી આ ફિલ્મને સિને રસિકોનો સારો આવકાર મળ્યો હતો અને આ ફિલ્મથી કલ્પનાના રંગો પૂરેલી ઐતિહાસિક ગુજરાતી ચિત્રપટ નિર્માણને વેગ મળ્યો.



મનહર દેસાઈની પહેલી ફિલ્મ હતી ૧૯૪૭ની 'તૂફાની સ્વર'. અને ૧૯૪૮માં આવી ગુજરાતી ફિલ્મ 'ગુણસુંદરી'.રતિભાઈ પુનાતર દિગ્દર્શિત આ ફિલ્મ ૧૭ વર્ષનાં નિરૂપાજી અને ૩૧ વર્ષના મનહરભાઈ ને લીડ રોલમાં સાથે ચમકાવતી પહેલી ફિલ્મ હતી. ફિલ્મને ફાંકડો પ્રતિસાદ મળ્યો (૪૦ અઠવાડિયાં ચાલી) અને બંને કલાકારને સ્ટારડમ મળી ગયું. જોડી તરીકે દર્શકોની નજરમાં વસી ગયાં અને ફિલ્મમેકરો વહેતી ગંગામાં હાથ ધોવા માટે થનગનવા લાગ્યા.

આ જોડીની ફિલ્મોની યાદી પર નજર નાખતાં તેમણે નાયક-નાયિકાનો રોલ કર્યો હોય એવી પહેલી ચાર ફિલ્મ ગુજરાતી છે. ૧૯૪૮માં રતિભાઈએ નિરૂપાજી અને મનહરભાઈને લઈને બીજી ફિલ્મ બનાવી 'નંણદ ભોજાઈ'. આ ફિલ્મ ગુજરાતી અને હિન્દી (નનદ-ભૌજાઈ) એમ બંને ભાષામાં રિલીઝ થઈ હોવાની નોંધ છે. ગુજરાતીમાં સંગીત અવિનાશ વ્યાસનું હતું જ્યારે હિન્દીમાં બુલો સી. રાની સંગીતકાર હતા. રતિભાઈની જ 'મંગળફેરા' જોડીની ત્રીજી ફિલ્મ હતી અને ગીતા દત્ત-એ. આર. ઓઝાએ ગાયેલા યુગલગીત 'રાખનાં રમકડાં મારા રામે, હે મારા રામે રમતા રાખ્યા રે, મૃત્યુલોકની માટીમાંથી માનવ કહીને ભાખ્યાં રે' ઘેર ઘેર ગુંજ્યું અને આજે પણ અનેકના હોઠ પર રમતું હશે. જોડીની ચોથી ગુજરાતી ફિલ્મ હતી ફરી રતિભાઈ દિગ્દર્શિત અને શ્રી દેશી નાટક સમાજ માટે પ્રભુલાલ દ્વિવેદી લિખિત પ્રસિદ્ધ નાટક 'ગાડાનો બેલ' પરથી બનેલી એ જ નામની ફિલ્મ. આ ફિલ્મને પણ સારી સફળતા મળી હતી. આમ નિરૂપા રૉય-મનહર દેસાઈએ સાથે કામ કર્યું હતું એ પ્રથમ ચારેય ગુજરાતી ફિલ્મોને સારી સફળતા મળી હતી.જોડીની લોકપ્રિયતા જોઈ હિન્દીમાં પૌરાણિક-સામાજિક ચિત્રપટ બનાવતા રમણ બી. દેસાઈએ ૧૯૫૩માં 'નાગ પંચમી' નામની ફિલ્મ બનાવી. ફિલ્મને બૉક્સ ઑફિસ પર ધરખમ સફળતા મળી પછી આ હીરો અને હીરોઈન માયથોલૉજિકલ ફિલ્મો બનાવતા મેકરોના ફેવરિટ બની ગયા. એમની ફિલ્મોની યાદી પર નજર ફેરવતાં 'નાગ પંચમી'ના પ્રભાવનો ખ્યાલ આવે છે. 'નાગ પંચમી' સહિત જે ૨૧ ફિલ્મમાં આ જોડી ચમકી એમાંથી પાંચેક ફિલ્મ બાદ કરતાં બાકીની બધી પૌરાણિક અથવા ધાર્મિક કે ઐતહાસિક ફિલ્મ હતી. મનહર દેસાઈ-નિરૂપા રૉય માયથોલૉજિકલ ફિલ્મોની જોડી નંબર વનનો દરજ્જો ધરાવતી હતી.

નિરૂપા રૉય-મનહર દેસાઈની લીડ રોલમાં પહેલી ફિલ્મ હતી ૧૯૪૮ની 'ગુણસુંદરી.' આ એક સામાજિક ચિત્રપટ હતું. તેમની અંતિમ ફિલ્મ હતી 'સતી નારી' (૧૯૬૫) જે પૌરાણિક ફિલ્મ હતી. જોકે ફિલ્મ સાઇન કર્યા પછી કોઈ મતભેદ થવાથી નિરૂપાજીએ ફિલ્મ છોડી દીધી હતી અને અનિતા ગુહાને સાઈન કરવામાં આવ્યાં હતાં. આમ આ જોડીની રિલીઝ થયેલી અંતિમ ફિલ્મ હતી 'શંકર સીતા અનસૂયા' (૧૯૬૫) અને એ પણ પૌરાણિક ફિલ્મ હતી. આ યાદીમાં પહેલી ચાર ગુજરાતી અને બાકીની ફિલ્મ હિન્દી છે.




# 'ખતરો કે ખિલાડી ૧૫'માં વોટર-એર સ્ટંટ બાદ જસ્મિન ભસીનની યાદદાસ્ત ગઈ

### ડોક્ટર્સે જસ્મિનને ૭૨ કલાક સંપૂર્ણ આરામની સલાહ આપી

અભિનેત્રી જસ્મિન ભસીને 'ખતરો કે ખિલાડી ૧૫' દરમિયાન થયેલી ગંભીર ઈજા અંગે ખુલાસો કર્યો છે. એક પડકારજનક વોટર અને એર સ્ટંટ દરમિયાન તેને માઈલ્ડ કનકશન (મગજ પર લાગેલો આઘાત) થયું હતું અને ત્યારબાદ તેને થોડા સમય માટે મેમરી લોસનો અનુભવ થયો હતો. ડૉક્ટર્સે તેને ૭૨ કલાક સંપૂર્ણ આરામ કરવાની સલાહ આપી હતી.જસ્મિન ભસીનએ આ ઘટના યાદ કરતાં જણાવ્યું કે સ્ટંટ બાદ શું થયું તેમાંથી તેને કશું પણ આજે પણ યાદ નથી.તેણે કહ્યું, ''આ અનુભવ મારા માટે બહુ અણધાર્યો હતો. સ્ટંટ બાદ તરત શું થયું તે મને યાદ નથી અને આજે પણ આ સમગ્ર ઘટનાનો એક ભાગ એવો છે જેમાંથી મને કંઈ યાદ નથી. ડૉક્ટર્સે મને માઈલ્ડ કનકશન હોવાનું જણાવ્યું હતું અને ૭૨ કલાક સંપૂર્ણ આરામ કરવાની સલાહ આપી હતી.''આ ઘટના રોહિત શેટ્ટી દ્વારા હોસ્ટ કરવામાં આવતા સ્ટન્ટ આધારિત રિયાલિટી શો 'ખતરો કે ખિલાડી ૧૫' દરમિયાન બની હતી. શોમાં સ્પર્ધકોને ઊંચાઈ, પાણી, વાહનો અને અન્ય જોખમી પરિસ્થિતિઓ સાથે જોડાયેલા શારીરિક રીતે પડકારજનક સ્ટન્ટ્સ કરવા પડે છે.જસ્મિન માટે આ ઈજા ભાવનાત્મક રીતે પણ પડકારજનક રહી હતી. જોકે, તેણે મુશ્કેલ સમયમાં મળેલા સહયોગ માટે સમગ્ર ટીમનો આભાર માન્યો હતો.જસ્મિને જણાવ્યું, ''રોહિત સર, ચેનલ અને પ્રોડક્શન હાઉસે ખુબ જ સહયોગ આપ્યો અને મારી ખુબ કાળજી લીધી. સેફ્ટી ટીમ અને ડૉક્ટર્સ પણ સતત મારી તબિયત પર નજર રાખતા હતા અને ઘણી મદદ કરી હતી. આ અનુભવ ભાવનાત્મક રીતે પડકારજનક હતો, પરંતુ તેણે મને મારી જાત વિશે ઘણું શીખવ્યું. હું કદાચ ડરી ગઈ હતી, પરંતુ અંતે મેં ફરી મારી અંદરની લડાયક ભાવના શોધી કાઢી.''

# પરવીન બાબીના લગ્ન થયા હતા ખરાં?

૨૦ જાન્યુઆરી, ૨૦૦૫ના દિવસે પોતાના જ ફ્લેટમાંથી પરવીન બાબી મૃત અવસ્થામાં મળી આવી. એ ઘટના અત્યંત દુઃખદ તેમજ અનેક પ્રશ્નો સર્જે તેવી હતી. એ વખતે પરવીન બાબી વિષેની ઓથેન્ટિક વિગતો અને હકીકત જાણવા માટે હું જૂનાગઢના તેના કેટલાંક પરિચિતો તેમજ રિશ્તેદારોને મળ્યો હતો પરંતુ, એ વખતે મારે કોઈ ગોસિપ (પરવીન-કબીરના લગ્ન થયેલાં કે કેમ, મહેશ ભટ્ટ સાથે શું થયું હતું વગેરે) ના ખુલાસા મેળવવાના

નહોતા બલ્કે, વિચિત્ર સંજોગોમાં થયેલાં મૃત્યુ અને એ પહેલાંની વિગતો જ જાણવાની હતી. સંબંધો હતા ત્યારે પરવીન બાબી પોતાની સાથે મહેશ ભટ્ટને પણ જૂનાગઢ લાવી હતી અને બન્નેને ફેરવનારી વ્યક્તિએ મને એ વખતની ઘણી વાતો કહી હતી. એ પણ જાણવા મળેલું કે મુંબઈના ફ્લેટમાં પરવીન બાબી બેઠી-બેઠી ઘણું બધું લખ્યાં કરતી હતી (પણ એ શું હતું? એ વાત ક્યારેય બહાર ન આવી) એ માહિતી પણ મળી હતી, પરંતુ પરવીન બાબીના અવસાનના સોળ વરસ પછી (૨૦૨૧માં) અભિનેતા કબીર બેદીએ પોતે લખેલી બાયોગ્રાફી સ્ટોરીસ આઈ મસ્ટ ટેલ (ધ ઈમોશનલ લાઈફ ઓફ એન એક્ટર) પ્રસિદ્ધ થઈ, તેમાં તેણે એક એવી વાતનો ઉલ્લેખ કર્યો છે કે, ચોંકી જવાય. પોતાના પુસ્તકમાં કબીર બેદીએ



લખ્યું છે કે પરવીન બાબી તેને (કે ડેની ડેંઝોપાને) મળી એ પહેલાં જ તેના નિકાહ થઈ ગયા હતા.ફિલ્મનામા કોલમ વાંચનારા જાણે છે કે આ કોલમમાં ફિલ્મોને લગતી કપોળ કલ્પિત વાતો લખાતી નથી. ગોસિપનો ઉલ્લેખ (જરૂરી હોય તો જ) પણ અહીં ગોસિપ તરીકે થાય છે એટલે પરવીન બાબીના નિકાહની વાતવાળો ઉલ્લેખ પણ ઠોસ તથ્યોના આધારે જ અહીં કરવામાં આવી રહ્યો છેપ પ્રોતિમા બેદીના પતિ કબીર બેદીના અતરંગ પરિચયમાં આવ્યા પછી પરવીન બાબી એટલી પઝેસિવ રહેતી કે કબીર બેદીને પ્રોતિમા બેદીના ઘેર રોકાવા દેતી નહોતી. કબીર બેદી પરવીન બાબીના ઘેર જ રહેતો પણ કપડાં માટે, બાળકોને મળવા માટે એ જુહુના બીચહાઉસ (જે કબીરે પૂજા બેદીના નામે કરેલું) જતો પરંતુ પરવીનને એ પણ ખટક્તું. તું મને છોડી દઈશ — એ ડર બતાવી-બતાવીને પરવીન બાબીએ કબીર બેદીને છૂટાછેડા માટે તૈયાર કર્યો પણ કબીર બેદીએ લખ્યું છે તેમ, પ્રોતિમા સાથેના છૂટાછેડા તેમજ તે પૂર્વેની શરતો નક્કી કરવા માટે પરવીન બાબીનો સેક્રેટરી કમ મેનેજર વેદ શર્મા જતો પણ એ નહોતો ઈચ્છતો કે અમારા છૂટાછેડા થાય કારણકે ડિવોર્સ પછી (જો) હું અને પરવીન પરણી જઈએ તો તેની આવકનું સાધન રખડી પડે કારણકે (સિત્તેરના દશકામાં) પરણેલી હિરોઈનની બોલબાલા રહેતી નહોતીપવેદ શર્માના ટોળટપાકાંમાં સમય વેડફાતો હતો પણ એ દરમિયાન કબીર બેદીનો સ્ટાર પાવર અને પરવીન બાબીનો મનોરોગ વધતો ગયો. કબીરના કારણે જ પરવીને ઈટાલિયન ટીવી સિરિયલનો બીજો ભાગ સાઈન કરી લીધો હતો અને એ જ અરસામાં ભારતમાં અમર, અકબર, એન્થોની સુપરડુપર હિટ થઈ હતી.હિન્દી ફિલ્મોમાં પરવીન બાબીની ડિમાન્ડ રાતોરાત વધી ગઈ. વેદ શર્મા તેને ભારત આવવાનો આગ્રહ કરતો રહ્યો પણ ટીવી સિરિયલ સાઈન કરી હોવાથી પરવીન બાબી ભારત આવી શક્તી નહોતી. (કદાચ, આ અકળામણે પરવીનની મનોદશા વધુ ડહોળી નાખી હોય એવું બની શકે) એ જ અરસામાં એક રાતે પરવીન બાબીની મનોદશાએ વળી ઊથલો માર્યો, તેનો ડાયાલોગ સાથેનો ઉલ્લેખ કબીર બેદીએ પોતાની બાયોગ્રાફીમાં કર્યો છે.કબીર બેદી એ રાતે પરવીન બાબીના અવસાદને પામી ચૂક્યો હતો એટલે તેણે સામેથી વાત છેડી : જો જો (પરવીનનું કબીરે પાડેલું લાડકું નામ) તને ય ખબર છે અને હું ય જાણું છું કે તારી સાથે કંઈ થઈ રહ્યું છે તને શું લાગે છે કે હું પાગલ છું ?કબીર પરવીનને સમજાવે છે પણ તેનાથી અકળાઈને પરવીન તેને ચોપડાવે છેઃ તું જ મારી બિમારી છેપ હું તારી બીમારી કેવી રીતે છું તું મને છોડી દઈશ પરવીને ચિલ્લાઈને કહ્યું : મને ખબર છે કે તું મને છોડી દઈશ કબીર બેદી પરવીનને પોતાના પ્રેમ દુહાઈ આપતાં કહ્યું કે આપણે કોઈ સારા ડૉક્ટરને મળીશું, જે બધું જપ. તું મને લગ્ન કરી લેવાનું કેમ નથી કહેતો ? અચાનક જ પરવીને વાત છેડી, જે સાંભળીને કબીર બેદી આશ્ચ્રર્યચક્તિ થઈ ગયો કારણ કે આજ સુધી કબીર બેદી લગ્નનું કહેતો ત્યારે પરવીન બાબી ના પાડતી હતી. લગ્નનો ઈન્કાર કર્યા પછી એ કહેતી પણ ખરી કે તેના પરિવારે તેની શાદી કરાવી દીધી છે પણ શાદી પછી તેનો મંગેતર પાકિસ્તાન ચાલ્યો ગયો છે.

# દેવ આનંદ: 'જોખમી' પાત્ર ભજવવાની હિંમત

## રોમેન્ટિક હીરોની ઈમેજ હોવા છતાં એવરગ્રીન અદાકારે પ્રસંગોપાત બોલ્ડ થીમ ધરાવતી ફિલ્મોમાં કેન્દ્રીય પાત્ર ભજવવામાં પાછી પાની નથી કરી

હિન્દી ફિલ્મોના ઈતિહાસ પર નજર નાખીએ તો સૌથી લોકપ્રિય જોનર લવ સ્ટોરી — રોમેન્ટિક ફિલ્મો રહ્યું છે. આ રોમેન્ટિક ફિલ્મોના હીરો લોકોની વાત નીકળે તો પહેલું નામ અચૂક દેવ આનંદનું જ આવે. ૨૬ સપ્ટેમ્બર, ૧૯૨૩ના દિવસે પંજાબના ગુરદાસપુરમાં જન્મેલા ધરમદેવ પીશોરીમલ આનંદ ગ્રેજ્યુએશન પૂરું કરી મુંબઈ આવ્યા અને બે ચાર નોકરી કરી 'હમ એક હૈ'થી ફિલ્મ યાત્રા શરૂ કરી. શરૂઆતની સાધારણ ફિલ્મો પછી 'ઝીદ્દી' (૧૯૪૮)થી લોકપ્રિયતાના દોરનો પ્રારંભ થયો. તેમની ૧૯૫૦ના દાયકાની ફિલ્મોમાં (બાઝી, ટેક્સી ડ્રાઈવર, મુનીમજી, નૌ દો ગ્યારહ) દેવ આનંદ શહેરી છલનાયક છે જે જુગાર, દાણચોરી જેવા અપરાધ સાથે સંતાકૂકડી રમતો જોવા મળે છે. અલબત્ત આ ફિલ્મોમાં રોમેન્સ છે જેનો દોર નાયિકાના હાથમાં છે. ૧૯૫૮ની રાજ ખોસલા દિગ્દર્શિત 'કાલા પાની' ૧૯૬૦ના દોરની રોમેન્ટિક ફિલ્મોની સૂત્રધાર છે. 'તેરે ઘર કે સામને', 'માયા', 'અસલી નકલી', 'જબ પ્યાર કિસી સે હોતા હૈ', 'તીન દેવિયાં' વગેરેમાં પાત્ર અલગ અલગ છે, પણ રોમેન્સ કેન્દ્રમાં છે. જોકે, હેરત પમાડનારી વાત એ છે કે રોમેન્ટિક ઈમેજ બની હોવા છતાં અને એ નામના સિક્કા પડતા હોવા છતાં દેવ સાબે કેટલાક 'જોખમી' પાત્ર ભજવવાની હિંમત દેખાડી છે.

પહેલું ઉદાહરણ રાજ ખોસલાની 'બમ્બઈ કા બાબુ'નું આપી શકાય. બાબુ (દેવ આનંદ) વખાનો માર્યો અપરાધી બને છે. સંજોગો એને મુંબઈ ખેંચી લાવે છે અને અહીં એને બ્લેકમેલ કરી શાહજી નામના લખપતિના પુત્ર કુંદન તરીકે ફિટ કરી દેવામાં આવે છે. ચોરીના ઈરાદે કુંદન બનેલા બાબુને શાહજી અને તેમના પત્ની માટે આદરભાવ જાગે છે અને શાહજીની પુત્રી માયા (સુચિત્રા સેન) માટે લાગણી જન્મે છે. સમાજની નજરમાં કુંદન માયાનો ભાઈ છે, પણ કુંદન બનેલા બાબુને તો માયા સાથે પ્રેમ થયો છે. બાબુ-કુંદનની 'કશ્મકશ' અને 'બહેન' સાથે પ્રેમએ મથામણ વ્યક્ત કરવામાં દેવ આનંદ સફળ રહ્યા છે. 'હીરા પન્ના'માં ફોટોગ્રાફર હીરાની પ્રેમિકા રીમા (રાખી)ના અણધાર્યા અવસાન પછી હીરાનો સામનો રીમાની નાની બહેન પન્ના (ઝીનત અમાન) સાથે થાય છે જે

હીરાની દાણચોરી કરતી ગેંગની સાગરીત છે. પન્નાને હીરા સાથે પ્રેમ થઈ જાય છે, પણ હીરા તેની નિકટતા સાધવાની દરેક કોશિશથી દૂર રહે છે. અહીં પણ કશ્મકશ. દેવ સાબે જોખમ લીધું હોય



એવી ત્રીજી ફિલ્મ છે બી. આર. ઈશારાની 'પ્રેમશાસ્ત્ર'. ૧૯૭૪માં રિલીઝ થયેલી આ ફિલ્મનો પ્લોટ ચોંકાવનારો છે. પરિણીત પણ પત્નીના પ્રેમથી વંચિત લેખક સાગર શર્મા (દેવ આનંદ) બરખા અરોરા (ઝીનત અમાન) પ્રત્યે આકર્ષાય છે જે એની પત્ની નીલિમા શર્મા (બિંદુ)ના આગલા લગ્નથી થયેલી પુત્રી છે. અલબત્ત છેવટે અદાલતમાં નીરક્ષીર વિવેકનો વિજય થાય છે, પણ આજથી ૫૦ વર્ષ પહેલા આવી બોલ્ડ થીમની ફિલ્મમાં રોલ સ્વીકારવા ગજબની હિંમત જોઈએ જે દેવ આનંદ પાસે હતી.ઈમરાન ખાનએ ના પાડીપ૧૯૯૦માં દેવ સાબે ક્રિકેટને કેન્દ્રમાં રાખી 'અવ્વલ નંબર' નામની ફિલ્મ બનાવી હતી. ક્રિકેટના બે મહાન ખેલાડી પર ફોકસ હતું — એક નિવૃત્તિના આરે અને બીજો સુપરસ્ટાર બનવાને આરે. દેવ આનંદ 'અવ્વલ નંબર'માં પાકિસ્તાનના ભૂતપૂર્વ કેપ્ટન ઈમરાન ખાનને લેવા માગતા હતા, પણપ પણ શું થયું એ દેવ સાબનાં શબ્દોમાં જ જાણીએ. આત્મકથા 'રોમેન્સિંગ વિથ લાઈફ'માં મિસ્ટર એવરગ્રીનએ લખ્યું છે કે 'આમિર ખાનની પહેલી ફિલ્મ રિલીઝ થઈ હતી અને એ પ્રતિભાશાળી યુવા કલાકાર હતો એટલે આશાસ્પદ યુવાન ખેલાડીના રોલ માટે તેને પસંદ કર્યો અને જેની આભા ઓસરી રહી હતી એ સિનિયર ખેલાડી માટે એ સમયે નિવૃત્તિની ઘોષણા કરનાર પાકિસ્તાનના ભૂતપૂર્વ કેપ્ટન ઈમરાન ખાન પર મારી પસંદગી ઊતરી. ઈમરાન હેન્ડસમ હતો અને એનો ચહેરો ફોટોજેનિક હતો. ક્રિકેટની દુનિયામાં એનું બહુ મોટું નામ હતું. એ સમયે લંડનમાં રહેતા ઈમરાન સાથે ફોન પર વાતચીત થઈ અને મેં તેને મારી ફિલ્મ 'અવ્વલ નંબર'માં કામ કરવાની ઓફર આપી. જોકે, પોતે સારો એક્ટર નથી એવું કારણ આપી મારી ઓફર સ્વીકારવાની તેણે ના પાડી. જોકે, હું તને રૂબરૂ મળું પછી જ હા કે નાનો જવાબ આપવા મેં તેને સમજાવી લીધો. હું બીજે જ દિવસે લંડન જવા નીકળ્યો. લંડનની હોટેલમાંથી ફોન કર્યો તો ઈમરાને મને એના ઘરે મળવા બોલાવ્યો. મેં 'અવ્વલ નંબર'ની વાર્તા તેને સંભળાવી અને કયો રોલ એની પાસે ભજવવા માગું છું એ વિસ્તારપૂર્વક સમજાવ્યું. આ ફિલ્મ રિલીઝ થતાની સાથે જ એને ભારતીય ફિલ્મ જગતમાં અમિતાભ બચ્ચન જેવા આદર — સન્માન મળશે એની ખાતરી આપી. આખી વાત વિગતે સાંભળ્યા પછી ઈમરાને કહ્યું કે 'પણ જનરલ ઝિયા-ઉલ-હક (પાકિસ્તાનના ભૂતપૂર્વ પ્રેસિડેન્ટ) મને તેમની કેબિનેટમાં સાંસ્કૃતિક ખાતાના પ્રધાન બનાવવા માગે છે.' સરસ, મેં કહ્યું. તું પ્રધાન અને ફિલ્મ સ્ટાર એમ બેઉ ઘોડા પર સવાર થઈ જજે. જોકે, અંતે રાજકીય મહત્ત્વાકાંક્ષાનો વિજય થયો અને ફિલ્મ કરવાની તેણે નમ્રતાપૂર્વક ના પાડી દીધી. પછી ઈમરાનને ઓફર કરેલા રોલ માટે મેં આદિત્ય પંચોલીની પસંદગી કરી અને તેણે એ ભૂમિકા બખૂબી નિભાવી હતી.'૧૮-૧૯ અને ૪૨'જોની મેરા નામ' રિલીઝ થઈ ત્યારે હીરો દેવ આનંદની ઉંમર ૪૭ અને હિરોઈન હેમા માલિનીની ઉંમર ૨૨ વર્ષની હતી. અલબત્ત ચિરયુવા દેવ સાબ માટે ઉંમરના તફાવતનો આ પહેલો પ્રસંગ નહોતો. યાદ કરો 'તીન દેવિયાં' (૧૯૬૫). ચિત્રપટમાં દેવ સાબ સાથે ત્રણ હિરોઈન હતી. એક હતી સિમી ગરેવાલ જેની ઉંમર ત્યારે ૧૮ વર્ષની હતી, બીજી હતી કલ્પના મોહન, સિમી કરતાં ૧ વર્ષ મોટી, ૧૯ વર્ષની. એ વખતે દેવ આનંદની ઉંમર ૪૨ વર્ષની, પણ જ્યારે દેવ આનંદ 'ખ્વાબ હો તુમ યા કોઈ હકીકત, કૌન હો તુમ બતલાઓ' ગાય છે ત્યારે ૧૮-૧૯ વર્ષની બન્ને કન્યા એની સામે ટગર ટગર જોયા કરે છે .

# ભારત અને શ્રીલંકા વચ્ચે ૨૩મીથી બીજી ટેસ્ટ

## કોલંબોમાં ક્લીન સ્વીપના ઈરાદા સાથે ઉતરશે ટીમ ઈન્ડિયા, ૨૦૧૦ માં સચિન તેંડુલકરે ફટકારેલી બેવડી સદી બાદ ૨૦૧૭ માં પણ કોહલીએ અપાવી હતી જીત ; ટીમ ઈન્ડિયા ફરી એકવાર આ મેદાન પર શ્રીલંકાનો સફાયો કરવાના ઈરાદે ઉતરશે

ભારત અને શ્રીલંકા વચ્ચે શ્રેણીની બીજી ટેસ્ટ મેચ ૨૩ ઓગસ્ટથી કોલંબોના સિંહલીઝ સ્પોર્ટ્સ ક્લબ (SSC) મેદાન પર રમાવાની છે. શ્રેણીમાં ૧-૦ની સરસાઈ મેળવી ચૂકેલી ભારતીય ટીમ બીજી ટેસ્ટ જીતીને શ્રીલંકાનો સફાયો કરવાના ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે.

કોલંબોમાં ટેસ્ટ ક્રિકેટમાં ટીમ ઈન્ડિયા માટે સૌથી શ્રેષ્ઠ વ્યક્તિગત પ્રદર્શન મહાન બેટ્સમેન સચિન તેંડુલકરનું રહ્યું છે. તેમણે જુલાઈ ૨૦૧૦માં કોલંબોના સિંહલીઝ સ્પોર્ટ્સ ક્લબ (SSC) ગ્રાઉન્ડ પર શ્રીલંકા સામે શાનદાર ૨૦૩ રનની ઐતિહાસિક ઈનિંગ રમી હતી, જે શ્રીલંકા સામે તેમનો સર્વોચ્ચ ટેસ્ટ સ્કોર છે.

ટીમ ઈન્ડિયાએ શ્રીલંકા સામે શ્રીલંકામાં તેની છેલ્લી ટેસ્ટ સિરીઝ જુલાઈ-ઓગસ્ટ ૨૦૧૭માં રમી હતી, જેમાં ભારતે ૩-૦થી ક્લીન સ્વીપ કરીને જીત મેળવી હતી. હવે ફરી એકવાર ૯ વર્ષ પછી ભારતીય ટીમ સિરીઝ ક્લીન સ્વીપ કરીને ઈતિહાસ રચવા ઈચ્છશે.

વર્ષ ૨૦૧૭માં વિરાટ કોહલીની આગેવાની હેઠળ રમતાં ટીમ ઈન્ડિયાએ શ્રીલંકાને એક ઈનિંગ્સ અને ૫૩ રને હરાવ્યું હતું. આ મુકાબલામાં ભારતે પ્રથમ બેટિંગ કરતા ૬૨૨ રન બનાવીને પોતાની પહેલી ઈનિંગ જાહેર કરી હતી અને શ્રીલંકાને ફોલોઓન રમવા માટે મજબૂર કર્યું હતું. રવિન્દ્ર જાડેજાએ આ ટેસ્ટમાં કુલ ૭ વિકેટ ઝડપવાની સાથે-સાથે અણનમ અડધી સદી પણ ફટકારી હતી.

ભારતીય ટીમનો રેકોર્ડ કોલંબોના આ મેદાન પર મિશ્ર રહ્યો છે. ભારતે ૧૯૮૫થી લઈને અત્યાર સુધી આ મેદાન પર કુલ ૯ ટેસ્ટ મેચ રમી છે, જેમાંથી ટીમને ૩માં જીત મળી છે, જ્યારે ૨ મેચમાં ભારતીય ટીમને હારનો સામનો કરવો પડ્યો છે. તો બીજી તરફ, ૪ ટેસ્ટ મેચ ડ્રોમાં પરિણમી છે. જોકે, આ ગ્રાઉન્ડ પર રમાયેલી છેલ્લી ટેસ્ટમાં ભારતીય ટીમનું પ્રદર્શન લાજવાબ રહ્યું હતું.

શ્રેણીની પહેલી ટેસ્ટમાં ભારતીય ટીમનું પ્રદર્શન શાનદાર રહ્યું હતું. શુભમન ગિલની આગેવાની હેઠળની ભારતીય ટીમે શ્રીલંકાને ૧૬૫ રને હરાવ્યું હતું. ભારત તરફથી મળેલાં ૩૭૨ રનનાં લક્ષ્યનો પીછો કરતી વખતે બીજી ઈનિંગમાં શ્રીલંકાની આખી ટીમ માત્ર ૨૦૬ રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી.

ભારત તરફથી બોલિંગમાં માનવ સુથારની સ્પિન બોલિંગનો જાદુ ચાલ્યો હતો અને તેણે બંને ઈનિંગ્સ મળીને કુલ ૧૦ વિકેટ ઝડપી હતી. માનવે પહેલી ઈનિંગમાં ૪ અને બીજી ઈનિંગમાં ૬ વિકેટ લીધી હતી.




બીજી તરફ, બેટિંગમાં દેવદત્ત પડિક્કલે શાનદાર પ્રદર્શન કરતાં ૧૬૭ રનની યાદગાર ઈનિંગ રમી હતી. પડિક્કલને તેની શ્રેષ્ઠ ઈનિંગ માટે 'પ્લેયર ઓફ ધ મેચ' પસંદ કરવામાં આવ્યો હતો. આ જીત સાથે ભારતે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC)ની ફાઈનલમાં પહોંચવાની પોતાની આશા પણ જીવંત રાખી છે.

# સચિનના ૬૮ અડધી સદીનાં રેકોર્ડની જો રૂટે બરાબરી કરી

## ઈંગ્લેન્ડના અનુભવી બેટ્સમેન જો રૂટે પાકિસ્તાન સામે હેડિંગ્લે ખાતેની પ્રથમ ટેસ્ટ મેચમાં ઈતિહાસ રચ્યો



ઈંગ્લેન્ડના અનુભવી બેટ્સમેન જો રૂટે પાકિસ્તાન સામે હેડિંગ્લે ખાતે રમાઈ રહેલી પ્રથમ ટેસ્ટ મેચના બીજા દિવસે ઈતિહાસ રચી દીદો છે. બેન સ્ટોક્સની નિવૃત્તિ બાદ ફરી એકવાર ટીમની કમાન સંભાળી રહેલાં રૂટ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના ઈતિહાસમાં કેપ્ટન તરીકે ૩૦૦૦ રન પૂરા કરનારા વિશ્વનાં પ્રથમ ખેલાડી બની ગયા છે. આ સિવાય રૂટે મહાન બેટ્સમેન સચિન તેંડુલકરના રેકોર્ડની પણ બરાબરી કરી લીધી છે. જો રૂટે ગુરુવારે ૬૮મી અડધી સદી સાથે સચિન તેંડુલકરના ટેસ્ટમાં સર્વાધિક અડધી સદી ફટકારવાના રેકોર્ડની બરાબરી કરી લીધી છે. રૂટે પાકિસ્તાન સામેની પ્રથમ ટેસ્ટના બીજા દિવસે ૬૬ રનની ઈનિંગ રમી હતી. રસપ્રદ સંયોગ : રૂટની કેપ્ટન તરીકે આ ૬૬મી ટેસ્ટ હતી, તેઓ ૬૬ નંબરની જર્સી પહેરીને રમવા ઉતર્યા હતા અને ૬૬ રન બનાવીને જ આઉટ થયા હતા.

# ભારત-શ્રીલંકા ટેસ્ટ સિરીઝ : કુલદીપ પર લટકતી તલવાર

ગોલ સ્ટેડિયમમાં પાંચમાં દિવસની પીચ સ્પિન બોલિંગ માટે સારી હતી. સ્પિનર કુલદીપ યાદવ જોકે ૧૧ ઓવરમાં ૩૮ રન આપીને એક પણ વિકેટ ઝડપી શક્યા ન હતા. કેપ્ટન શુભમનની નજરમાં કુલદીપ ત્રીજા સ્પિનર હતા.તેમનાથી પહેલાં રવિન્દ્ર જાડેજા અને માનવ સુથારે બોલિંગ કરી હતી. બંનેએ મળીને ૪૬.૪ ઓવર નાખી અને ૧૪ વિકેટ લીધી. કુલદીપના પ્રદર્શન બાદ માનવામાં આવી રહ્યું છે કે બીજી ટેસ્ટમાં તેમની જગ્યાએ ઓફ-સ્પિનર સારાંશ જૈનને તક મળી શકે છે.પૂર્વ ભારતીય લેગ સ્પિનર એલ શિવરામકૃષ્ણને કુલદીપને સલાહ આપી કે તેમણે ટેસ્ટ ક્રિકેટમાં વિકેટ લેવા માટ્ ૨૦ જેવું વલણ ના અપનાવવું જોઈએ. તેમણે કહ્યું, 'જુઓ, પહેલી વાત તો એ છે કે સફેદ બોલથી તેમને વિકેટ મળી જાય છે કારણ કે બેટ્સમેન તેમના પર રન બનાવવાનો પ્રયાસ કરે છે અને શોટ રમે છે.અહી ટેસ્ટમાં, તેમણે આ વાત ભૂલવી પડશે." તેમણે કહ્યું, 'પરંતુ જ્યારે તમે બેટની આસપાસ ત્રણ ફિલ્ડરો



રાખીને બોલિંગ કરો છો, તો અસરકારક બનવા માટે લાઈન-લેન્થમાં સાતત્યતા ટોચનાં સ્તરની હોવી જોઈએ.'એક વિચાર એ પણ છે કે કુલદીપે હવામાં બોલની સ્પીડ થોડી ઝડપી રાખવી જોઈએ, જેથી પીચ પરથી તેમને વધુ મદદ મળી શકે. જોકે શિવરામકૃષ્ણને આ વિચારને પૂરી રીતે ફગાવી દીધો.તેમણે કહ્યું, "જુઓ, અત્યારે શું થાય છે કે જ્યારે ફાસ્ટ બોલરોની બોલ પર રન બને છે ત્યારે તેઓ તરત જ પોતાના બોલની સ્પીડ ઓછી કરી દે છે. આવી જ રીતે, જ્યારે સ્પિનર રન આપે છે તો તેઓ હવે બોલની સ્પીડ વધારવાનો પ્રયાસ કરી રહ્યાં છે. તેથી આ સમયે કુલદીપને ઝડપી બોલિંગ કરવાની સલાહ મળવી એ સૌથી ખરાબ સલાહ છે.'૪૦.૬૭ સ્ટ્રાઈક રેટ રહ્યો છે કુલદીપ યાદવનો છેલ્લા બે વર્ષમાં ટેસ્ટમાં. તેમણે આ દરમિયાન ૨૨ ઈનિંગ્સમાં ૪૬ વિકેટ લીધી છે. તેમનો એવરેજ ૨૪.૭ રહ્યો છે.

# ડી વિલિયર્સ અને બ્રાવો બાદ ડેવિડ વોર્નર પણ લિજેન્ડ વર્લ્ડ ક્રિકેટમાં રમશે

## ઓક્ટોબરમાં યોજાનારી વર્લ્ડ લિજેન્ડ ચેમ્પિયનશિપમાં ભારતનો યુવરાજ રમવાનો છે




વર્લ્ડ ચેમ્પિયનશિપ ઓફ લિજેન્ડ્સ (WCL) ક્રિકેટની ની ત્રીજી સિઝન ત્રીજી ઓક્ટોબરથી શરૂ થઈ રહી છે, જેમાં ઓસ્ટ્રેલિયાનો ભૂતપૂર્વ ઓપનર ડેવિડ વોર્નર ઉપરાંત ભારતનો યુવરાજ સિંઘ, ડ્વેઈન બ્રાવો અને એ બી ડી વિલિયર્સ જેવા ભૂતકાળના દિગ્ગજ ખેલાડીઓ રમતા જોવા મળશે.

આ ચેમ્પિયનશિપની વિવિધ મેચના સ્થળની જાહેરાત હજી બાકી છે પરંતુ તેની તારીખો જાહેર થઈ છે જે મુજબ ત્રીજીથી ૧૮મી ઓક્ટોબર દરમિયાન તેનું આયોજન કરાશે. આ ટુર્નામેન્ટની પ્રથમ સિઝન પાકિસ્તાન ચેમ્પિયન્સ સામે ભારત ચેમ્પિયન્સે જીતી હતી જ્યારે બીજી સિઝનમાં સાઉથ આફ્રિકા ચેમ્પિયન્સે પાકિસ્તાન ચેમ્પિયન્સને હરાવીને ટાઈટલ મેળવ્યું હતું. "બે રેકોર્ડબ્રેક સિઝન પછી WCL ૨૦૨૬માં વધુ સ્ટાર પાવર, વધુ રોમાંચ, વધુ રાષ્ટ્રીય ગૌરવ અને યાદગાર ક્રિકેટ ક્ષણો જોવા મળશે. ત્રીજી સિઝનમાં બાંગ્લાદેશ ચેમ્પિયન્સને પણ ટુર્નામેન્ટમાં સામેલ કરવામાં આવી છે." તેમ આયોજકોએ જણાવાયું હતું.

ઉઝન-સિઝન-૩નીમાં ટીમોમાં કેટલાક મોટા નામો જોડાશે, જેમાં યુવરાજ સિંઘ, એબી ડી વિલિયર્સ, ડ્વેઈન બ્રાવો, શાહિદ આફ્રિદી અને મોઈન અલી જેવા સ્ટાર્સનું ટકી રહેવું તથા ડેવિડ વોર્નર અને મહેમુદુલ્લાહ રિયાધ (બાંગ્લાદેશ) જેવા નવા ખેલાડીઓનો ઉમેરો સામેલ છે. આ સિઝન હવે યુકેની બહાર યોજવાનું નક્કી થઈ ગયું છે. અને, તેના સ્થળ અંગે આયોજકો ટૂંક સમયમાં જાહેરાત કરશે. તે પૈકીના એક આયોજકે જણાવ્યું હતું કે ટુર્નામેન્ટના સ્થળ અંગે સરપ્રાઈસ જોવા મળશે. આ વખતે ઘણા સ્ટાર ક્રિકેટર પણ જોવા મળી શકે છે.

# મુરલી-હેરાથ તો નહીં મળે પણ નવોદિત સ્પિનર પર ભરોસો રાખવો પડશે: શ્રીલંકા

## ભારત સામેની પ્રથમ ટેસ્ટ ગુમાવ્યા બાદ શ્રીલંકન ટીમના સ્પિન કોચ વિજેતુંગા બોલર પર આધારિત

શ્રીલંકા માટે ભારતીય સ્પિનર માનવ સુથારનું મેચમાં દસ વિકેટની સિદ્ધિ સાથે બહાર નીકળવું એ માત્ર એ વાતની યાદ અપાવનારું નહોતું કે ગોલનો કિલ્લો હવે અજેય નથી રહ્યો. તેણે એવી ટીમના સ્પિન રિઝર્વ પર પણ પ્રશ્નાર્થચિહ્ન મૂક્યા છે, જેમના માટે એક સમયે મુથૈયા મુરલીધરન અને રંગાણા હેરાથ આ જ સ્થળે હરીફોને હંફાવતા હતા. ગોલનું મેદાન શ્રીલંકા માટે એક ભરોસાપાત્ર મેદાન રહ્યું છે, જ્યાં ૫૦ ટેસ્ટમાં ૨૭ જીત સાથે તેમનો રેકોર્ડ ખૂબ જ સારો રહ્યો છે. ભારત સામેનો ૧૬૫ રનથી થયેલો પરાજય આ જ મેદાન પર ઓસ્ટ્રેલિયા સામે વ્હાઈટવોશ થયાના એક વર્ષ પછી આવ્યો છે અને એ વાસ્તવિકતા છતી થઈ છે કે ટીમે આ મેદાન પર પોતાની ખોવાયેલી પ્રતિષ્ઠા પાછી મેળવવા ઘણી મહેનત કરવી પડશે. પોતાના સ્પિનરોના વર્ચસ્વ ધરાવતા સુવર્ણ દિવસો હવે ભૂતકાળ બની ગયા છે.

પરંતુ શ્રીલંકા ક્રિકેટના નેશનલ હાઈ પરફોર્મન્સ સેન્ટરમાં સ્પિન વિભાગના વડા અને જાણીતા કોચ પિયાલ વિજેતુંગે માને છે કે રાષ્ટ્ર પાસે તેના જૂના દિવસોનો વૈભવ પાછો મેળવવા માટે પૂરતી પ્રતિભા છે. વિજેતુંગેએ જણાવ્યું હતું કે "જૂઓ, મુરલી અને રંગાણા હેરાથનું સ્થાન લેવું મુશ્કેલ છે. તેઓ અજોડ હતા અને તેમના અનુભવ અને કૌશલ્યને સરળતાથી બદલી શકાય તેમ નથી. તેઓ જીવનમાં એક જ વાર મળતા બોલરો છે."



તેમણે ઉમેર્યું હતું કે "જોકે આપણે નવા સ્પિનરો પર વિશ્વાસ રાખવાની જરૂર છે, જેમનામાં લાંબા સમય સુધી ટીમની સેવા કરવાની પૂરતી ક્ષમતા છે. જેમ જેમ સમય જશે અને વધુ મેચો રમશે, તેમ તેમ તેઓ વધુ બહેતર બનશે." શ્રીલંકાએ ભારત સામેની ટેસ્ટમાં ૨૫ વર્ષીય ઓફ સ્પિનર કેશારા નુવાંથાને પદાર્પણ કરવાની તક આપી હતી અને આ મેચમાં તેણે ચાર વિકેટ ઝડપીને પ્રભાવિત કર્યા હતા. વિજેતુંગેનું માનવું હતું કે નુવાંથાએ તેને લાંબા સમય સુધી તક આપવા માટે પૂરતી આશા જગાવી છે. "તે એક ખાસ પ્રતિભા છે. તેને થોડી ધીરજ અને સંભાળપૂર્વક હેન્ડલ કરવાની જરૂર છે. તેણે ટેસ્ટ મેચ પહેલા પ્રેક્ટિસ મેચમાં સારું પ્રદર્શન કર્યું હતું, જેને આધારે તેની રાષ્ટ્રીય ટીમમાં પસંદગી થઈ હતી."

તેમણે વિગતવાર જણાવ્યું, "તે એક ઊંચો ખેલાડી છે અને કોઈ ખાસ સંકેત આપ્યા વિના સરળતાથી ઓફ સ્પિન અને ટોપ સ્પિન બોલિંગ કરી શકે છે. પરંતુ આ તેની કારકિર્દીના પ્રારંભિક દિવસો છે અને તેણે પોતાની વ્યૂહાત્મક સમજણમાં સુધારો કરવાની જરૂર છે. મેચના કયા તબક્કે શું કરવું જોઈએ, ડાબોડી અને જમણોડી બેટ્સમેન સામે કેવી રીતે બોલિંગ કરવી. આ બાબત તેણે શીખવાની છે."

તેમણે ઉમેર્યું હતું કે "તે વધુ મેચો રમશે, એટલે કે સ્પર્ધાત્મક મેચોનો અનુભવ મેળવશે, ત્યારે આ બાબતો તેનામાં આપોઆપ આવી જશે. મને ખાતરી છે કે મેનેજમેન્ટ જરૂરી પગલાં લેશે." બહુ જૂની વાત નથી પણ શ્રીલંકા પાસે લસિથ એમ્બુલ્ડેનિયા અને પ્રવીણ જયવિક્રમા જેવા આશાસ્પદ સ્પિનરની નવી પેઢી હતી. ૨૭ વર્ષીય જયવિક્રમાએ ૨૦૨૧ અને ૨૦૨૨ વચ્ચે પાંચ ટેસ્ટ રમીને ૨૫ વિકેટ લીધી હતી, જ્યારે ૨૯ વર્ષીય એમ્બુલ્ડેનિયાએ ૨૦૧૯ અને ૨૦૨૨ વચ્ચે ૧૭ ટેસ્ટ રમીને ૭૧ વિકેટ ઝડપી હતી. બંનેએ શરૂઆતમાં સારું પ્રદર્શન કર્યું હતું પરંતુ અલગ અલગ કારણોસર છેલ્લા ચાર વર્ષથી તેઓ ટીમમાંથી બહાર છે.

# કુલદીપની જગ્યાએ સારાંશને મળી શકે છે તક

ગોલ સ્ટેડિયમમાં પાંચમાં દિવસની પીચ સ્પિન બોલિંગ માટે સારી હતી. કુલદીપ યાદવ તેનો ફાયદો ઉઠાવી શક્યા હોત. પરંતુ તેમણે ૧૧ ઓવરમાં ૩૮ રન આપીને એક પણ વિકેટ લીધી ન હતી. માનવામાં આવી રહ્યું છે કે બીજી ટેસ્ટમાં કુલદીપની જગ્યાએ ઓફ-સ્પિનર સારાંશ જૈનને તક મળી શકે છે.શ્રીલંકાની ટીમમાં ઘણા ડાબોડી બેટ્સમેનો છે, તેથી ઓફ-સ્પિનર તેમના સામે ઉપયોગી સાબિત થઈ શકે છે. ભારતીય કેપ્ટન શુભમન ગિલની નજરમાં કુલદીપ ત્રીજા સ્પિનર હતા. તેમણે જાડેજા અને માનવ સુથાર પાસે બોલિંગ કરાવી હતી.બંનેએ મળીને ૪૬.૪ ઓવર કરી અને ૧૪ વિકેટ લીધી. કુલદીપના ખરાબ પ્રદર્શન માટે કેપ્ટન કે ટીમ મેનેજમેન્ટને દોષ દેવો સરળ નથી કારણ કે તેમણે આ બોલર પર પૂરતો ભરોસો ના દર્શાવ્યો.કુલદીપને મળેલા ૧૧ ઓવરમાં પણ તે એવું પ્રદર્શન ન કરી શક્યા જેથી તેમને વધુ બોલિંગ આપવામાં આવે. પહેલી ઈનિંગમાં પણ કુલદીપને એકમાત્ર વિકેટ મળી, જેમાં ગિલના શાનદાર કેચનું મોટું યોગદાન હતું.




# વિમેન્સ એશિયા કપમાં ફરીથી BCCI-નકવી આમને સામને

## દુબઈમાં ભારત-પાક. ખેલાડીઓ વચ્ચે હાથ નહીં મિલાવવાનો અને નકવીના હસ્તે ટ્રોફી નહીં લેવાનો મામલો ઉપસ્થિત થશે

આગામી સપ્તાહે દુબઈમાં યોજાનારી વિમેન્સ એશિયા કપ ક્રિકેટ ટુર્નામેન્ટમાં જો ભારતીય ટીમ ફાઈનલ સુધી પહોંચશે તો ભારતીય ક્રિકેટ બોર્ડ (બીસીસીઆઈ) માટે એવોર્ડ વિતરણ સમારોહ દરમિયાન ફરી એક વાર અસ્વસ્થતાજનક સ્થિતિ સર્જાઈ શકે છે. એશિયન ક્રિકેટ કાઉન્સિલ (એસીસી)ના ચેરમેન તરીકે પાકિસ્તાનના મોહસિન નકવી ફરી એક વાર ટ્રોફી એનાયત કરવા માટે સ્ટેજ પર હાજર હોઈ શકે છે.

ગયા વર્ષે એશિયા કપ દરમિયાન ભારત અને પાકિસ્તાન વચ્ચે રમાયેલી મેચો દરમિયાન ભારતીય ટીમના ખેલાડીઓએ હરીફ ટીમના ખેલાડી સાથે હાથ મિલાવવાનું ટાળ્યું હતું અને ફાઈનલ બાદ નકવીના હસ્તે ટ્રોફી સ્વીકારવાનો પણ ઈનકાર કરી દીધો હતો. ૨૦૨૫માં પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા અને ત્યારબાદ બંને દેશ વચ્ચે સર્જાયેલા લશ્કરી તણાવને કારણે ગયા વર્ષે ભારતીય મેન્સ ટીમે નકવીના હસ્તે એશિયા કપની ટ્રોફી સ્વીકારવાનો ઈનકાર કરી દીધો હતો. ત્યારબાદ નકવી ટ્રોફી લઈને ચાલ્યા ગયા હતા, જે હજી સુધી ચેમ્પિયન ટીમને સોંપવામાં આવી નથી.




નકવી પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)ના વડા હોવા ઉપરાંત દેશના ગૃહમંત્રી પણ છે. મહિલાઓની આ ટુર્નામેન્ટ ૨૮મી ઓગસ્ટથી ૧૩મી સપ્ટેમ્બર દરમિયાન રમાશે.ભારત અને પાકિસ્તાનને એક જ ગ્રૂપમાં રાખવામાં આવ્યા છે અને તેમની લીગ મેચ પાંચમી સપ્ટેમ્બરે યોજાનારી છે. પરંતુ મેન્સ એશિયા કપથી વિપરીત, મહિલા ટુર્નામેન્ટમાં ફાઈનલ પહેલા ભારત અને પાકિસ્તાન વચ્ચે એકથી વધુ મેચ રમાવાની શક્યતા નથી. તેનો અર્થ એ છે કે બંને ટીમ ત્યારે જ ફરી આમને-સામને થઈ શકે છે જો તેઓ ફાઈનલમાં પહોંચે, જેને કારણે ટ્રોફી એનાયત કરવાનો મુદ્દો ફરી એક વાર ચર્ચાના કેન્દ્રમાં આવી શકે છે.

હવે મુખ્ય સવાલ એ છે કે જો હરમનપ્રિત કૌરની ટીમ વિમેન્સ એશિયા કપ જીતે છે અને નકવી પ્રેઝન્ટેશન સ્ટેજ પર હાજર હોય તો શું થશે? શું ભારતીય મહિલા ટીમ સૂર્યકુમાર યાદવ અને તેની ટીમના ખેલાડીઓ દ્વારા લેવાયેલા નિર્ણયનું પુનરાવર્તન કરશે અને નકવી પાસેથી ટ્રોફી લેવાનો ઈનકાર કરશે? આવી સ્થિતિ અંગે બીસીસીઆઈનું વલણ હજી સુધી સ્પષ્ટ નથી, જેને કારણે જો ભારત ચેમ્પિયન બને છે તો એક અસામાન્ય એવોર્ડ સમારોહ જોવા મળી શકે છે. બોર્ડે સ્પષ્ટ કર્યું છે કે બંને ટીમ વચ્ચે કોઈ ઔપચારિક સૌજન્યની આપ-લે હાથ મિલાવવા) થશે નહીં, પરંતુ પ્રેઝન્ટેશન સેરેમનીની શક્યતાઓને લઈને બોર્ડ 'રાહ જૂઓ' ની નીતિ અપનાવશે.

ગત વર્ષના વિવાદનું પુનરાવર્તન ટાળવાનો એક રસ્તો એ હોઈ શકે છે કે નકવી પોતે ટ્રોફી ન સોંપે અને એશિયન ક્રિકેટ કાઉન્સિલના અન્ય કોઈ અધિકારીને આ જવાબદારી સોંપવામાં આવે. ભારતે નકવી પાસેથી મેન્સ ટ્રોફી લેવાનો ઈનકાર કર્યા પછી, એસીસીના વડાએ કહ્યું હતું કે ટીમ એસીસી કાર્યાલય ખાતેથી તેમની પાસેથી ટ્રોફી મેળવી શકે છે. દરમિયાન આઈસીસીની બેઠક દરમિયાન બીસીસીઆઈના સચિવ દેવજીત સૈકિયા અને નકવી વચ્ચેની મુલાકાત સાથે આ વિવાદનો ઉકેલ લાવવાનો પ્રયાસ પણ કરવામાં આવ્યો હતો. સૈકિયાએ કહ્યું હતું કે બંને પક્ષ વચ્ચે સંબંધોમાં થોડો સુધારો આવ્યો છે, જોકે તે સમયે ટ્રોફીનો મુદ્દો વણઉકેલ્યો રહ્યો હતો. નકવીએ બાદમાં પણ એ જ વલણ જાળવી રાખ્યું હતું કે ભારતે તેમની પાસેથી જ ટ્રોફી લેવી પડશે, જેને કારણે ટુર્નામેન્ટ પૂરી થયા પછી પણ આ મુદ્દો જીવંત રહ્યો હતો.હાલમાં તો તમામનું ધ્યાન ટુર્નામેન્ટ પર જ કેન્દ્રિત છે, અને પ્રેઝન્ટેશનનો પ્રશ્ન ત્યારે જ સુસંગત બનશે જો ભારત ફાઈનલમાં ક્વોલિફાઈ થાય અને ચેમ્પિયન બને. પરંતુ જો હરમનપ્રિતની ટીમ ટ્રોફી જીતે છે તો તેને સોંપનારા અધિકારીની ઓળખ વિમેન્સ એશિયા કપનું એક રસપ્રદ પાસું બની શકે છે.

# યશસ્વીનું હથિયાર જ બની ગયુ તેની નબળાઈ

ટીમ ઈન્ડિયાએ ગોલ ટેસ્ટ જીતીને શ્રેણીમાં ૧-૦થી સરસાઈ મેળવી લીધી છે. પરંતુ યુવા ઓપનર યશસ્વી જયસ્વાલના ફોર્મે ટીમની ચિંતા વધારી દીધી છે. ડાબોડી હાથનો આ બેટ્સમેન છેલ્લી આઠ ઈનિંગ્સમાં ૧૮.૩૮ની એવરેજથી માત્ર ૧૪૭ રન જ બનાવી શક્યો છે. તે બે વાર ખાતું પણ ખોલી શક્યો નથી.આ દરમિયાન ૫૮ રન તેનો સર્વોચ્ચ સ્કોર રહ્યો છે. તેનો ફેવરિટ કટ શોટ અને હથિયાર જ તેની સૌથી મોટી નબળાઈ બની ગયો છે. ફાસ્ટ બોલરો તેને સરળતાથી શિકાર બનાવી રહ્યાં છે.કોલંબોમાં ૨૩ ઓગસ્ટથી શરૂ થનારી બીજી ટેસ્ટ પહેલાં યશસ્વીએ પોતાની આક્રમકતા પર નિયંત્રણ રાખવું પડશે. યશસ્વી માટે સૌથી જરૂરી એ હશે કે તે પોતાની આક્રમકતા પૂરી રીતે છોડવાને બદલે તેને નિયંત્રિત



કરે. શરૂઆતમાં ઓફ સ્ટેમ્પની બહારના બોલને છોડવા, શરીરની નજીક બોલ આવવાની રાહ જોવી અને શોટ રમવા માટે પગનો વધુ સારો ઉપયોગ કરવો તેના માટે મહત્વપૂર્ણ રહેશે. તેની સૌથી મોટી ખાસિયત એ છે કે તે એક વાર પીચ પર ટકી જાય પછી ઝડપથી રન બનાવે છે.ગોલ ટેસ્ટની પહેલી ઈનિંગમાં યશસ્વી ૩૨ રન બનાવીને રન આઉટ થયો હતો. રાહુલ સાથે ગેરસમજના કારણે રન આઉટ થવું તેના માટે નિરાશાજનક રહ્યું. બીજી ઈનિંગમાં તે માત્ર ત્રણ બોલ રમીને ખાતું ખોલ્યા વિના આઉટ થઈ ગયો.ઝડપી બોલર અસિથા ફર્નાન્ડોના ઓફ સ્ટેમ્પની બહારના બોલ પર તેણે પગ ચલાવ્યા વિના શોટ મારવાનો પ્રયાસ કર્યો. ઉભા-ઉભા શોટ રમવાના પ્રયાસમાં બોલ બેટની નીચેના ભાગમાં લાગીને વિકેટકીપરના હાથમાં ચાલી ગઈ.બંને ઈનિંગ્સમાં આઉટ થવાની રીત અલગ હતી. પરંતુ બીજી ઈનિંગમાં ફાસ્ટ બોલરના બહાર જતાં બોલ સામે તેનો શોટ સિલેક્શન ફરી સવાલોના ઘેરામાં રહ્યો. તેનું આઉટ થવું આ જ ટ્રેન્ડનું વધુ એક ઉદાહરણ છે.




સુરત મોટા વરાછા ખાતે ભારત પેટ્રોલિયમ ના કંપની પમ્પ પર મહિલાઓ માટે અલગથી **MPD** મશીન ચાલુ કરવામાં આવ્યાં સુરત ના ભારત પેટ્રોલિયમ ના **TM** શ્રી ગૌરવ કૌશિકએ વધુ માં જણાવ્યું કે આ મહિલા સશક્તિકરણ માટે આ નવી પહેલ કરેલ છે જેમાં મહિલાઓ માટે અલગ **MPD** ચાલું કરેલ છે અને તેમાં સ્ટાફ પણ મહિલા જ રહેશે અને મહિલાઓ ને લાઈન માં રાહ નહીં જોવી પડે તેમ જ ૫ રૂપિયા માં પમ્પ પરથી જ સેનેટરી પેડ મળી રહે તે માટે તેના **ATM** મશીન ની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

# શુક્રવારે રક્ષાબંધનના તહેવારે ચંદ્ર ગ્રહણ ભારતમાં દેખો નહીં

## ખંડગ્રાસ ચંદ્રગ્રહણ નરી આંખે જોઈ શકાશે. ચંદ્રની વિવિધ કળા લોકોને મંત્રમુગ્ધ કરશે

અમદાવાદ, તા.૨૧

વિશ્વના અમુક દેશો, પ્રદેશોમાં રક્ષાબંધન શુક્રવાર તા. ૨૮મી ઓગસ્ટે ખંડગ્રાસ ચંદ્રગ્રહણનો અવકાશી નજારો બનવાનો છે. ભારતમાં આ ગ્રહણ બિલકુલ જોવા મળશે નહિ. ચંદ્રનો ૯૦ ટકા આસપાસનો ભાગ પૃથ્વીના પડછાયાના કારણે ઢંકાઈ જશે. આ નજારો અમેરિકા, યુરોપ અને આફ્રિકામાં અદભુત જોવા મળવાનો છે. અવકાશી નજારો જોવા માટે વૈજ્ઞાનિકોએ તૈયારી આરંભી દીધી છે. રાજયમાં ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરી ગ્રહણ સંબંધી લોકોને વૈજ્ઞાનિક સમજ આપશે.

સંવત ૨૦૮૨ શ્રાવણ શુકલ પક્ષ પુનમને શુક્રવાર તા. ૨૮મી ઓગસ્ટ ૨૦૨૬ કુંભ રાશિ શતભિષા નક્ષત્રમાં થનારું ખંડગ્રાસ ચંદ્રગ્રહણ ભારતમાં દેખાશે નહિ જયારે ગ્રહણ પૂર્વીય પેસિફિક, અમેરિકા, યુરોપ અને આફ્રિકાનાં પ્રદેશોમાં જોવા મળશે. ભારતમાં ભૂમંડલે ગ્રહણ સ્પર્શ : ૦૬ કલાક ૫૪ મિનિટ, ગ્રહણ મધ્ય: ૯ કલાક ૪૨ મિનિટ, ગ્રહણ મોક્ષ : ૧૨ કલાક ૩૨ મિનિટ, ગ્રહણનું ગ્રાસમાન ૦.૯૩ જયારે ઉપછાયા ગ્રાસમાન : ૧.૯૬૪૫ છે. ઉપછાયા ગ્રહણનો કુલ સમય ૦૫ કલાક ૩૭ મિનિટ ૫૧ સેકન્ડ જેમાં ગ્રહણનો કુલ સમય ૦૩ કલાક ૧૮ મિનિટ ૧૩ સેકન્ડ રહેશે. આ ગ્રહણ પૂર્વીય પેસિફિક, અમેરિકા, યુરોપ અને આફ્રિકાના પ્રદેશોમાં જોવા મળશે. આ ઉપરાંત હડસનબે, લેબ્રેડોર સમુદ્ર, ગ્રીનલેન્ડ સમુદ્ર, ઉત્તર એટલાન્ટીક સમુદ્ર, દક્ષિણ એટલાન્ટીક સમુદ્ર, વેડેલ સમુદ્ર, અમુન્ડસેન સમુદ્ર, રોઝ આઈસ સેલ્ફ અને એન્ટાર્કટીકા સર્કલમાં અદભુત જોવા મળવાનો છે.જાથાના રાજય ચેરમેન-એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે વર્ષ ૨૦૨૬નું આખરી ખંડગ્રાસ ચંદ્રગ્રહણ રક્ષાબંધન દિવસે બનવાનું છે. ભારતના લોકોને જોવામાં નિરાશા મળશે. અમેરિકા, યુરોપ, આફ્રિકાના પ્રદેશોમાં ચંદ્રનો ભાગ ૯૦ ટકા આસપાસ ઢંકાઈ જશે. ચંદ્રની વિવિધ કળા, મુદ્રા કંડારવા ખગોળપ્રેમીઓ થનગની રહ્યા છે. નરી આંખે જોઈ શકાશે. ફોટોગ્રાફી-વિડીયોગ્રાફી થઈ શકશે. ભારતના લોકો ટી.વી. ઉપર આહલાદક અવકાશી નજારો જોઈ શકશે. પૃથ્વીનો મિત્ર ચંદ્ર માનવી માટે અનેક પ્રકારે લાભપ્રદ છે. અવકાશી ઘટનાઓ જોવા-માણવા માટેની હોય છે. ગ્રહો કે ગ્રહણોને માનવજીવન સાથે કશી જ લેવા-દેવા નથી તેની સમજ આપવામાં આવશે.

### કુરેશી નગરમાં ડિમોલિશન

પહેલા પાનાનું ચાલુ

હાલમાં તમામ ઈજાગ્રસ્તોની હાલત સ્થિર છે.ઘટનાસ્થળેથી અન્ય કોઈ વ્યક્તિ કાટમાળ હેઠળ દબાયેલી છે કે નહીં તેની ખાતરી કરવા માટે ફાયર બ્રિગેડ અને પોલીસ દ્વારા શોધખોળ (સર્ચ ઓપરેશન) ચાલું રાખવામાં આવ્યું છે. બેદરકારીના કારણે આ અકસ્માત સર્જાયો છે કે કેમ તે અંગે પ્રશાસન દ્વારા ઝીણવટભરી તપાસ શરૂ કરવામાં આવી છે.

### લાયસન્સની મુદત

પહેલા પાનાનું ચાલુ

લાયસન્સ રિન્યુઅલની ઝંઝટ ખત્મ થશે.લાયસન્સની મુદત ૧૦ થી ૧૫ વર્ષની કરાશે.

નીતિ આયોગના ગત જુનમાં જારી રીપોર્ટમાં એમ કહેવાયુ હતું કે ફૂડ એન્ડ ધ્રુયકીય એકમ માટે અંદાજીત ૩૦ પ્રકારના લાયસન્સ લેવા પડે છે. આ સિવાય અન્ય અનેક ઉદ્યોગ ક્ષેત્રોમાં પર્યાવરણ-પ્રદુષણથી માંડીને સુરક્ષા બીઆઈએસ, સહીતના વિભાગોમાંથી લાયસન્સ ફરજીયાત હોય છે.

સરકારના સીનીયર અધિકારીએ કહ્યું કે, સીંગલ લાયસન્સની વાત નથી, નિયત લાયસન્સ તો લેવાના જ થશે.પરંતુ તેની મુદત વધારીને વારંવારની રીન્યુઅલની ઝંઝટ ખતમ કરવામાં આવશે. સરકારી નિયમનો યથાવત જ રહેશે.સમગ્ર કવાયત સરકારની ઈઝ ઓફ ડુઈંગ બિઝનેશના ભાગરૂપે છે. આ ક્ષેત્રમાં વિશ્વસ્તરે ભારતનું સ્થાન ૨૦૧૪ માં ૧૪૨ મુ હતું તે ૨૦૨૦ માં ૬૩ મુ થયુ હતું.

### છત્તીસગઢમાં કૃષિ યુનિવર્સિટીનું

પહેલા પાનાનું ચાલુ

વિદ્યાર્થીઓ પરિક્ષા માટે આકરી મહેનત કરતા હોય છે. સમગ્ર ઘટનાની ઉચ્ચસ્તરીય તટસ્થ તપાસ કરવા માંગ કરી હતી. પેપર બહાર કેવી રીતે પહોંચ્યુ તે સવાલ છે. પરિક્ષાનુ પેપર લીક થતા રાજયના શિક્ષણજગતમાં ખળભળાટ સર્જાયો હતો. વિદ્યાર્થીઓમાં પણ નારાજગી સર્જાઈ હતી.

### પંજાબ બંધના

પહેલા પાનાનું ચાલુ

મોહાલી બોર્ડર પર સુરક્ષા સઘન કરવામાં આવી છે. અહીં ચંદીગઢ પોલીસ સાથે ઇછ્લ્ન અને ઝઈલ્નના જવાનો તૈનાત કરવામાં આવ્યા છે. RAFના જવાનો પાસે આંસુ ગેસ ગન પણ જોવા મળી.

ચંદીગઢ-મોહાલી બોર્ડર પર સુરક્ષા સઘન કરવામાં આવી છે. અહી ચંદીગઢ પોલીસ સાથે RAF અને CRPFના જવાનો તૈનાત કરવામાં આવ્યા છે. RAFના જવાનો પાસે આંસુ ગેસ ગન પણ જોવા મળી.

આ બંધને શિરોમણી ગુરુદ્વારા પ્રબંધક કમિટી (SGPC), શિરોમણી અકાલી દળ (અમૃતસર), અકાલી દળ (વારિસ પંજાબ દે), દળ ખાલસા, હવારા કમિટી ઉપરાંત વિવિધ પંથક સંગઠનો અને કિસાન-મજૂર સંગઠનોનું પણ સમર્થન છે.

સજા પૂરી કરી ચૂકેલા કેદી શીખોની મુક્તિ: મોરચો લાંબા સમયથી જેલોમાં બંધ એવા શીખ કેદીઓની મુક્તિની માંગ કરી રહ્યો છે, જેમણે પોતાની સજા પૂરી કરી લીધી છે.

જગતાર સિંહ હવારાને પેરોલ: હવારાને માનવીય અને કાનૂની આધારે ઓછામાં ઓછા ૧૦ દિવસની પેરોલ આપવાની માંગ. ૧૫ ઓગસ્ટની પોલીસ કાર્યવાહીનો વિરોધ: ચંદીગઢ-મોહાલી બોર્ડર પર પ્રદર્શનકારીઓ વિરુદ્ધ થયેલી પોલીસ કાર્યવાહીનો વિરોધ. અટકાયતમાં લેવાયેલા લોકોની મુક્તિ: ૧૫ ઓગસ્ટની કાર્યવાહી દરમિયાન અટકાયતમાં લેવાયેલા લોકોને બિનશરતી મુક્ત કરવાની માંગ.

### ટૂંક સમયમાં હોર્મુઝ

પહેલા પાનાનું ચાલુ

તેમણે કહ્યું, "હું લોકોને કહું છું, તમારા ઉર્જા ખર્ચમાં થોડો વધારો થઈ શકે છે, પેટ્રોલ થોડું મોંઘું થઈ શકે છે. આપણે મધ્ય પૂર્વમાં પગલાં લેવા પડશે કારણ કે આપણે ઈરાનને પરમાણુ શસ્ત્રો રાખવાની મંજૂરી આપી શકતા નથી."

રાષ્ટ્રપતિએ દાવો કર્યો હતો કે ઈરાનની લશ્કરી ક્ષમતા "સંપૂર્ણપણે નાશ પામી છે" અને તેણે મિસાઈલો અને ડ્રોન બનાવવાની તેની ક્ષમતા ગુમાવી દીધી છે. તેમણે વધતી જતી ફુગાવા, નબળી પડતી ચલણ અને લશ્કરી કર્મચારીઓ માટે પગારનો અભાવ પણ તેહરાન પર વધતા દબાણના સંકેતો તરીકે ટાંક્યો.

ટ્રમ્પે કહ્યું, "મેં આ પગલું ભર્યું કારણ કે અમારી પાસે બીજો કોઈ વિકલ્પ નહોતો. જો જરૂરી હોય તો, હું તે સો વખત કરી શક્યો હોત. તેમની પાસે પરમાણુ શસ્ત્રો હોઈ શકતા નથી, અને તેમની પાસે પરમાણુ શસ્ત્રો રહેશે નહીં."

ટ્રમ્પે ઈરાનની પરમાણુ સુવિધાઓ સામે ဗ-૨ બોમ્બર્સના ઉપયોગનો પણ બચાવ કર્યો. તેમણે કહ્યું કે આ ઓપરેશન મોડી રાત્રે હાથ ધરવામાં આવ્યું હતું અને દરેક બોમ્બ તેના લક્ષ્ય પર ચોક્કસ રીતે નિશાન સાધતો હતો.

તેમણે કહ્યું, "જ્યારે અમે B-2 બોમ્બરથી હુમલો કર્યો, ત્યારે તેઓ પરમાણુ શસ્ત્રો મેળવવાથી માત્ર બે અઠવાડિયા દૂર હતા. તેથી જ મારે આ પગલું ભરવું પડ્યું કારણ કે તમે તેમને આવા હથિયાર રાખવા ન દો."

રાષ્ટ્રપતિએ દાવો કર્યો કે જો ઈરાને પરમાણુ શસ્ત્રો મેળવ્યા હોત, તો તે ઈઝરાયલ અને મધ્ય પૂર્વના અન્ય દેશો પર હુમલો કરી શકે છે. તેમણે સાઉદી અરેબિયા, કતાર, સંયુક્ત આરબ અમીરાત (UAE), કુવૈત અને બહેરીનને ઈરાની મિસાઈલોના નિશાન તરીકે નામ આપ્યું.

તેમણે કહ્યું, "જો ડોનાલ્ડ ટ્રમ્પ ન હોત, તો ઈઝરાયલ પણ ન હોત." તેમણે કહ્યું, "મારું માનવું છે કે સમગ્ર મધ્ય પૂર્વ નાશ પામ્યું હોત, અને ઈઝરાયલ ચોક્કસપણે નાશ પામ્યું હોત."

ટ્રમ્પે મુલાકાતમાં વેનેઝુએલા, ઈમિગ્રેશન, ટેરિફ અને યુએસ અર્થતંત્રની પણ ચર્ચા કરી. તેમણે દાવો કર્યો કે ટેરિફને કારણે, ઓટોમોબાઈલ્સ, સેમિકન્ડક્ટર્સ, ફાર્માસ્યુટિકલ્સ અને તબીબી સાધનોનું ઉત્પાદન યુએસમાં પાછું ફરી રહ્યું છે. તેમણે રોકાણ અને ઉત્પાદન પ્રવૃત્તિને "પુનર્જાત્મા" તરીકે વર્ણવી.

માઈકલ કોહેન ઘણા વર્ષો સુધી ટ્રમ્પના અંગત વકીલ અને નજીકના સહાયક રહ્યા. જોકે, પાછળથી જાહેરમાં તેમના સંબંધો ગંભીર રીતે તણાવપૂર્ણ બન્યા. કોહેને પાછળથી ટ્રમ્પ વિરુદ્ધ જુબાની આપી અને તેમના સૌથી અગ્રણી ટીકાકારોમાંના એક બન્યા.

### જેલમાંથી ઈમરાન

પહેલા પાનાનું ચાલુ

આ બોર્ડ ઈમરાન ખાનના સ્વાસ્થ્યની સ્થિતિ અને વધુ સારવારની જરૂરિયાત નક્કી કરશે.

સરકારની સમીક્ષા અરજી અને વકીલોના આરોપો

બીજી તરફ, પાકિસ્તાન સરકારે સુપ્રીમ કોર્ટમાં સમીક્ષા અરજી દાખલ કરી છે, જેમાં ભૂતપૂર્વ વડા પ્રધાનને ખાનગી હોસ્પિટલમાં કેદ કરવાના આદેશ પર પુનર્વિચાર કરવાની વિનંતી કરવામાં આવી છે. દરમિયાન, ઈમરાન ખાનના વકીલોએ જેલ પ્રશાસન પર તેમને મીટિંગમાં પ્રવેશ ન આપવાનો આરોપ લગાવ્યો છે, તેને સુપ્રીમ કોર્ટના આદેશનું ઉલ્લંઘન ગણાવ્યું છે. વકીલોના મતે, તેઓ આ મામલે અવમાનના અરજી દાખલ કરવાની તૈયારી કરી રહ્યા છે.

### ત્રણ દેશોમાં આરએસએસ

# સચીન જીઆઈડીસી હત્યા કેસમાં આરોપીને આજીવન કેદ

## શાકભાજીના પૈસાની લેતીદેતીના ઝઘડામાં હત્યા કરાઈ હતી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૧**

સચિન જીઆઈડીસી ખાતે શાકભાજીના પૈસાની લેતી-દેતી બાબતે થયેલા ઝઘડામાં આધેડ પર ચપ્પુ વડે હુમલો કરી ક્રૂર હત્યા કરવાના ગુનામાં કોર્ટે આરોપીને દોષિત ઠેરવી આજીવન કેદની સજા કરી હતી.

આ કેસની વિગત મુજબ, ૨૪ ઓગસ્ટ ૨૦૨૨ના રોજ સચીન GIDC વિસ્તારમાં બરફ ફેક્ટરી ચાર રસ્તા પાસે આવેલા પ્રીતિ મોબાઈલ સામે શાકભાજીની લારી ચલાવતા આરોપી શત્રુઘ્ન શ્રીરામકિશુન નિષાદ અને બાગેશ્વર રાય ઉર્ફે હીરો વચ્ચે શાકભાજીના પૈસા બાબતે બોલાચાલી અને ઝઘડો થયો હતો. ઝઘડા દરમિયાન આરોપી શત્રુઘ્ને આવેશમાં આવી બાગેશ્વર રાય પર ચપ્પુ વડે પેટ અને શરીરના ભાગે ઉપરાછાપરી હુમલો કરી દેતા તેઓ લોહીલુહાણ થઈ ઢળી પડ્યા હતા. ઈજાગ્રસ્તને સારવાર અર્થે નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન ૨૫ ઓગસ્ટ ૨૦૨૨ના રોજ તેમનું મૃત્યુ નીપજ્યું હતું. આ કેસની સુનાવણી સુરત કોર્ટમાં ચાલી હતી સરકાર તરફે એપીપી દીપેશ દવેએ દલીલો કરી હતી. ફરિયાદ પક્ષ કેસ પુરવાર કરવામાં સફળ રહ્યો હતો. કોર્ટે આરોપીને દોષિત ઠેરવ્યો હતો.

# ઝઘડાનો વીડિયો બનાવતા યુવક પર હુમલો કરી મોબાઈલની લૂંટ

## રૂમમાં ઘૂસી આવેલા બે લોકો મોબાઈલ ઉપરાંત રોકડા રૂપિયા પણ લૂંટી ગયા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૧**

સુરતના લિંબાયત વિસ્તારમાં ઝઘડાનો વીડિયો બનાવવાનું એક યુવકને ભારે પડ્યું હતું. ઝઘડો કરી રહેલા બે શખ્સોએ યુવકના રૂમમાં ઘૂસી તેને ઢીકમુક્કીનો માર મારી મોબાઈલ ફોન અને રોકડ રકમ લૂંટી ફરાર થઈ ગયા હોવાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે. ફરિયાદ મુજબ, ૧૪ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ બપોરે આશરે ત્રણ વાગ્યાના અરસામાં ફરિયાદી ઈસ્તીખાર અહેમદ એઝાઝ અહેમદ સિદ્દીકી પોતાના વિસ્તારમાં હતો. આ દરમિયાન તાલીબ ઉર્ફે તલવાર અને આસીફ ઉર્ફે એમ.સી. નામના બે શખ્સો ઝઘડો કરી રહ્યા હતા. ફરિયાદીએ આ ઘટનાનો વીડિયો પોતાના મોબાઈલમાં ઉતારવાનું શરૂ કર્યું હતું. આ વાતથી ઉશ્કેરાયેલા બંને શખ્સો ફરિયાદીના બીજા માળે આવેલા રૂમમાં ઘૂસી ગયા હતા અને 'અમારો વીડિયો કેમ બનાવી રહ્યો હતો?' તેમ કહી ફરિયાદી સાથે ઝઘડો કર્યો હતો. ત્યારબાદ બંનેએ ફરિયાદીને ઢીકમુક્કીનો માર માર્યો હતો. દરમિયાન આરોપીઓએ ફરિયાદીના પેન્ટના ખિસ્સામાંથી વીવો કંપનીનો મોબાઈલ ફોન તથા રૂ.૨,૦૦૦ રોકડા કાઢી લીધા હોવાનો આક્ષેપ છે. ફરિયાદીના મામાના પુત્ર મોહમદ સાદાબ ત્યાં આવી બંને શખ્સોને ફરિયાદીને કેમ મારતા હોવાનું પૂછતાં આરોપીઓએ તેને પણ બિભત્સ ગાળો આપી માર મારવાનું શરૂ કર્યું હતું. ત્યારબાદ બંને શખ્સો ત્યાંથી ભાગવા લાગ્યા હતા. ભાગતી વખતે મોબાઈલ ફોન નીચે પડી ગયો હતો, પરંતુ રૂ.૨,૦૦૦ની રોકડ રકમ લઈને બંને ફરાર થઈ ગયા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. આ અંગે ફરિયાદી ઈસ્તીખાર અહેમદ સિદ્દીકીએ ૨૦ ઓગસ્ટે પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તાલીબ ઉર્ફે તલવાર અને આસીફ ઉર્ફે એમ.સી. વિરુદ્ધ ગુનો નોંધી બંને આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

# ભાજપ નેતા મુકેશ ગુજરાતી વિરૂદ્ધ સુરત વકીલ મંડળે ખોલેલો મોરચો

## મુકેશ ગુજરાતીએ કરેલી ટીપ્પણીને વખોડી કાઢતુ વકીલ મંડળ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૧**

ન્યાયતંત્ર અને જજ વિરુદ્ધ સોશિયલ મીડિયા પર અશોભનીય ટીપ્પણી કરનાર મુકેશ ગુજરાતી વિરૂદ્ધ હવે સુરત જિલ્લા વકીલ મંડળ પણ મેદાને આવ્યું છે. સુરત જિલ્લા વકીલ મંડળ આ મુદ્દે ગુજરાત હાઈકોર્ટ બાર એસોસિએશન સાથે મજબૂતીથી ઊભું છે અને તેમના દ્વારા લેવામાં આવનાર દરેક કાયદાકીય કાર્યવાહીમાં સંપૂર્ણ સહકાર આપવાની ખાતરી પણ આપી છે.

આ અંગે સુરત જિલ્લા વકીલ મંડળના પ્રમુખ ઉદય પટેલે જણાવ્યું હતું કે, સુરત જિલ્લા વકીલ મંડળ હંમેશા ન્યાયતંત્રની ગરિમા અને ન્યાયાધીશોની પ્રતિષ્ઠા જાળવવામાં વિશ્વાસ ધરાવે છે. મુકેશ ગુજરાતી દ્વારા સોશિયલ મીડિયા પર મૂકવામાં આવેલી આ પોસ્ટ અત્યંત ઉશ્કેરણીજનક અને અશોભનીય છે. ન્યાયતંત્ર સામે આવી ભ્રામક અને અપમાનજનક ભાષાનો પ્રયોગ કરવો એ કાયદાનું સ્પષ્ટ ઉલ્લંઘન છે. સુરત જિલ્લા વકીલ મંડળ આ કાયદા વિરોધી કૃત્યને સખત શબ્દોમાં વખોડી કાઢે છે. વધુમાં કાઉન્સીલ સભ્ય યતિન ઢાકેચાએ કહ્યું હતું કે, સોશિયલ મીડિયા પર ન્યાયતંત્ર વિશે કરવામાં આવેલી આ ટીપ્પણી અત્યંત ટીકાપાત્ર છે અને તે સંબંધિત વ્યક્તિની વિકૃત માનસિકતા દર્શાવે છે. આ બાબતે ગુજરાત હાઈકોર્ટ બાર એસોસિએશન દ્વારા જે પણ કાયદાકીય કડક કાર્યવાહી કરવામાં આવશે, તેમાં સુરત જિલ્લા વકીલ મંડળનો હંમેશાં પૂરેપૂરો સાથ અને સહકાર રહેશે."

પહેલા પાનાનું ચાલુ

યોગ્ય પ્રક્રિયા પર આધારિત હોવો જોઈએ, રાજકીય દબાણ પર નહીં.

પત્રમાં સહી કરનારાઓએ જણાવ્યું હતું કે ભાગવતની પ્રસ્તાવિત મુલાકાત કેનેડાના હિન્દુ સમુદાય માટે મહત્વપૂર્ણ છે, જે તેમના મતે દસ લાખથી વધુ છે.

તેઓએ RSS ને સમુદાય સેવા, સામાજિક પહેલ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને જાહેર પ્રવચનમાં સામેલ એક અગ્રણી ભારતીય સંગઠન તરીકે વર્ણવ્યું હતું.

પત્રમાં ભાગવત પર પ્રતિબંધ મૂકવાની હાકલ કરતા કહેવામાં આવ્યું હતું કે આવા પગલાથી પુરાવા, યોગ્ય પ્રક્રિયા, અભિવ્યક્તિની સ્વતંત્રતા, ધર્મની સ્વતંત્રતા અને કેનેડિયન કાયદા હેઠળ સમાન વર્તન અંગે ગંભીર પ્રશ્નો ઉભા થશે.સહી કરનારાઓના મતે, બે સાંસદોએ ભાગવત પર નફરતભર્યા ભાષણ, ધાર્મિક લઘુમતીઓ સામે હિંસાની હિમાયત, લક્ષિત ધમકીઓ આપવા અને ગુનાહિત અથવા સૂચિબદ્ધ આતંકવાદી સંગઠનો સાથે જોડાણ હોવાનો આરોપ લગાવ્યો છે.

પત્રમાં કહેવામાં આવ્યું હતું કે આ અત્યંત ગંભીર આરોપો છે અને તેને રાજકીય રેટરિક ગણવા જોઈએ નહીં અને સ્પષ્ટ, વિશ્વસનીય અને સ્વતંત્ર રીતે ચકાસાયેલ પુરાવા વિના તેને હકીકત તરીકે સ્થાપિત ન કરવા જોઈએ.

જૂથોએ મુલાકાતનો વિરોધ કરતા સાંસદો અને સંગઠનોને તેમના દાવાઓને સમર્થન આપવા માટે પુરાવા પ્રદાન કરવા કહ્યું. તેઓએ જણાવ્યું હતું કે કોઈપણ ઉપલબ્ધ સામગ્રીનું મૂલ્યાંકન સ્થાપિત કેનેડિયન કાનૂની અને સરકારી પ્રક્રિયાઓ દ્વારા થવું જોઈએ.

પત્રમાં એવા દાવાઓને પણ પડકારવામાં આવ્યા હતા કે ભાગવતની હાજરી "સામાજિક અશાંતિ" ફેલાવી શકે છે અથવા કેનેડિયન નાગરિકોને જોખમમાં મૂકી શકે છે.

### બૌધિક સંપદા

પેજ-૨ પાનાનું ચાલુ

વેચાણ,બજાર સાથે જોડાણ, બૌદ્ધિક સંપદા અધિકારો , જ્ઞાનપ્રદ સમાજની સંકલ્પના મુદ્દાઓ આવરી લેવાયા હતા

સેમિનારના અંતે વિદ્યાર્થીઓના ઉદ્યમ અને રોજગારી અંગે એક ખુલ્લો સંવાદ યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓના પ્રશ્નો અને તેના સંભવિત ઉકેલો વિશે ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત, સ્થાનિક સ્તરે ઉપલબ્ધ જૈવિક સંસાધનોની ઓળખ, તેને બજાર સાથે જોડવાની તકો , ઈન્ટર્નશિપ, ક્ષેત્રકાર્ય, સ્ટાર્ટઅપ અને પ્રત્યક્ષ ઉદ્યોગસાહસિકતાના અનુભવ અંગે તજજ્ઞો દ્વારા વિદ્યાર્થીઓ, ખેડૂતો અને ગ્રામ્ય યુવાનોને નવો રાહ ચીંધવામાં આવ્યો હતો. અંતમા વિભાગના અધ્યક્ષ ડો. દિપક ભોયેએ જણાવ્યુ કે, ગ્રામ અભ્યાસ વિભાગ અને સૃષ્ટિ સંસ્થા આગામી સમયમા શૈક્ષણિક સહયોગથી વિદ્યાર્થીલક્ષિ કામગીરી હાથ ધરવા પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

### મહિલા ઉદ્યોગ સાહસિકો

પેજ-૨ પાનાનું ચાલુ

પ્રતિનિધિમંડળે પ્રગતિ મેદાન સ્થિત ભારત મંડપમ?ની મુલાકાત લીધી હતી, જ્યાં સેલની ૧૧ મહિલા ઉદ્યોગસાહસિકોએ પ્રથમ વખત 'ભારતીય વ્યાપાર મહોત્સવ'માં ભાગ લીધો હતો. આ મહોત્સવમાં ભાગ લેવાથી મહિલા સાહસિકોને પોતાનાં ઉત્પાદનો અને સેવાઓને દેશભરના વિશાળ બજાર સમક્ષ રજૂ કરવાની તેમજ નવા બિઝનેસ કનેક્શન્સ સ્થાપિત કરવાની ઉત્તમ તક સાંપડી હતી.

કેન્દ્રીય મંત્રી સી. આર. પાટીલ અને ગ્રીસ એમ્બેસી સાથે બેઠક: ચાર દિવસીય પ્રવાસ દરમિયાન પ્રતિનિધિમંડળે દેશના પ્રથમ નાગરિકના નિવાસસ્થાન રાષ્ટ્રપતિ ભવનની મુલાકાત લીધી હતી. આ સાથે કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલ સાથે મુલાકાત કરી સ્થાનિક મહિલા ઉદ્યોગોના વિકાસ અંગે ચર્ચા કરી હતી. આ ઉપરાંત, આંતરરાષ્ટ્રીય સ્તરે એક્સપોર્ટ અને ટ્રેડ નેટર્વકિંગના ભાગરૂપે ગ્રીસ એમ્બેસીના બિઝનેસ એન્ડ ઈકોનોમિક અફેર્સના વડા મિસ ક્રિસા પ્રોકોપાકી સાથે વિશેષ બેઠક યોજી વૈશ્વિક વેપારની સંભાવનાઓ ચકાસી હતી.

ચેમ્બરના પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે આવા રાષ્ટ્રીય સ્તરના એક્સપોઝરથી મહિલા ઉદ્યોગકારોને માર્કેટ ટ્રેન્ડ્સ, સરકારી પોલિસીઓ અને વૈશ્વિક બિઝનેસ ઓપોર્ચ્યુનિટીઝનો સીધો અનુભવ મળે છે, જે તેમના વ્યવસાયને નવી ઊંચાઈ આપશે.

### ક્રૂડ ઓઈલ

પેજ-૨ પાનાનું ચાલુ

હતી તેના કરતાં પણ હાલ ક્રૂડના ભાવ બેરલ દીઠ અંદાજે ૨૫ ડોલર વધી ચૂક્યા છે.

ઊંચા ક્રૂડ ઓઈલના ભાવ અને ભારતમાં PTA તથા MEGની અછતને કારણે સ્થાનિક બજારમાં મેન-મેડ ફાઈબર (MMF) યાર્નના ભાવો બેફામ વધી રહ્યા છે. પોલિએસ્ટર યાર્નના ભાવો સતત વધવાથી સુરતના વણાટકારો (વિવર્સ) અને સમગ્ર ડાઉનસ્ટ્રીમ ટેક્સટાઈલ સેક્ટર માટે ઉત્પાદન ખર્ચ વધી જતાં વેપાર ચલાવવો આર્થિક રીતે અસક્ષમ બની ગયો છે.

૩ મહિના માટે કસ્ટમ્સ ડ્યુટી મુક્તિની માગણી: ચેમ્બર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ માંગણી કરવામાં આવી છે કે માત્ર PTA અને MEG જ નહીં, પરંતુ DTY, POY અને FDY પોલિએસ્ટર યાર્ન પર પણ બેઝિક કસ્ટમ્સ ડ્યુટી મુક્તિ આપવી જોઈએ. ૩ મહિના અથવા ક્રૂડ ઓઈલના ભાવો ઘટીને ૬૫ ડોલર પ્રતિ બેરલ કે તેથી નીચે સ્થિર ન થાય ત્યાં સુધી આ કસ્ટમ્સ ડ્યુટી મુક્તિ લંબાવવામાં આવે તેવી નમ્ર અપીલ કરવામાં આવી છે.

આ રજૂઆતની નકલ કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલ, ટેક્સટાઈલ સેક્રેટરી (IAS) શ્રીમતી નીલમ શમી રાવ, ટેક્સટાઈલ એડિશનલ સેક્રેટરી (IAS) શ્રીમતી આરતી કુંવર તેમજ પેટ્રોકેમિકલ્સ જોઈન્ટ સેક્રેટરી ડો. જી. વેંકટેશને પણ મોકલવામાં આવી છે.

### નવી સિવિલમાં

પેજ-૨ પાનાનું ચાલુ

ડૉ.પ્રયાગ મકવાણા, ન્યુરો સર્જન ડૉ.કેયુર પ્રજાપતિએ બ્રેઈન ડેડ જાહેર કર્યા હતાં. ત્યારબાદ ડૉ.નિલેશ કાછડીયા, કાઉન્સેલર નિર્મલાબેન કાથુડ, કાઉન્સેલરો, મેડીકલ ઓફિસર ડો.બરીરા, ડો.દિવ્યા, ડો.રાધીકા, ડો.સંસ્કૃતી દ્વારા તેમના પત્ની સુષ્માબેન અને ભાઈઓ તેમજ પરીવારના સભ્યોને અંગદાનનું મહત્વ સમજાવતાં સહમતિ આપી હતી.

બ્રેઈનડેડ પવનકુમાર સેનના હાર્ટને અમદાવાદની CIMS હોસ્પિટલ અને બન્ને કિડની તેમજ લીવરને KD હોસ્પિટલ-અમદાવાદ લઈ જવામાં આવી હતી. અંગદાન મહાદાન અભિયાનને જેમણે પ્રેરક જનજાગૃત્તિ અભિયાન બનાવ્યું છે તેવા અંગદાન ચેરિટેબલ ટ્રસ્ટના પ્રણેતા દિલીપદાદા દેશમુખનો પણ આ સેવાકાર્યમાં સહયોગ મળ્યો હતો. નવી સિવિલના ઈ.તબીબી અધિક્ષક ડૉ.પારૂલ વડગામાના માર્ગદર્શન હેઠળ ડોક્ટરો, નર્સિંગ સ્ટાફ, સુરક્ષા કર્મચારીઓ તથા સામાજિક કાર્યકરો, સ્વયંસેવકોએ આ અંગદાન પ્રક્રિયામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

છેલ્લા પાનાનું ચાલુ

### અમરોલી

નાખવાની ધમકી આપી આરોપી ત્યાંથી ફરાર થઈ ગયો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

ઘટનાને પગલે સગીરાના પરિવારજનોએ પોલીસનો સંપર્ક કરતા અમરોલી પોલીસે ૨૦ ઓગસ્ટના રોજ રાત્રે ગુનો નોંધ્યો હતો. પોલીસે પિયુષ ધનજીભાઈ મારૂ તથા તેના અજાણ્યા મિત્ર વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ ૧૧૫(૨), ૧૩૭(૨), ૩૫૧(૩), ૭૪, ૭૫(૨), ૭૮(૨), ૫૪ તેમજ પોક્સો એક્ટની કલમ ૭, ૮, ૯(i), ૧૦, ૧૧, ૧૨, ૧૬ અને ૧૭ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ૧૪ વર્ષની

ફરિયાદી બાદમાં અલગ-અલગ સ્થળે રહેવા ગઈ હતી ત્યાં પણ આરોપીએ તેનો પીછો કરી તેની મરજી વિરુદ્ધ શરીરસંબંધ બાંધ્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. વધુમાં ફરિયાદીના ન્યૂડ ફોટા તેમજ આરોપી ફરિયાદીની સેંથામાં સિંદૂર પૂરતો અને હાર પહેરાવતો હોય તેવા ફોટા ફરિયાદીના સમાજના ગ્રુપમાં વાયરલ કર્યા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

**નામ બદલેલ છે**

મારૂ જુનું નામ
મોહમ્મદ યુસુફ મોહમ્મદ અલાયુઇ મલિક હતું જે બદલીને
નવું નામ
મોહમ્મદ યુસુફ અલાઉદીન મલિક રાખેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.
સહી/- મોહમ્મદ યુસુફ અલાઉદીન મલિક
સરનામું :પ્લોટ-૯-૧૦,સર્વે-૩૭,સવેરા હાઉસ,સત્ય સાંઇ સોસાયટી, ભાઠેના, ઉધના, સુરત-૩૯૪૨૧૦

**નામ બદલેલ છે**

હું મારા સગીર પુત્રનું જુનું નામ
અસનાની નક્ષ સંજય હતું જે બદલીને
નવું નામ
અસનાની નક્ષ રાખેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.
પિતા સહી/- સંજુ અસનાની
સરનામું :B-૧૦૭, SNS સ્પ્લેન્ડિડ, હેપ્પી રેસીડેન્સી પાસે, વેસુ, ભીમરાડ, સુરત ગુજરાત-૩૯૫૦૧૭

**નામ બદલેલ છે**

મારૂ જુનું નામ
યુનુસ યુસુફ મોહમદ વલી પટેલ હતું જે બદલીને
નવું નામ
યુનુસ યુસુફ પટેલ રાખેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.
સહી/- યુનુસ યુસુફ પટેલ
સરનામું :૯૬૦, નાના માછીવાડ, વારિયાવ, સુરત સિટી, ગુજરત ૩૯૪૫૨૦ ઇન્ડિયા.

**નામ બદલેલ છે**

મારૂ જુનું નામ
સાહીના અકીલ સુરીઆ અને સાહીન સુરીઆ હતું જે બદલીને
નવું નામ
સાહીના અકીલ સુરીયા રાખેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.
સહી/- સાહીના અકીલ સુરીયા
સરનામું :૯૦૪, બિલ્ડ-સી, લાઇફસ્ટાઇલ ઝૈનાબ હોસ્પિટલ પાસે, મોરાર નગરની સામે, ગોરાટ, રાંદેર, સુરત-૩૯૫૦૦૫

**નામ બદલેલ છે**

મારૂ જુનું નામ
કાગઝી ઉઝૈર આસીફ અને મહમ્મદ ઉઝૈર આસિફ કાગઝી હતું જે બદલીને
નવું નામ
કાગઝી મહમ્મદ ઉઝૈર મોહંમદ આસીફ રાખેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.
સહી/- કાગઝી મહમ્મદ ઉઝૈર મોહંમદ આસીફ
સરનામું :૧૨/૧૯૪૪ ૧૯૪૬, એ૧ ગ્રાઉન્ડ ફ્લોર, મિર્ઝાશામી રોડ, અદ્બુસ દરગાહ પાસે, સૈયદપુરા, સુરત-૩૯૫૦૦૩

**નામ બદલેલ છે**

મારૂ જુનું નામ
અન્સારી હુમાબાનુ એમ અસ્લમ હતું જે બદલીને
નવું નામ
હુમાબાનુ મો અસ્લમ અન્સારી રાખેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.
સહી/- હુમાબાનુ મો અસ્લમ અન્સારી
સરનામું :૭/ ૧૬૭૮, સૈયદપુરા ટુંકી, પમ્પીગ સ્ટેસન, સૈયદપુરા, સુરત-૩૯૫૦૦૩

**નામ બદલેલ છે**

મારૂ જુનું નામ
મોહંમદશાકિર મોહંમદઅનવર મીસ્ત્રી હતું જે બદલીને
નવું નામ
શેખ મોહમ્મદ મુનવ્વર મોહમ્મદ અનવર રાખેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.
સહી/- શેખ મોહમ્મદ મુનવ્વર મોહમ્મદ અનવર
સરનામું :૧૨/૧૯૨૬, ગ્રાઉન્ડ ફ્લોર, કાલેબાવા એપાર્ટમેન્ટ, પ્રણામી મંદિર પાસે, સૈયદવાડા, સુરત-૩૯૫૦૦૩

**નામ બદલેલ છે**

મારૂ જુનું નામ
સૈયદ રાશીદ ઈબ્રાહીમ હતું જે બદલીને
નવું નામ
સૈયદ રાશીદ ઈબ્રાહીમ રાખેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.
સહી/- સૈયદ રાશીદ ઈબ્રાહીમ
સરનામું :૧ માળા, ફ્લેટ ૧૦૧, માહેરા પેલેસ, રેશમવાડ, સુરત

**નામ બદલેલ છે**

મારૂ જુનું નામ
આલમઅલી મોહમ્મદ સીદીક શેખ હતું જે બદલીને
નવું નામ
આલમઅલી મોહમ્મદ સિદ્દીક શેખ રાખેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.
સહી/- આલમઅલી મોહમ્મદ સિદ્દીક શેખ
સરનામું :પ્લોટ-૧૪, અમન સોસાયટી-૦૧, જીવન જ્યોત સિનેમાની પાછળ, ઉધના, સુરત-૩૯૪૨૧૦

**નામ બદલેલ છે**

મારૂ જુનું નામ
પરવિન મોહમ્મદ ઇકરામ શેખ. અને પરવિનબાનુ મોહમ્મદ ઇકરામ શેખ હતું જે બદલીને
નવું નામ
પરવીન મોહમ્મદ ઇકરામ શેખ. રાખેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.
સહી/- પરવીન મોહમ્મદ ઇકરામ શેખ.
સરનામું : PLOT-૧૨, ગજાનંદ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ભાઠેના, સુરત-૩૯૫૦૦૨

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 299-300/ Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
શુક્રવાર, તા.૨૧ ઓગસ્ટ ૨૦૨૬ | E-mail : pratap_darpan@yahoo.co.in | મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

# ભાવનગરના ઝેરી દારૂનો ભોગ બનેલો સુરતનો યુવક બ્રેઇન ડેડ

## સુરતમાં રહેતા યુવક સંજય દોડિયાએ ભાવનગરમાં રોયલ સ્ટેગની બોટલ ખરીદી દારૂ પીધો હતો

**સુરત,તા.૨૧**

સમગ્ર ગુજરાતને હચમચાવી મૂકનારા ભાવનગરના નકલી લઠ્ઠાકાંડની ગંભીર અસર હવે સુરતમાં પણ સામે આવી છે. ભાવનગરમાં ઝેરી દારૂ પીધા બાદ સુરત આવેલા મૂળ ભાવનગરના સંજયસિંહ દોડિયા નામના યુવકની તબિયત અત્યંત નાજુક બનતાં તેમને સુરતની ખટોદરા સ્થિત આઈએનએસ (INS) હોસ્પિટલમાં બ્રેઈન ડેડ જાહેર કરવામાં આવ્યા છે. છેલ્લા ત્રણ દિવસથી આઈસીયુમાં જીવન અને મરણ વચ્ચે ઝોલા ખાઈ રહેલા યુવકને હાલ વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યા છે અને આ અંગે પરિવારજનોને પણ જાણ કરી દેવાઈ છે.

સંજયસિંહ ૧૬ તારીખે રાત્રે ભાવનગરમાં દારૂ પીને ૧૭ તારીખે સવારે સુરત પહોંચ્યા હતા. સુરત આવતાની સાથે જ તેમની આંખો બંધ થઈ ગઈ હતી અને તબિયત એકાએક લથડી હતી. શરૂઆતમાં તેમને વરાછાની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા, જ્યાં રિપોર્ટ દરમિયાન તેમને સિરિયસ હાર્ટ એટેક આવી જતાં હૃદય બંધ પડી ગયું હતું. તબીબોએ સીપીઆર (CPR) આપીને હૃદય ધબકતું કર્યું હતું, પરંતુ ત્યારબાદથી તેઓ સતત બેભાન અવસ્થામાં સરી પડ્યા હતા.તબીબી તપાસમાં સામે આવ્યું હતું કે સંજયસિંહના મગજ સુધી પૂરતો ઓક્સિજન પહોંચી રહ્યો નહોતો. વધુમાં, નશાની તપાસ માટે કરાવેલા ખાસ રિપોર્ટમાં ઈથેનોલ અને મિથેનોલ પોઈઝનિંગની ગંભીર ઝેરી અસર હોવાનું સ્પષ્ટ થયું હતું. ઝેરી દારૂ પીધાના માત્ર ૮થી ૧૦ કલાકમાં જ ઝેર આખા શરીરમાં ફેલાઈ જતાં તેમની ન્યુરોલોજીકલ સ્થિતિ કથળી ગઈ હતી, જેથી તેમને તાત્કાલિક સુરતની જાણીતી ન્યુરો હોસ્પિટલ આઈએનએસમાં શિફ્ટ કરાયા હતા.આઈએનએસ હોસ્પિટલના ન્યુરો એક્સપર્ટ્સ દ્વારા સઘન સારવાર આપવા છતાં મગજ નિષ્ક્રિય થઈ જતાં તેમને આખરે બ્રેઈન ડેડ ઘોષિત કરાયા છે. હાલ શરીરના અન્ય મહત્ત્વના અંગો કાર્યરત રહે તે માટે તબીબો દ્વારા જરૂરી દવાઓ આપવામાં આવી રહી છે. ભાવનગરના લઠ્ઠાકાંડના કારણે યુવાન પુત્ર જિંદગી અને મોત વચ્ચે લટકતાં પરિવારજનોમાં ભારે આક્રંદ અને શોકનો માહોલ છવાઈ ગયો છે.ભાવનગરજિલ્લા કલેકટરે આજે ૨૧ ઑગસ્ટ સવારે ૩ વાગ્યા સુધીમાં અસરગ્રસ્તોના આંકડા જાહેર કર્યા છે. જેમાં નકલી દારૂના સેવનથી કુલ ૬૧ લોકો અસરગ્રસ્ત થયા છે, જેમાં ૮ લોકોના સારવાર દરમિયાન મોત થયા છે. ૧ દર્દી વેન્ટિલેટર પર અને ૪ દર્દીની હાલત ગંભીર હોવાનું સામે આવ્યું છે. તો હાલમાં ૨૫ દર્દી સારવાર હેઠળ છે, જેમાં ૧૫ દર્દીની તબિયત સ્થિર છે.લઠ્ઠાકાંડમાં અસરગ્રસ્તોની સંખ્યામાં વધારો થયો છે. એટલે કે ગઈકાલે ૨૦ ઑગસ્ટે વધુ ૫ અસરગ્રસ્તને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જો કે અત્યાર સુધીમાં ૧૦ દર્દીને સારવાર બાદ હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવ્યો છે. જ્યારે ૧૮ લોકો હોસ્પિટલમાં આવી ડોક્ટરની સલાહ લીધા બાદ પરત ફર્યા હોવાનું જિલ્લા કલેકટરે જણાવ્યું છે.

# દશા માતાના વ્રતની પૂર્ણાહૂતિ, રાત્રે મૂર્તિનું વિસર્જન

## તમામ મૂર્તિઓનું વિસર્જન કૃત્રિમ તળાવોમાં કરાશે

**પ્રતાપ પ્રતિનિધિ,સુરત,તા.૨૧**

સુરત શહેરમાં છેલ્લા દસ દિવસથી દશામાના પર્વને લઈને ભક્તિમય માહોલ જોવા મળ્યો હતો. વિવિધ વિસ્તારોમાં દશામાની મૂર્તિઓની સ્થાપના કરી ભક્તો દ્વારા દસ દિવસ સુધી ભક્તિભાવપૂર્વક પૂજા-અર્ચના અને વ્રત કરવામાં આવ્યા હતા. દશામાના પર્વની પૂર્ણાહુતિ નિમિત્તે આજે રાત્રે જાગરણ બાદ દશામાની મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવશે.

દશામાના ભક્તો દ્વારા રાત્રે જાગરણ અને ધાર્મિક કાર્યક્રમો યોજ્યા બાદ મોડી રાતથી વહેલી સવાર સુધી મૂર્તિઓના વિસર્જનની પ્રક્રિયા હાથ ધરાશે. મૂર્તિ વિસર્જન દરમિયાન મોટી સંખ્યામાં ભક્તો જોડાવાની શક્યતા હોવાથી શહેરના વિવિધ વિસ્તારોમાં પોલીસ અને વહીવટી તંત્ર દ્વારા જરૂરી વ્યવસ્થા ગોઠવવામાં આવશે.

પર્યાવરણની જાળવણીને ધ્યાનમાં રાખીને સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરના અલગ-અલગ વિસ્તારોમાં કૃત્રિમ તળાવો તૈયાર કરવામાં આવ્યા છે. દશામાની મૂર્તિઓનું વિસર્જન આ કૃત્રિમ તળાવોમાં જ કરવામાં આવશે. આ માટે મનપા દ્વારા વિસર્જન સ્થળો પર જરૂરી વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવી છે.

દસ દિવસ સુધી દશામાની ભક્તિમાં લીન રહેલા ભક્તો આજે વિસર્જન સાથે ભાવભીની વિદાય આપશે. મોડી રાતથી વહેલી સવાર સુધી વિવિધ વિસ્તારોમાંથી દશામાની મૂર્તિઓ વિસર્જન માટે કૃત્રિમ તળાવો ખાતે પહોંચશે. વિસર્જન પૂર્ણ થયા બાદ દશામાના પર્વની ભક્તિપૂર્ણ ઉજવણીનો અંત આવશે.

# પ્રેસની ઓળખ આપી છેતરપિંડી ઠગ રાજેન્દ્ર ચૌધરી રિમાન્ડ હેઠળ

## અસંખ્ય ગુનામાં લાંબા સમયથી ફરાર આરોપીને ઈકોસેલ પોલીસે શોધી કાઢ્યો

**પ્રતાપ પ્રતિનિધિ,સુરત,તા.૨૧**

સુરતમાં પ્રેસની ઓળખ આપી પાલિકામાં કોન્ટ્રાક્ટ અને નોકરી અપાવવાની લાલચથી કરોડો રૂપિયાની ઠગાઈ આચરનાર 'જનાદેશ'ના તંત્રી રાજેન્દ્ર ચૌધરીની ઈકોસેલે અટકાયત કરી ચાર દિવસના રિમાન્ડ મેળવ્યા છે.

ઈકોસેલ દ્વારા મળતી માહિતી અનુસાર, સુરત શહેરમાં પ્રેસ અને મીડિયાની ઓળખ આપી લોકો સાથે કરોડો રૂપિયાની ઠગાઈ આચરનાર 'જનાદેશ' ન્યુઝ પેપર તથા ચેનલના તંત્રી રાજેન્દ્ર દીનકર ચૌધરી (ઓફીસ-૩૨/૧, મહાત્માવાડી, બેલા ફેશન નજીક ખટોદરા રહે.પ્લોટ નં.૫૨, રતપ્રભા સોસાયટી, પરવતગામ લિંબાયત) ની આર્થિક ગુના નિવારણ શાખા (ઈકોસેલ) દ્વારા અટકાયત કરવામાં આવી છે. આરોપી રાજેન્દ્રએ સુરત મહાનગરપાલિકામાં બીઆરટીએસ બસ રૂટની રેલીગ બનાવવાનો કોન્ટ્રાક્ટ અપાવવાની લાલચ આપી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાનો બોગસ ડીડી બતાવી ફરિયાદી ચંદ્રકાંત નિકુંભ પાસેથી ૧.૮૪ કરોડથી વધુની રકમ પડાવી લીધી હતી. આ સિવાય, પોતાના અખબારમાં પાલિકાની નોકરીની જાહેરાત આપી ૧૬ જેટલા વ્યક્તિઓને નોકરી અપાવવાના બહાને ૨.૪૨ કરોડથી વધુ તેમજ અડાજણ ખાતે મકાન અપાવવાના નામે ૧.૫૦ લાખ મળી કુલ ૨.૪૪ કરોડથી પણ વધુની ઠગાઈ આચરી હતી. ખટોદરા પોલીસ મથકે નોંધાયેલા બેઅલગ-અલગ ગુનાઓમાં ઈકોસેલે ઝડપી પાડેલા આ આરોપી વિરુદ્ધ અગાઉ પણ અડાજણ પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીનો ગુનો અને અનેક ચેક બાઉન્સના કેસો નોંધાયેલા છે. હાલ કોર્ટે આરોપીના તા.૨૪ ઓગસ્ટ સુધીના પોલીસ કસ્ટડી રિમાન્ડ મંજૂર કર્યા છે. ઈકોસેલ દ્વારા આરોપી રાજેન્દ્રની વધુ પૂછપરછ હાથ ધરવામાં આવી રહી છે.

# સુરતના ૨૦૦થી વધુ લોકોના ડ્રાઈવિંગ લાયસન્સ અટવાયા

## એઆઈ આધારિત ડ્રાઇવિંગ ટેસ્ટ સિસ્ટમના અમલ પહેલાં મેન્યુઅલ ટેસ્ટ આપનારા અરજદારો અટવાયા

**પ્રતાપ પ્રતિનિધિ,સુરત,તા.૨૧**

નવસારીઃ નવસારી RTOમાં ૧ જૂન ૨૦૨૬થી ડ્રાઈવિંગ ટેસ્ટ માટે AI આધારિત નવી પદ્ધતિ અમલમાં મૂકવામાં આવી છે. જોકે, આ નવી વ્યવસ્થાના અમલ વચ્ચે જૂની મેન્યુઅલ પદ્ધતિથી ડ્રાઈવિંગ ટેસ્ટ આપી ચૂકેલા સુરતના ૨૦૦થી વધુ અરજદારોના પાકા ડ્રાઈવિંગ લાયસન્સની પ્રક્રિયા અટવાઈ જતાં અરજદારો મુશ્કેલીમાં મુકાયા છે.

મળતી માહિતી મુજબ સુરતમાં રહેતા ૨૦૦થી વધુ લોકોએ ૧ જૂન ૨૦૨૬ પહેલાં અલગ-અલગ તારીખે નવસારી RTO ખાતે મેન્યુઅલ ડ્રાઈવિંગ ટેસ્ટ આપી હતી. આ પૈકી અનેક અરજદારો ટેસ્ટમાં પાસ પણ થઈ ગયા હતા. જોકે, ટેસ્ટ પાસ થયા બાદ લાયસન્સની પ્રક્રિયામાં જરૂરી approval બાકી રહી ગયું હતું. દરમિયાન ૧ જૂનથી નવસારી RTOમાં AI આધારિત નવી ટેસ્ટિંગ વ્યવસ્થા અમલમાં આવી જતા જૂની મેન્યુઅલ ટેસ્ટના આધારે હવે approvalની પ્રક્રિયા આગળ વધારવામાં મુશ્કેલી પડી રહી હોવાનું અરજદારોનું કહેવું છે. અરજદારોના જણાવ્યા મુજબ RTO તરફથી કેટલાક કિસ્સામાં ફરીથી સમગ્ર પ્રક્રિયા કરવા માટે જણાવવામાં આવી રહ્યું છે. એટલે કે અગાઉ ફી ચૂકવીને મેન્યુઅલ ટેસ્ટ આપી પાસ થઈ ચૂકેલા અરજદારોએ ફરી ટેસ્ટ સહિતની પ્રક્રિયામાંથી પસાર થવું પડે તેવી સ્થિતિ ઊભી થઈ છે. આના કારણે અરજદારોનો સમય અને નાણાં બંનેનો વ્યય થવાની સાથે ફરી ટેસ્ટમાં પાસ થશે કે નહીં તેની પણ અનિશ્ચિતતા ઊભી થઈ છે.

### વહીવટી પ્રક્રિયામાં ફેરફાર થતા અરજદારો ફસાયા

લર્નર્સ લાયસન્સ મેળવ્યા બાદ નિયમિત સમયગાળો પૂર્ણ થયા પછી અરજદાર પાકા ડ્રાઈવિંગ લાયસન્સ માટે અરજી કરે છે. ત્યારબાદ નિયમ મુજબ ડ્રાઈવિંગ ટેસ્ટ આપવાની હોય છે. ટેસ્ટ પાસ થયા બાદ લાયસન્સની પ્રક્રિયા પૂર્ણ થવાની રાહ જોવી પડે છે. આ સમગ્ર પ્રક્રિયામાં અરજદાર જરૂરી ફી અગાઉથી ચૂકવી ચૂક્યો હોય છે અને ટેસ્ટ પણ આપી ચૂક્યો હોય છે. હવે માત્ર વહીવટી પ્રક્રિયામાં approval બાકી રહી જવાના કારણે અરજદારને ફરીથી સમગ્ર પ્રક્રિયામાં જવું પડે તો ફરી ફી ચૂકવવી, ફરી ટેસ્ટ આપવો અને સમય ફાળવવો પડે તેવી સ્થિતિ સર્જાય છે. પ્રશ્ન માત્ર ડ્રાઈવિંગ લાયસન્સનો નથી, પરંતુ નાગરિકના સમય અને નાણાં બંનેનો છે. સિસ્ટમ બદલવાનો નિર્ણય તંત્રનો હતો. અરજદારે જે દિવસે મેન્યુઅલ ટેસ્ટ આપી હતી, તે દિવસે અમલમાં રહેલા નિયમો અને પદ્ધતિ મુજબ જ ટેસ્ટ આપી હતી. ત્યારે સિસ્ટમ બદલાયા બાદ તેની અસરનો બોજ અરજદાર પર કેમ નાખવામાં આવે તેવો સવાલ અરજદારો ઉઠાવી રહ્યા છે. AI આધારિત ટેસ્ટિંગ વ્યવસ્થા વધુ પારદર્શક અને ટેક્નોલોજી આધારિત બને તે આવકાર્ય છે, પરંતુ નવી પદ્ધતિ લાગુ કરતી વખતે જૂની પદ્ધતિ હેઠળ ટેસ્ટ આપી ચૂકેલાઅરજદારો માટે યોગ્ય ટ્રાન્ઝિશન વ્યવસ્થા હોવી પણ જરૂરી છે. અરજદારોની માગ છે કે નવસારી RTO તેમજ રાજ્યના પરિવહન વિભાગ દ્વારા સ્પષ્ટતા કરવામાં આવે કે ૧ જૂન પહેલાં મેન્યુઅલ ટેસ્ટ આપી પાસ થયેલા અને માત્ર approvalની રાહ જોઈ રહેલા અરજદારોના લાયસન્સ અંગે શું નિર્ણય લેવામાં આવશે.

# ધંધો સેટ કરીને દેવાની લાલચ આપી મહિલા પર બળાત્કાર

## મૈત્રી કરાર કરવાનો યુવકે ઈન્કાર કરતા પોલીસ ફરિયાદ

**પ્રતાપ પ્રતિનિધિ,સુરત,તા.૨૧**

સુરતના વરાછા વિસ્તારમાં એક મહિલાએ ચેતનભાઈ ધીરૂભાઈ સુખડિયા વિરુદ્ધ ગંભીર આક્ષેપો સાથે પોલીસ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, ચેતન સુખડિયાએ ફોન પર વાતચીત કરી મહિલાની સાથે મિત્રતા કેળવી બાદમાં પ્રેમસંબંધ બાંધ્યો હતો. ત્યારબાદ મૈત્રી કરાર કરી આપવાની તેમજ ધંધો સેટ કરી આપવાની લાલચ આપી મહિલાને વિશ્વાસમાં લીધી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

ફરિયાદ મુજબ, વર્ષ ૨૦૧૨ના જૂન મહિનાથી આજદિન સુધીના સમયગાળા દરમિયાન આરોપીએ મહિલાને અલગ-અલગ વચનો આપી તેની સાથે વારંવાર શરીરસંબંધ બાંધ્યો હતો. મહિલાએ મૈત્રી કરાર કરવા અંગે વાત કરતાં આરોપી અલગ-અલગ બહાના બનાવી કરાર કરવાનું ટાળતો રહ્યો હતો.

સમય જતાં મહિલાએ આરોપી પાસે મૈત્રી કરાર કરવા અંગે આગ્રહ કરતા મામલો ઉગ્ર બન્યો હતો. ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે આરોપીએ મહિલાને તથા તેના પરિવારજનોને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારબાદ આરોપી મહિલાને છોડીને જતો રહ્યો હોવાનું પણ ફરિયાદમાં જણાવાયું છે.

સમગ્ર ઘટનાને લઈને મહિલાએ ૨૦ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ સાંજે વરાછા પોલીસનો સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પોલીસે ચેતનભાઈ ધીરૂભાઈ સુખડિયા, રહે. સ્વાતિ સોસાયટી, ચીકુવાડી, વરાછા, સુરત વિરુદ્ધ ગુનો નોંધી સમગ્ર મામલે તપાસ શરૂ કરી છે. પોલીસે ફરિયાદમાં કરાયેલા આક્ષેપોની હકીકત જાણવા માટે વધુ તપાસ હાથ ધરી છે.

# અમરોલીમાં છોકરીને બળજબરીથી બાઈક પર બેસાડી માર મરાયો

## લગ્ન નહીં કરે તો પરિવારને મારી નાખવાની યુવકે ધમકી આપી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૨૧**

સુરતના અમરોલી વિસ્તારમાં સગીરાને છેલ્લા છ મહિનાથી હેરાન કરતા યુવક સામે ગંભીર ગુનો નોંધાયો છે. અમરોલી પોલીસ સ્ટેશનમાં પિયુષ ધનજીભાઈ મારૂ તથા તેના એક અજાણ્યા મિત્ર સામે ભારતીય ન્યાય સંહિતા અને પોક્સો એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

ફરિયાદ મુજબ, ૧૬ ઓગસ્ટના રોજ આશરે બપોરે એક વાગ્યે પિયુષ મારૂ તેના એક મિત્ર સાથે તારવાડી આરોગ્ય કેન્દ્રની બાજુમાં છાપરાભાઠા રોડ પર આવ્યો હતો. અહીં તેણે ફરિયાદીની દીકરીને બળજબરીથી મોટરસાઈકલ પર વચ્ચે બેસાડી દીધી હતી. ત્યારબાદ સગીરાને પગમાં ચીપટા ભર્યા હતા તેમજ મોઢા પર મુક્કો માર્યો હતો અને હાથ પર બચકું પણ ભર્યું હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

આ પછી બંને સગીરાને કડોદરા રોડ તરફ લઈ ગયા હતા અને રસ્તા પર ઉતારી દીધી હતી. આરોપીએ સગીરાને આ સમગ્ર બાબતે કોઈને જાણ નહીં કરવા ધમકી આપી હતી. તેમજ તેના પિતાને તેની સાથે લગ્ન કરાવી દેવા માટે દબાણ કર્યું હતું. જો લગ્ન નહીં કરાવે તો સગીરા, તેના પિતા અને ભાઈ ત્રણેયને મારી

અનુસંધાન પાના ૭ પર

# ૧૪ વર્ષની છોકરીને બ્લેક મેઈલ કરી યુવકે ગુજારેલો બળાત્કાર

## કિશોરીનો વિડિયો અને ન્યૂડ ફોટા વાયરલ કરવાની ધમકી આપી વારંવાર દુષ્કર્મ

**પ્રતાપ પ્રતિનિધિ,સુરત,તા.૨૧**

સુરતના લસકાણા વિસ્તારમાં સગીરાવયથી યુવતીનું શોષણ કરવાના ગંભીર આક્ષેપ સાથે પોલીસે એક વ્યક્તિ સામે ગુનો નોંધ્યો છે. લસકાણા પોલીસ સ્ટેશનમાં મામૈયા તોગાભાઈ વાટુકીયા, રહે. સહજાનંદ સોસાયટી, લંબે હનુમાન રોડ, સુરત વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા, પોક્સો એક્ટ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

ફરિયાદ મુજબ, વર્ષ ૨૦૧૯માં ફરિયાદીની ઉંમર ૧૪ વર્ષની હતી. તે સમયે આરોપીએ ફરિયાદીના માતા-પિતા સાથે ઘરોબો કેળવ્યો હતો અને અવારનવાર તેમના લસકાણા સ્થિત ઘરે આવતો હતો. દરમિયાન આરોપીએ ફરિયાદીએ તેના મિત્ર સાથે કરેલી વોટ્સએપ ચેટના સ્ક્રીનશોટ મેળવી લીધા હતા. આ સ્ક્રીનશોટ વાયરલ કરવાની ધમકી આપી આરોપીએ ફરિયાદી પાસે શરીરસંબંધ બાંધવાની માંગ કરી હતી.

ફરિયાદીએ ઈનકાર કરતાં આરોપીએ તેની મરજી વિરુદ્ધ બળજબરીથી શરીરસંબંધ બાંધી દુષ્કર્મ કર્યું હોવાનો આક્ષેપ છે. એટલું જ નહી, આરોપીએ આ ઘટનાનો વીડિયો પણ ઉતારી લીધો હતો અને વીડિયો વાયરલ કરવાની ધમકી આપી ફરિયાદી સાથે વારંવાર મરજી વિરુદ્ધ શરીરસંબંધ બાંધ્યો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

અનુસંધાન પાના ૭ પર

# કંપનીના નામે ખરીદેલો માલ બારોબાર વેચી મારી રૂા.૧૫.૫૧ કરોડની છેતરપિંડી

## બે કર્મચારીઓએ કાપડના માલ બારોબાર વેચી મારી કંપનીને જંગી રકમનું આર્થિક નુકસાન કરાતા પોલીસ ફરિયાદ

**પ્રતાપ પ્રતિનિધિ,સુરત,તા.૨૧**

સુરતમાં કાપડના વેપાર સાથે સંકળાયેલી કંપની સાથે રૂ.૧૫.૫૭ કરોડથી વધુની છેતરપિંડી અને વિશ્વાસઘાત થયાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે. કંપનીના માલિક હિરેનભાઈ અશોકભાઈ કપાસીયાવાલાએ પોતાની કંપનીમાં નોકરી કરતા તોરલ ચિરાગ બારોટ અને ચિરાગ સુનીલ બારોટ વિરુદ્ધ ગંભીર આક્ષેપો સાથે ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદ મુજબ, બંને આરોપીઓ કંપનીમાં નોકરી કરતા હતા અને નોકરી દરમિયાન જ કથિત રીતે ગુનાહિત કાવતરું રચ્યું હતું. વેપાર સંબંધે કંપનીનો વિશ્વાસ અને ભરોસો કેળવી અલગ-અલગ સમયે કાપડનો માલ વેચાણ કરવા માટે ખોટા અને બનાવટી ચલણ તૈયાર કર્યા હતા. ત્યારબાદ માલ મોકલી તેનું પેમેન્ટ નહીં આપવાના ઈરાદે બોગસ UTR ટ્રાન્ઝેક્શનના સ્ક્રીનશોટ તેમજ ખોટી બેંક સ્લીપ કંપનીને મોકલી હતી.

ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે આરોપીઓએ કંપનીના નામે ખરીદેલો કાપડનો માલ પણ કંપનીની જાણ બહાર અન્ય વેપારીઓને બારોબાર વેચી નાખ્યો હતો અને તેની રકમ પોતે મેળવી લીધી હતી. આ રીતે કંપની પાસેથી વેચાણ કરાયેલા માલની કુલ રૂ.૧૦, ૬૨,૮૯,૪૧૬ની રકમ તેમજ કંપનીના નામે બહારની વેપારી પાર્ટીઓ પાસેથી ખરીદેલા માલને બારોબાર વેચી મેળવેલી રૂ.૪,૯૪,૧૧,૭૧૦ની રકમ મેળવી લીધી હોવાનો આક્ષેપ છે.

બંને રકમ મળીને કુલ રૂ.૧૫,૫૭,૦૧,૧૨૬ની રકમનો કંપની સાથે ગુનાહિત વિશ્વાસઘાત કરવામાં આવ્યો હોવાની ફરિયાદમાં જણાવાયું છે. આ સમગ્ર ઘટના ૨૧ ફેબ્રુઆરી ૨૦૨૬થી ફરિયાદ નોંધાય ત્યાં સુધીના સમયગાળા દરમિયાન પ્લોટ નં.૩થી ૫, ઈન્ડસ હાઉસ, મરઘીવાલા કમ્પાઉન્ડ, કોમલ સર્કલ પાસે, બમરોલી રોડ ખાતે બની હોવાનું ફરિયાદમાં નોંધાયું છે.

૨૦ ઓગસ્ટે ફરિયાદ નોંધાતા પોલીસે બંને આરોપીઓ સામે ગુનો નોંધી સમગ્ર વ્યવહારો, બોગસ દસ્તાવેજો, બેંક ટ્રાન્ઝેક્શન અને માલના વેચાણ અંગે તપાસ શરૂ કરી છે. તપાસ દરમિયાન અન્ય કોઈ વ્યક્તિની સંડોવણી બહાર આવે તો તેની સામે પણ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

# કિશોરી પર બળાત્કાર કેસમાં રિક્ષા ચાલકને ૨૦ વર્ષની કેદ

## ગંભીર ગુનામાં આરોપીને સખદ કેદની સજા કરતી કોર્ટ

**પ્રતાપ પ્રતિનિધિ,સુરત,તા.૨૧**

સુરતની સ્પેશિયલ પોક્સો અદાલતે ૧૪ વર્ષીય સગા સંબંધમાં આવતી નાબાલિકા સાથે વારંવાર દુષ્કર્મ આચરવાના ગંભીર ગુનામાં ૨૧ વર્ષીય રિક્ષાચાલકને ૨૦ વર્ષની સખત કેદની સજા સંભળાવી હતી.

નોંધાયેલી ફરિયાદ મુજબ, સપ્ટેમ્બર ૨૦૨૩માં કાપોદ્રા પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતી ધોરણ-૯ની વિદ્યાર્થીનીને આરોપીએ લગ્નની લાલચ આપી પોતાના ઘરે બોલાવી શારીરિક શોષણ કર્યું હતું. આ અંગે ઓક્ટોબર ૨૦૨૩માં કાપોદ્રા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. ગુનો આચર્યા બાદ નાસતા ફરતા આરોપીની માર્ચ ૨૦૨૫માં ધરપકડ કરવામાં આવી હતી.કેસની સુનાવણી દરમિયાન સરકારી વકીલ વી. એલ. ફાળદુની દલીલો, પીડિતાનું નિવેદન, શાળાનુ બોનાફાઈડ સર્ટિફિકેટ તેમજ મેડિકલ પુરાવાઓને આધારે અદાલતે આરોપીને દોષિત ઠેરવ્યો હતો. અદાલતે નિર્દેશ આપ્યો છે કે દંડની રૂ. ૫૦,૦૦૦ રકમ પીડિતાને ચૂકવવામાં આવે. ઉપરાંત, 'ગુજરાત વિક્ટિમ કોમ્પેન્સેશન સ્કીમ-૨૦૧૯' હેઠળ પીડિતાને રૂ. ૪,૦૦,૦૦૦નું વળતર ચૂકવવાનો પણ હુકમ કરવામાં આવ્યો હતો.


## જાહેર ચેતવણી/જાહેર નોટિસ



જાહેર જનતા તથા તમામ સરકારી, અર્ધસરકારી કચેરીઓ, બેંકો, નાણાકીય સંસ્થાઓ, વેપારીઓ અને સંબંધિત તમામ વ્યક્તિઓને જાણ કરવામાં આવે છે કે અમારા ૨ પુત્રો પૈકી બીજા નંબરનો પુત્ર **સાઅદ ગુલામ મોહયુબદ્દીન શેખ,** ઉ.વ. ૨૮ વર્ષ, ધંધો : મજૂરીકામ, રહે. ચંપા મસ્જિદ પાસે, ભાગાતલાવ, સુરત, છેલ્લા ઘણા વર્ષોથી અસામાજિક તથા કાયદા વિરુદ્ધની પ્રવૃત્તિઓમાં સંડોવાયેલ હોવાથી તથા અમારા વારંવાર સમજાવવા છતાં અમારા કહ્યામાં ન રહેતા, આજથી તેને અમારા રહેઠાણમાંથી અલગ કરવામાં આવેલ છે તથા તેની સાથેનો તમામ પારિવારિક, સામાજિક, આર્થિક અને વ્યવહારિક સંબંધ સમાપ્ત કરવામાં આવેલ છે.

ઉપરોક્ત પુત્ર **સારાદ ગુલામ મોહયુબદ્દીન શેખ** સાથે કોઈપણ વ્યક્તિ દ્વારા કરવામાં આવતા નાણાકીય, મિલકતી, કાનૂની, વ્યાવસાયિક, સામાજિક અથવા અન્ય કોઈપણ વ્યવહાર, દેવું, ધિરાણ, લોન, જામીનગીરી, કરાર કે કાયદા વિરુદ્ધના કૃત્ય સાથે અમારો કે અમારા પરિવારનો કોઈ સંબંધ, સંડોવણી કે જવાબદારી રહેશે નહીં. અમારા નામે અથવા અમારી મિલકત અંગે અમારી લેખિત સંમતિ વિના કરવામાં આવેલ/આવતા કોઈપણ વ્યવહાર અમોને બંધનકર્તા નથી અને રહેશે નહીં.

આથી જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે ઉપરોક્ત વ્યક્તિ સાથે કોઈપણ જાતના વ્યવહાર કરેલ હોય, કર્યા હોય કે કરે તો તેની સંપૂર્ણ જવાબદારી તેઓની છે અને રહેશે. તેમજ તમામ નુકસાન, જવાબદારી તથા વિવાદ માટે સંબંધિત વ્યક્તિ પોતે જ જવાબદાર છે અને રહેશે.

**સ્થળ : સુરત**
**તારીખ :**
**મારી સૂચનાથી**
ગુલામ મોહયુદ્દીન

**મારી સૂચનાથી**
**(એડવોકેટ) મો.ફેસલ મો.અશફાક નચ્છુ**
**તે ગુલામ મોહયુબદ્દીન અબદુલ રઝાક શેખના એડવોકેટ**
સરનામું : બ્લોક નં.૧૦, પહેલો માળ, ફઝલ એપાર્ટમેન્ટ પાસે, મુગલીસરા, સુરત

